
ગરુડ (નંદલાલ વસુ)



સળંગ અંક ૫૧૦

કુમાર


આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૩મું · જૂન ૧૯૬૬

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત







આપણા રાજ્ય-બંધારણની હસ્તલિખિત અને સુશોભનમંડિત કલાત્મક પ્રતનાં વિવિધ પ્રકરણોનાં મથાળાં માટે કલાચાર્યશ્રી નંદલાલ વસુ તથા શાન્તિનિકેતનના અન્ય કલાકારોએ કરેલાં, આપણા સાંસ્કૃતિક ઇતિહાસનાં કેટલાંક પ્રસંગાલેખનો. મથાળેથી: (૧) મહાબલિપુરમ(દક્ષિણમાં)નાં પ્રાચીન શિલ્પો પર આધારિત પુરાણ-પ્રસંગ: 'ભગીરથની તપશ્ચર્યાને અંતે ગંગાનું અવતરણ', (૨) રામાયણ-પ્રસંગ: 'લંકાવિજય બાદ સીતાને પાછી લઈ વળતા રામ-લક્ષ્મણ', (૩) મહાભારત-પ્રસંગ: 'કુરુક્ષેત્ર પર વિષાદગ્રસ્ત અર્જુનને શ્રીકૃષ્ણનો ગીતાબોધ'.

હરસ-મસાથી
પીડાતા દર્દીઓ
તમો આખરી ઉપાય - ઓપરેશન - વિચારો તે
પહેલાં.,.
"ચરક"ની
ફુરોપાઈલ્સ
ટીકડી
જરૂર વાપરી જુઓ... માત્ર ૧૦ ટીકડીનો
કોર્સ,૧૦ દિવસ લેવાથી તમારા...
લીલા-સૂકા, દુઝતા-ફૂલેલા-દુખતા
લોહીવાળા અંદરના-બહારના હરસ-
મસાના અસહ્ય દર્દમાં તાત્કાલિક
ફાયદો કરી આરામ આપે છે.
૧૦ ટીકડીના કોર્સનાં રૂ. ૧.૫૦
દરેક દવાવાળા વેપારીને ત્યાં મળે છે
વી.પી. (પોસ્ટેજ) થી મોકલીએ છીએ.
ચરક ફાર્માસ્યુટીકલ્સ
મુંબઈ



તમારી સેવામાં
સતત અને સર્વત્ર હાજર રહેતી

શક્તિ:
બત્તી અને પંખા, ટેલિફોન અને ટેલિગ્રાફ, રેડિયો અને રેફ્રિજરેટર સિનેમા અને ટેલિવિઝન જેવાં સુખસગવડ અને મનોરંજનનાં સાધનો ચલાવી આપનારી માનવીની આજ્ઞાંકિત ને પ્રામાણિક દાસી

વીજળીની સચિત્ર કથા
આર્નોલ્ડ મૅન્ડલબમના મૂળ અંગ્રેજી પરથી
અનુવાદક:
બિહારીલાલ ટાંક ('કુમાર'ના ઉપસંપાદક)
કુમાર કાર્યાલય લિ. અમ૦-૧
કિં.રૂ.૨-૦, પો. ૦-૪૫, રજિ.સાથે ૦-૫૫

અનુક્રમણિકા

જૂન ૧૯૬૬ · અંક ૫૧૦

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

'કુમાર'માંનાં સર્વ લખાણો ચિત્રો ને ફોટો કૉપીરાઈટથી રક્ષિત છે.

વાચકો લખે છે

'કુમાર'નાં આકર્ષણ અને વૈશિષ્ટ્યમાં 'કુમાર'ની જોડણી-મુદ્રણ શુદ્ધતાનું મહત્ત્વનું સ્થાન છે. પણ બેએક વાતો ક્યારથી મનમાં પ્રશ્નાર્થરૂપે પડેલી છે:

૧) ગુજરાતીની જોડણી દરેકેદરેક કિસ્સામાં નિર્વિવાદ નથી એ કબૂલ. પણ એ નથી સમજાતું કે કર્મણિભૂતકૃદંતમાં આવતા પ્રત્યયી 'યે'ની જગાએ 'કુમાર'માં 'એ' કેમ મુકાય છે.

૨) અંગ્રેજી કે અન્યભાષી શબ્દોનાં બને એટલાં યથાર્થ ઉચ્ચારણ સૂચવવા 'કુમાર'ના વિશિષ્ટ જોડણીના પ્રયાસો સમજી શકાય છે. પણ એ પ્રયત્ન સ્વાભાવિકરીતે જ સાર્વત્રિક રીતે શક્ય ન હોઈ 'કુમાર'માં પણ સાર્વત્રિક રીતનો નથી. તો પછી ગણ્યાગાંઠ્યા શબ્દોની જ બાબતમાં (દા. ત. ટેલિવિસ્ઝન) આ વિશિષ્ટ આગ્રહ શા માટે? અંગ્રેજી-વિદેશી શબ્દોનું યથાર્થ ઉચ્ચારણ ગુજરાતી જેવી બહુધા ઉચ્ચારણક્ષમ ભાષા માટે પણ હમેશ શક્ય નથી. પેરિસનું ફ્રેન્ચમાં પારી હશે અને કૈરોનું કાહિરા હશે એ સાચું, પણ આ કેડીએ કેટલે દૂર જવું?

(વડોદરા) —સત્યપાલ સંઘવી

[આ બાબતનો ખુલાસો અગાઉ કર્યો છે; છતાં હમણાં 'પુસ્તકાલય'ના તંત્રીલેખમાં યે આ પ્રશ્ન ચર્ચ્યો છે એટલે ફરી કરીએ:

૧) જોડણીની બાબતમાં મૂળની બને તેટલા નજીક જવાનો આગ્રહ રાખ્યો છે. કર્મણિ ભૂતકૃદંતમાં મૂળ ધાતુને લાગતો પ્રત્યય 'એલું' છે, 'યેલું' નહિ. દા. ત. કરવું–'કર' ધાતુ + એલું = કરેલું. એ જ રીતે જોવું–'જો' ધાતુ + 'એલું' = 'જોએલું' એ જ શુદ્ધ ગણાય. 'એ'-માંથી 'યે' તો ઉચ્ચારણનો બીજો તબક્કો થયો.
૨) અંગ્રેજી, ફ્રેન્ચ, ફારસી આદિના શબ્દોના ઉચ્ચારણમાં પણ એ જ પદ્ધતિ રાખી છે. 'ઝાડ' 'ગઝ઼લ' અને ટેલિવિશ્ઝન'માંના પ્રત્યેક 'ઝ'નો ઉચ્ચાર અલગઅલગ છે. 'ખ્યાલ' શબ્દ પ્રચલિત ભલે રહ્યો, પણ મૂળ 'ખયાલ' વાપરવાથી અર્થફેર થયા વિના શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થતું હોય તો તેનો આગ્રહ શા માટે ન રાખવો? અંગ્રેજી ઉચ્ચારો તે ભાષાના માન્ય શબ્દકોષ અનુસાર બને ત્યાં સુધી રખાય છે. પ્રચલિત 'હૉસ્પિટલ'ને બદલે ઑસ્પિટલ' જ શુદ્ધ છે એની સાબિતી તો ગુજરાતીમાં થએલો 'ઇસ્પિતાલ' શબ્દ છે ('હિસ્પિતાલ' નથી થયો.) 'મેરી ઍન્ટૉઇનેટ' અને 'ડૉન કિવક્ઝોટ'ને બદલે એના સાચાઉચ્ચાર 'મારી આંત્વાનેત' અને 'દોન કિહોતે' રાખવાથી એમને ન્યાય થાય છે. એ જ રીતે 'ઍન્ડ્રે મૅરૉઇસ', 'સોમરસેટ મોઘામ' કે 'ઈવલીન વૅાઘ' કે 'વાઘ'ને બદલે તેનાં શુદ્ધ રૂપ 'આન્દ્રે મૉર્વા', 'સમરસેટ મૉમ' અને 'એવલિન વૉ' નથી સ્વીકાર્યાં? રૅવૅટ, રૅવટ, રવૅટ, રવટ, કે રવાટને બદલે શુદ્ધ 'રાવત' જ ગમેને? આપણે માટે 'ગુજરાથી' શબ્દ વપરાય છે ત્યારે આપણને કેવું લાગે છે?]

તમને ડગલે અને પગલે કેટલા સંભારું છું તે કઈ રીતે જણાવું? આજે સવારે પાંચ વાગ્યે ઊઠી અહીંના કૃષ્ણમંદિરમાં ગયો હતો. ત્યાં લાકડાના ત્રણ ત્રણ માળ ઊંચા મોટા રથ જોયા. રથ પરની સુંદર કારીગરીવાળી કાષ્ઠ-કોતરણી ને પ્રસંગો ધરાઇને જોયા. મંદિરમાં પણ સવિશેષ શિલ્પ વગેરે અવલોક્યું.

આ બધું 'કુમારે' શીખવ્યું. જે ઉત્સાહથી હું આ પ્રવાસ ખેડી રહ્યો છું. મંગલોરથી ઉપર જતાં પશ્ચિમ કાંઠાની તમાલ તરુની વનરાઈ, પક્ષીગણનો કલરવ, રાત્રે તારાઓનું અનંતવિધ સૌંદર્ય, વૃક્ષમાં ચમકતા આગિયા, રાતી માટી, આ બધાંનું સૌંદર્ય જોતાં કોણે શીખવ્યું? એ બદલ હૃદય ભરાઈ આવે છે! આ બધાં સ્થળોના પ્રવાસની રોજ રાત્રે નોંધ રાખી છે. તેમાથી બેત્રણ લેખરૂપે તૈયાર કરી મોકલીશ. અહીંથી આજે 'કારકલ' જઈશ. ત્યાં 'શ્રવણ બેલગોલા' જેવી જ મોટી પ્રતિમા છે. બીજી વેણૂરમાં છે. વચ્ચે 'મુદબિદ્રી'માં સહસ્ર સ્તંભનું જૈનમંદિર જોઈ 'ધર્મસ્થલા'માં રાત રોકાઈ કાલે 'હળેબીડ' ઊપડીશ. પછી 'બેળૂર' જોઈ 'ભદ્રાવતી' થઈ 'શિમોગા' જઈ 'જોગ'નો ધોધ જોઈ 'ધારવાડ' જઈશ. ધારવાડથી બેલગામ થઈ 'ડિદૂર' કરીને બાદામી, પટ્ટડકલ ને ઐહોળે જોઈ પાછો બેલગામ થઈ ગોવા ઊપડીશ. પછી પૂનાથી મુંબાઈ. હજી વીસ દિવસની તક છે, બને તેટલું જોવું છે.

મેં ક્યારે ય પ્રકૃતિ, વૃક્ષો, આકાશ, તારા, પક્ષીગણ સ્થાપત્ય વગેરે આટલાં રસપૂર્વક જોયાં નથી; 'કુમારે' આ દૃષ્ટિ આપી છે. તે દ્વારા જોતાં આ પ્રવાસ સાર્થક થયો ગણું છું આ બધું લેખરૂપે આપવાનો છું. નેપાળનું પણ

આ માસનું નવું પ્રકાશન

પ્રા. જોન કૅનેથ ગ્રેલબ્રેથના એક બહુ જ જાણીતા ગ્રંથ

The Affluent Societyનો સુંદર અનુવાદ

સમૃદ્ધ સમાજ

અનુ: તાહિરે દવે

૧૯૩૦માં જ્યારે વિશ્વમાં મોટી મંદી ફરી વળી ત્યારે બધાને લાગ્યું હતું કે કાર્લ માર્ક્સની આગાહી પ્રમાણે નજીકના ભવિષ્યમાં મૂડીવાદી અર્થતંત્રનો અંત આવશે. પણ ઊલટું છેલ્લાં વીસ વર્ષમાં પશ્ચિમનાં બિનસામ્યવાદી દેશોનો આર્થિક વિકાસ જોતાં માર્ક્સની આગાહી તદ્દન ખોટી પડી છે. આમ કેમ બનવા પામ્યું તેનો અભ્યાસ કરવામાં પ્રા. જૉન ગ્રેલબ્રેથનું નામ મોખરે છે. તેમના આર્થિક વિચારો 'નવ મૂડીવાદ' તરીકે ઓળખાય છે.

પ્રા. ગેલબ્રેથના સિદ્ધાંતો પશ્ચિમના સમૃદ્ધ સમાજને અનુલક્ષીને ઘડાયા છે પણ જે દેશો હજુ આર્થિક વિકાસની પ્રારંભિક દશામાં છે તેમને આ સિદ્ધાંતો લાગુ પાડી શકાય તેમ નથી. છતાં આપણે પણ એક દિવસ સમૃદ્ધ થશું અને પશ્ચિમના સમૃદ્ધ દેશોએ જે ભૂલો કરી છે તે આપણે ન કરીએ તે માટે અત્યારથી જ યોગ્ય પગલાં લેવાની જરૂર છે.

વોરા ઍન્ડ કંપની, પબ્લિશર્સ પ્રા. લિમિટેડ • ૩, રાઉન્ડ બિલ્ડિંગ • મુંબઈ-૨

કિંમત રૂ. પાંચ

તૈયાર કર્યું છે. ત્યાંથી ચિત્રોની રાહ જોઉં છું.
(ઉડુપી) —સુનીલ કોઠારી

એપ્રિલ અંકમાં સ્વ. ડૉ. મનુભાઈ વૈદ્ય અંગે સ્વર્ગસ્થના ભાઈ શ્રી બાબુભાઈ વૈદ્યે જે આલેખ્યું છે તે તદ્દન તટસ્થભાવે હોઇ સ્વ.નું અચ્છું રેખાચિત્ર રજૂ કરે છે. માત્ર એક બાજુ એમાં રહી જવા પામી છે, તે એ કે આટઆટલી પ્રવૃત્તિઓમાં પરોવાએલા રહેવા છતાં કુટુમ્બવત્સલ પણ તેઓ એટલા જ હતા. ગમે તે પ્રવૃત્તિમાં મગ્ન હોય પણ તે અઠવાડિયાના છ જ દિવસ. રવિવારનો દિન કુટુમ્બ સાથે—ઘાટકોપરના ઘેર જ ગાળવાનો, અને બહાર જવું પડે તેવાં રોકાણો, મોટે ભાગે. ટાળવાનો જ એમણે એક અફર નિયમ રાખ્યો હતો. આમ એમણે કુટુમ્બને પણ કદી વિસાર્યું નહોતું.
(પૉંડિચેરી) —પંડિતરાવ રાવળ

૧) 'કુમાર'ના ઘણા લેખો એવા હોય છે જે 'કુમાર' નહિ વાંચતા મિત્રોને વાંચવા તથા પાસે રાખી વારંવાર અભ્યાસ કરવા સૂચન કરવાનું મન થાય. દા.ત. ફાધર વાલેસની જીવનઘડતરની શ્રેણી. તો આવા લેખોની વધારાની નકલો મળી શકે તેવી ગોઠવણ થઈ ન શકે? ૨) 'કુમાર' આવતી કાલનાં નાગરિકો માટે શરૂ થયું. પરંતુ હવે તો તે બધાં માટે જ છે. પરંતુ સાહસિક વૃત્તિ વધે તેવા લેખો ઘણા વખતથી દેખાતા નથી. તો એ શ્રેણી ફરીથી શરૂ કરવામાં આવશે તો યોગ્ય થશે.
(અમદાવાદ) —કૈલાસ દલાલ

મે અંકમાં ઉલર્મનના એક કાવ્ય પર આધારિત અંગ્રેજીમાં જે થોડો ભાગ આપેલો છે તેમાં જોડણીની ભૂલો છે: thingr છે જે things જોઈએ; as young your faith-માં young પછી as જોઇએ; self confidanceમાં aના બદલે e જોઇએ.
(કડી) —એમ. આર. મન્સૂરી

શતરંજના કોયડાઓની સ્થિતિ અને ઉત્તર માટે શ્રી સુરેશ મોદી અંગ્રેજી શબ્દોનો આધાર લે છે. મને શૉખ હોવા છતાં અંગ્રેજીને લીધે કાંઈ સમજ પડતી નથી. જો સાથે ગુજરાતીમાં પણ સમજાવશે તો કોયડાઓ સમજવામાં અને ઉકેલવામાં મદદ થશે.
(સાંગલી) —સુરેશ ખેરાજ મારૂ

[* શતરંજની અંગ્રેજી સંજ્ઞાઓના અર્થ નીચે પ્રમાણે છે: K = રાજા, Q = વજીર, B = ઊંટ, N = ઘોડો, R = હાથી, P = પ્યાદું. આમાં K = સફેદ રાજા, k (બીજી એબીસીડીનો) = કાળો રાજા. એ જ રીતે બીજાં મહોરાં માટે. પહેલી એબીસીડીમાં સફેદ મહોરાં; બીજી એબીસીડી-કાળા મહોરાં. અગાઉ શતરંજની લેખમાળા શરૂ થઈ ત્યારે અંક ૪૫૨ અને ૪૫૩માં આ વિષે વિગતવાર સમજણ આવી ગઈ છે. આ સંજ્ઞાઓ દુનિયાભરમાં આ જ રીતે વપરાતી હોઇ આંતરરાષ્ટ્રીય સંજ્ઞા વાપરવી એ જ યોગ્ય.]

અંક ૨૦૮માં પચ્ચીસ વર્ષ પહેલાંનો તંત્રીલેખ વાંચી ખૂબ આનંદ થયો. આ લેખ એક પોસ્ટકાર્ડમાં આવી જાય તો નવા વર્ષનાં કાર્ડ વગેરેમાં સરસ ઉપયોગ થાય.

'કુમાર' માટે ૫ વર્ષનું લવાજમ 'લાઇફ' જેવું રાખો અને જાહેરાત કરો કે ૩૦૦૦ ઘરાક આ રીતે નવા મળશે તો જ અમલ થશે.
(મુંબાઇ) —મંગળા શેઠ

૫૦૬મા અંકમાં શ્રી દેશળજીભાઈના અવસાનના ખબર વાંચીને દુઃખ થયું. તેમનો પરિચય બહુ થોડો, પણ શાંત, પ્રેમાળ અને જેમને ન ભૂલાય એવો રહ્યો છે. એમણે કોઈ વખત જેને માગણી કહીએ એવું બતાવ્યું નથી તેમણે સહન કર્યું છે તે બધું તો 'કુમાર'માં વાંચીને જ જાણ્યું. વર્ષોથી નહિ મળ્યાં છતાં એમણે વિદાય લઈને મારા અંતરમાં કાંઈક ખાલી કરી નાખ્યાનો ભાવ અનુભવું છું
(પૉંડીચેરી) —કૃષ્ણલાલ ભટ્ટ

દેશળજી પરમારને અંગેની માહિતી તેમજ જીવનને તાદૃશ કરતી છબિઓથી સદ્દગતની મીઠી યાદ તાજી થઈ અને હૃદય ઊંડાણમાં ગરકાવ થઈ ગયું. 'કુમાર' કાર્યાલયે તેના જૂના સાથી, તથા સાચા મિત્રને ખરેખર યોગ્ય અંજલિ આપેલી જોઇને કેટલાક ધર્મોની પ્રતીતિ પણ થઈ.
(આણંદ) —ઉમિયાશંકર ઠાકર

એકાંકી નાટ્યલેખન સ્પર્ધા

ગુજરાતી સાહિત્ય મંડળ, કલકત્તા તરફથી આ વર્ષે યોજાએલી એકાંકી નાટ્યલેખન સ્પર્ધામાં શ્રેષ્ઠ કૃતિઓ માટે રૂા. ૨૫૧) તથા રૂા. ૧૫૧)નાં અનુક્રમે બે પારિતોષિકો રાખવામાં આવ્યાં છે. સ્પર્ધામાં ભાગ લેનાર લેખકોએ તેમની મૌલિક અપ્રકટ કૃતિઓ તા. ૧૫-૭-૬૬ સુધીમાં (શ્રીમતી જ્યોતિ ભાલરીઆ, ૧૪, સધર્ન ઍવેન્યૂ' કલકત્તાને) મોકલવી.

લિપિકા શ્રી રવીન્દ્રનાથની જીવનખેડના પાછલા ભાગના પરિપાક રૂપ આ કથનિકાઓમાં સૌ કોઇને સ્પર્શે તેવો કવિતાનો રણકો છે. રૂ. ૨



શેક્સપીઅરની નાટ્યકથાઓ

લેખક · ડૉ. મધુસૂદન પારેખ

એક કૉલેજિયન મિત્રે કહ્યું:
'કુમાર'માં આવેલા 'મૅક્બેથ'ના વાર્તાંતરે મને પાસ થવામાં મદદ કરી.

પણ

એ એક મિત્રને જ શા માટે?
અને 'મૅક્બેથ' જ શા માટે?

'કુમાર'માં ૧૯૬૪ના આખા વર્ષ દરમિયાન પ્રકટ થતી રહેલી એ બધી નાટ્યકથાઓ અનેક વિદ્વાનો, વિવેચકો અને વાચકોને આનંદપ્રદ ને ઉપયોગી જણાઈ હોઈ સૌએ એને ઉમળકાથી વધાવી છે.

શેક્સપીઅરની લગભગ તમામ ખ્યાતનામ નાટ્યકૃતિઓનો એના રસ અને રચનાની સમજણ સાથે એમાં સમાવેશ કરેલો છે.

આસ્વાદ માટેનું સરસ વાચન માત્ર જ નહિ, પણ શેક્સપીઅરની નાટ્યકૃતિઓ ભણતા વિદ્યાર્થીઓને પણ એ ઉપયોગી છે.

કિંમત રૂ. ૪ાા (પોસ્ટેજ સાથે રૂ. ૫)

પ્રકાશક:
કુમાર કાર્યાલય લિમિટેડ
૧૪૫૪ રાયપુર · અમદાવાદ - ૧

શતરંજ

સુરેશ મોદી

છેલ્લી ટૂર્નામેન્ટની એક વધુ રમત

આ વખતની રાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં રમાએલી એક રમત આપણે ગયા અંકમાં જોઈ. અહીં રૂસી માદન (સફેદ મહોરાં) અને ફારૂક અલી (કાળાં મહોરાં) વચ્ચેની એક રમત જોઇએ. એનો અભ્યાસ શતરંજ પ્રેમીઓને આનંદ તો આપશે જ, ઉપરાંત નવા રમનારાઓને કેટલુંક માર્ગદર્શન પણ આપશે એવી આશા છે.

ઓપનિંગ ગ્રુનફેલ્ડ પદ્ધતિની છે.

1 P-Q4, N-KB3; 2 P-QB4, P-KN3; 3 N-QB3, P-Q4. ગ્રુનફેલ્ડ ઇન્ડિયન ડીફેન્સની આ લાક્ષણિક ચાલ છે. અહીં કાળો સફેદને બોર્ડની મધ્યમાં પ્યાદાનું સામ્રાજ્ય સ્થાપવા દઇને પછી તેને અન્ય મહોરાં વડે તોડવાની આશા રાખે છે.

4 P×P, N×P; 5 P-K4, N×N; 6 P×N, P-QB4. આ જાતની પદ્ધતિઓમાં આ એક અગત્યની ચાલ છે, પણ આજકાલ એને થોડી મોડેથી રમવી વધુ ઇચ્છનીય ગણાય છે.

7 B-QB4, B-N2; 8 N-K2, 0-0; 9 0-0, N-B3; 10 B-K3, N-R4. અહીં MCO 10..., P×P; 11 P×P, B-Q2; 12 R-N1, N-R4 સૂચવે છે.

11 B-Q3, P-B5. સફેદના QP ઉપરનું દબાણ ઓછું કરીને વજીર તરફનાં પ્યાદાંની બહુમતિ મેળવવાનો યત્ન છે.

12 B-B2, P-QN3; 13 Q-Q2, P-K4; 14 P-B4. સપ્રે અહીં 14 QR-Q1 સૂચવે છે.

14..., P×QP; 15 P×P. અહીં 15 N×Pમાં વધુ સલામતી છે, પણ માદન જેમાં એટેક અને કૉમ્બિનેશનને વધુ તક મળે તેવી ગૂંચવાડાભરી સ્થિતિ વધુ પસંદ કરે છે.

15..., B-QR3; 16 R-B3, P-B6!; 17 Q-Q1!! ફારૂકે 16..., P-B6થી પ્યાદાનો ભોગ આપ્યો, પણ જો સફેદ તે સ્વીકારે તો 17 N×P પછી 17..., N-B5; 18 Q-ગમે ત્યાં, N×B; 19 R×N, B×P થી કાળો ઊંટના બદલામાં હાથી મેળવે અને જીતે. સફેદ તે પ્યાદું ન લેતાં QPનો ભોગ આપીને સારી સ્થિતિ મેળવે છે.

17..., B×N; 18 Q×B, B×P; 19 R-Q1, B×B ch., 20 Q×B, Q-B2; 21 P-B5, KR-B1? અહીં 21..., QR-B1 વધારે સારી ચાલ હતી જેથી KR ને પછી Q પંક્તિ પર લાવી શકાત.

22 R-Q5, Q-K2; 23 P-B6, Q-B1. કાળાના વજીરને 24 Q-R6 અને 25 Q-N7 mate અટકાવવા ત્યાં જ બંધાઈ રહેવું પડે છે અને સફેદ KR પંક્તિ ઉપર હુમલો શરૂ કરે છે.

24 P-KR4!, N-B3; 25 P-R3 કાળાના 25..., N-N5ને રોકવા અહીં કાળો 25..., Q×Pથી પ્યાદું લેવા જાય તો 26 P-K6, Q-B1; (26..., N-N5?? પછી 27 Q-R6 અને 28 Q-N7 mate થાય.) 27 P×P, RP×P; 28 R-R3, N-N5; 29 R/5-KR5, P×R; 30 Q-N5 ch.; પછી તરત મહાત થઈ શકે.

25..., N-Q1; 26 P-R5, N-K3; 27 P×P, RP×P; 28 P-K5. અહીં 28 R-R3, R-B4; 29 Q-N3, R×R; 30 P×R, Q-B4ch.; 31 K-R1, Q×P; 32 B×Pથી વધુ જલદી જીતી શકાય.

28..., R-Q1; 29 R-N5!, N-Q5, 30 R-R3!, N×R? છેલ્લી બે ચાલથી સફેદ તેના હાથીનો ભોગ આપે છે. પણ તે સ્વીકારીને ફારૂક અલીએ મોટી ભૂલ કરી. તેના કરતાં 30..., N×B નક્કી વધુ સારી ચાલ છે. રમત પછી એકઠા થએલા ખેલાડીઓના મત પ્રમાણે 30..., N×B; 31 Q-N5, R-Q8 ch.; 32 K-R2, N-K6! 33 Q×N, P-B7 પછી માદન મુશ્કેલીમાં મુકાઈ જાત પણ સપ્રે તે પછીની રમતમાં પણ માદન કેવી રીતે જીતી શકત તે બતાવે છે. 34 R-N8! P-B8 (=Q) (અહીં 34..., Q×R ચાલી શકે નહિ કારણ કે પછી 35 R-R8 ch, K×R 36 Q-Rch., K-N1, 37 Q-N7mate થાય છે.) 35 Q×Q, R×Q; 36 R/4-KR4 અને હવે કાળા પાસે એક વજીર વધુ હોવા છતાં હારે તેમ છે. દા. ત. 36..., Q-N2; (37 R-R8 mateની ધમકી ટાળવાની એક જ રીત. 37 P×Q, K-R3; 38 R-R7 ch., K-B1!; 39 R-R8ch., K-K2; 40 R×R ને સફેદ પાસે એક હાથી વધુ રહે એટલે તે જીતે જ.

31 Q-N5, Resigns.

સફેદ 32 B×P, P×B; 33 Q×Pch. ને પછી મહાત. તેમજ 32 Q-R4 ને 33 Q-R8 mateની ધમકી આપે છે, તેની સામે કંઇ થઈ શકે તેમ નથી.

(આ નોંધ ઉતારવામાં સપ્રેની 'સનડે સ્ટાન્ડર્ડ'માં આવેલી નોંધનો આધાર લીધો છે.)

નવાં પ્રકાશનો

• જયવંત દળવી	
દુનિયા બહારની દુનિયા	૪-૦૦
પ્યાદાં	૫-૫૦
દુનિયા : પરણેલાંની	૪-૦૦
દુનિયા : અણપરણ્યાંની	૪-૦૦
દુનિયા : રંગબેરંગી	૫-૫૦
દુનિયા બહારનાં માણસ	૬-૫૦
• ગટુભાઇ ધ્રુ	
જીવનનાં વમળ	૪-૫૦
• જ્યોતીન્દ્ર દવે	
જ્યાં ત્યાં પડે નજર મારી	૬-૫૦
• ચંદ્રવદન મહેતા	
રંગ ગઠરિયાં	૬-૫૦
• મનસુખલાલ ઝવેરી	
રૂપ	૫-૦૦
મહાપ્રયાણ	૫-૫૦
• નવી નવલકથાઓ	
સૌંદર્યનો કેફ ૧-૨	૨૦-૦૦
પડઘમ	૧૦-૦૦
પ્રેયસી	૪-૫૦
• નવા નવલિકા-સંગ્રહ	
એક દિવસ માટે	૪-૦૦
ગંગાસ્નાન	૩-૦૦
અગિયાર ભૂરિયાનો ભેદ	૩-૦૦
• જીવનચરિત્રો	
ડુંગરમાળની દેવીઓ	૨-૫૦
સ્વરશિલ્પીઓ	૫-૦૦
વિજ્ઞાનના વીરો	૨-૦૦
વિજ્ઞાનના સાધકો	૨-૦૦
વિજ્ઞાનના જાદુગરો	૨-૦૦
• બાલવાર્તાઓ	
બકોર પટેલ : ઉજાણીએ	૩-૦૦
બકોર પટેલ : રણમેદાને	૩-૦૦
બકોર પટેલ : ઓડનું ચોડ !	૩-૦૦
સિંહે કાઢી નિશાળ	૧-૭૫
કુંવરીની શોધમાં	૧-૫૦
• કિશોર-નાટકો	
પ્રેરક શાળાનાટકો	૧-૫૦
કિશોર પ્રહસનો	૨-૨૫
શાળોપયોગી પ્રહસનો	૧-૭૫
વિદ્યાર્થી નાટિકાઓ	૨-૦૦

ગાંડીવ સાહિત્ય મંદિર
હવાડિયા ચકલા • સુરત-૨

નંદબાબુને મન કલા એક યોગાભ્યાસ સમ હતી. પોતે જીવન પણ એક યોગીની માફક જીવ્યા : અલ્પમાં સંતોષ માની, શાન્તિનિકેતનના એકાન્તવાસમાં પોતાના આદર્શોની સાધના એમણે કરી. એમના જીવન ઉપર જેમ રવીન્દ્રનાથનો, તેમ બીજી બાજુ ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ અને શ્રી અરવિંદનો પ્રભાવ હતો. એથી જ એમનાં દેવદેવીઓનાં ચિત્રોમાં ધ્યાનશક્તિનું પરિબલ ને પ્રભા જણાય છે. કોઈ પણ દેવતાનું ચિત્ર કરતાં પહેલાં તે આચાર્ય ક્ષિતીમોહન સેન, પંડિત વિધુશેખર ભટ્ટાચાર્ય, ગોંસાઈજી મહારાજ આદિ પાસેથી તે દેવતાની લાક્ષણિકતા, શક્તિ, તત્ત્વપ્રભા આદિ વિષેની માહિતી મેળવી તેને આત્મસાત્ કરી લેતા અને પછી બાહ્ય તથા આંતરિક રીતે શુદ્ધ થઇને તેનું ચિત્ર માંડતા. અને એ ચિત્રકાર્ય દરમ્યાન તે ધ્યાનમગ્ન હોય તેમ એકાંતિક ને એકાગ્ર રહેતા.



ક્લાન્ત શિવ (પાર્વતીના મૃત્યુ પર શોકાન્વિત શિવ) ચિત્રકાર - નંદલાલ વસુ

પ્રજાની પુરાણગત ભાવનાઓ વર્તમાન અને ભાવિ ચેતનાના સંદર્ભમાં પ્રજાજીવનની પ્રેરકબળ બની રહે એ રીતની તેની ભાવમૂર્તિઓ કોઈ વિરલ યુગવર્તી કલાકારો જ સર્જી શકે છે. નંદબાબુએ સર્જેલી એવી ભાવમૂર્તિઓમાં શિવનું સ્વરૂપ સર્વોત્તમ છે. સતીના મૃત્યુ પર શોક કરતા શિવનું એમણે સર્જેલું આ રૂપ કોઈ પણ દેશમાં કોઇ પણ કાળે સર્જાએલી ભવ્ય કૃતિઓની હારમાં ઊભું રહે તેવું છે. માથે જટાકલાપ અને કંઠે સર્પની માળા ધારણ કરેલું આસનબદ્ધ શિવનું વિષાદમય છતાં પૂર્ણ શાંતિમય અને અંતર્મુખ બનેલું આ સ્વરૂપ આપણને કોઈ એવા કલાયુક્ત કલ્પનાપ્રદેશમાં લઈ જાય છે, જેમાંથી ધર્મ અને ધ્યાનના ઊંડા સંકેતો પ્રકટ થાય છે. આં પ્રકારનાં સર્જનોમાં નંદલાલ વસુની બરોબરીએ કોઈ પહોંચી શક્યુ નથી. તે ખરેખર 'કલાસ્વામી' છે. આ અંકમાં છેલ્લી ચિત્રપ્લેટ પર આપેલું આ મુખમુદ્રાવાળું મૂળ આખું ચિત્ર બહુ મોટું નથી. પરંતુ 'રૂપમ્'ના તંત્રી શ્રી ઓ. સી. ગાંગુલીએ ચિત્રમાંના મુખભાવ ઉતારવાનું નંદબાબુનું સામર્થ્ય દર્શાવવા માટે મૂળ કરતાં પણ મોટી કરી બતાવેલી આટલી મુખમુદ્રા એમણે ખાસ ઇગ્લંડમાં છપાવી મંગાવેલી.



મહિયારી · ચિત્રકાર નંદલાલ વસુ

તેથી શું ? / ઉશનસ્

· શિખરિણી ·

હજી જ્યારે જ્યારે જીવનરથ તારા નગરમાં
ચડે આવી, ઘોરી પથ પર ધસી રહે ધસમસ,
ગલીની શંકાએ તવ, ધીમી થતી આકુડી ગતિ,
ઝમે પાછો પેલો જીરણ હૃદયે યૌવન રસ.

વીત્યું કેવું કેવું! કંઈ ગુજરવું બાકી ન; છતાં
ગલીની શંકાએ હજી ય ધબકારા વધી જતા;
ઢૂંઢી રહે આ ઝાંખાં તૃષિત નયનો મેદની વિષે
તને-તું આવી હો અહીં કયહીં અમસ્તી કંઈ મિષે.

હશે આવી કોઇ ગલી મહીં જ તારું ઘર, અને
હશે તું આવે કો પથ સ્વજન સંગે નીકળતી,
ઘણા રસ્તા તારે નગર, પણ ક્યાં યે ન મળતી!
મળે તો યે-કોને ખબર-તું શકે ઓળખી મને!

મળ્યાં-ધારો કે-ને પથ અટકી કૈં કુશલ પૂછ્યું;
પરંતુ તેથી શું?—ઘર લઇ ગઇ, તો ય પછી શું?

સભર ક્ષણો / યોસેફ મૅકવાન

· વસંત-મૃદંગ ·

તું નેત્રને મટમટાવતી આ ઝરૂખે
કો'કો'ક વાર નીરખે પથમાં-વહંતા
આકાશગંગ સમ માનવને-અને તવ
હૈયે વસંત ફરકે ઘડીવાર: જ્યાં જ્યાં
જોયા કરે સઘળું ફુલ્લપ્રફુલ્લ થાતું!

હું ચૂપચાપ ઘરની મુજ બારી પાસે
—ને માહરી નજર સૂર્યમુખીનું ફૂલ
થૈને અહો સકલ રૂપ ઝીલ્યા કરે શું!

તું કંઠમાં લયની કુંપળ કૈં ઝુલાવે
એની કુમાશ પથરાઈ જતી જ ચિત્તે!
ને વાદળી સ્મિત તણી તરતી મૂકે તો
ભીંજાઇ જાય ઉર માહરું ભોળુંભોળું!

તારે બધું સહજ આ કરવું,—પરંતુ
મારી ક્ષણો સભર કેટલી યે જતી રે!

—હોય તો / ગોવિંદ ગઢવી

· ગઝલ ·

આ ધુમ્મસે એ રૂપનો અણસાર હોય તો?
હર શબ્દમાં એ મૌનનો રણકાર હોય તો?
ચાલી તો સૌ શકે જો સામે દ્વાર હોય તો,
કિન્તુ ચરણ મહીં કશોક ભાર હોય તો?
હું તો પવનની જેમ પળે પળને જઇ મળું
કોઇની આંખમાં જો ઇન્તઝાર હોય તો.
સો સો દીવાલને ય હવે ભેદવી રહી,
જવું જ પડે હવા મહીં પુકાર હોય તો.
ખાલી વફાની વાત કર્યાથી તો શું વળે?
જો શ્વાસનો જ ના કશો ઈતબાર હોય તો?

ત્રણ મુક્તકો

જયન્ત પાઠક

(૧)

વ્હાલનું વજન હોય?!
ઝૂકી ગઇ સ્હેજ
બે આંખો તો ય!

(૨)

તડકા સોંસરવી નીકળી
કાંટાળી બાવળકાયા:
શીતળ છાયા!

(૩)

રંગવિહોણું આભ
ધરાના રંગોને રહે ઝંખી
ઊડતું ઊંચે પંખી!

પ્રેક્ષક / મુકુંદરાય પારાશર્ય

· મિશ્ર ·

નાળા પરે—પૂલ પરે થઇ જ્યાં
ટૅક્સી સરેરાટ સરી, નિહાળી
જ્યાં બાલ્ય વીત્યું,
મુજ ગામની નદી,

જ્યાં છીછરા શાન્ત જલપ્રવાહે
બન્ને સમુત્કંઠ સમા તટેથી
ધૂળાળ ઢોળાવ ઢળે નદીમાં
એ નીરમાં નીરજ જેમ નાહ્યો.

ગોધેન કેરાં પ્રતિબિમ્બ સાયં
રંગીન શીળે જળ ડોલતાં તે
શું ડોક ઊંચી કરી રેતથી મને
વિલોકતાં રાંક, તરી સ્મૃતિમાં!

છૈયા મહીંથી તટના વળાંકથી
જ્યાંત્યાં શિરેશું જલપંખ ઊડતાં!

ને દાળિયાના કણ કાજ માછલાં
ઊંચાં કરી મોં જળમાથ જોતાં!
ક્યાં એ જલસ્પર્શ! નથી; છતાં કાં
રોમાંચ અંગાગ તથૈવ થૈ જતા!

રેતાળ લાંબે પથ અન્તરાય ના.
છૈયા નહિ; ના જલપંખ ક્યાંયે.

આ જિંદગીના જલ૦હેણ માથે
કૉંક્રીટનો પૂલ ગયો ચણાઇ!
ઢોળાવ ના; નક્કર પૂલ માથે
ટૅક્સી સરેરાટ સરી જતી; હું
ટૅક્સી વિષે પ્રેક્ષક માત્ર...

વ્યક્તિઘડતર: ૧૨

તમે અને બીજા

રેવ૦ ફાધર વાલેસ

જૂના જમાનાના ખગોળશાસ્ત્રીઓ માનતા કે વિશ્વનું કેન્દ્ર પૃથ્વી જ છે; ચન્દ્ર ને સૂર્ય, ગ્રહો ને તારાઓ તેની આસપાસ ગોળ ફર્યા કરે છે. સૈકાઓ પછી વૈજ્ઞાનિક દૃષ્ટિ કેળવાઈ ત્યારે મહાન ખગોળવેત્તાઓ કોપર્નિકસ ને ગૅલિલીઓએ, રૂઢિચુસ્તોનો રોષ વહોરીને, દુનિયાને જાણ કરી કે પૃથ્વી સ્થિર નથી, પૃથ્વી વિશ્વનું મધ્યબિંદુ નથી, પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે. પૃથ્વી પદભ્રષ્ટ થઈ ને આ 'દુષ્ટતા' કરવા બદલ ગૅલિલીઓએ કારાવાસ વેઠ્યો. પણ બ્રહ્માંડનો સાચો ખયાલ મળવાથી આધુનિક ખગોળશાસ્ત્રનો પાયો નંખાયો અને અવકાશયુગની સિદ્ધિઓ માટે દ્વાર ખૂલ્યાં.

માણસ પણ નાનપણમાં માને છે કે દુનિયાનું કેન્દ્ર હું જ છું. બાળક જુએ છે કે માતા-પિતા—સૂર્ય ને ચંદ્રની માફક—દિવસરાત પોતાની આસપાસ ઘૂમ્યા કરે છે. તેનો પડતો બોલ તેઓ ઝીલે છે, તેની એકેએક ઈચ્છા સંતોષવા બધાં દોડાદોડ કરે છે. જાણે બાળ-રાજાનો દરબાર! ભેંકડો તાણ્યો એટલે જાણે ઢંઢેરો પીટ્યો. બીજાઓને પણ એવી જરૂરિયાતો ને ઇચ્છાઓ હોય છે તેનો ખયાલ બાળકને હોતો નથી. પછી ઘેર નાનો ભાઈ જન્મે ને બધાનું ધ્યાન એની તરફ ફરે ત્યારે, યા તો એ નિશાળે જાય ને વર્ગનો એક બનીને બીજાં બાળકો સાથે બાંકડા પર બેસવું પડે ત્યારે એને ગૅલિલીઓનો સંદેશો મળે છે: દુનિયાનું કેન્દ્ર તારા પોતાનામાં નહિ, બીજે જ છે.

ગૅલિલીઓના સમયમાં કેટલાક વિદ્વાનોએ પૃથ્વીના કેન્દ્રસ્થાનનો મોહ છોડવાનો ઈન્કાર કર્યો, એટલું જ નહિ, પણ દૂરબીન વડે જોવાથી પૃથ્વીના પરિભ્રમણની ખાતરી થશે એમ એમને કહેવામાં આવ્યું ત્યારે તેઓએ આંખે દૂરબીન જ ન અડાડવાનું વ્રત લીધું! એમ માણસને પણ જ્યારે પોતાના બાળપણનું સિંહાસન છોડવાનો આદેશ મળે છે ત્યારે અનેક તો મનથી ના પાડે છે અને વિશ્વનું વાસ્તવિક દર્શન કરવા તૈયાર થતા નથી પણ વાસી ખગોળવિદ્યામાં રાચવાનું પસંદ કરે છે. એ વલણથી વિકાસ રૂંધાય છે. પોતાને કેન્દ્રમાં રાખવાથી ન તો વિજ્ઞાનની પ્રગતિ થાય કે ન વ્યક્તિત્વનું ઘડતર સંભવે. જેમજેમ માણસ બીજાઓની આસપાસ ફરતો થાય છે તેમ તેના મનની ક્ષિતિજ ને તેના જીવનનું

આકાશ વિશાળ બનતાં જાય છે; જેમ પોતાનો સ્વાર્થ ભૂલીને બીજાઓને માટે એ જીવતાં શીખે છે તેમ તેનું વ્યક્તિત્વ પાકે છે. આ બાબતમાં ધર્મનો ઉપદેશ અને વિજ્ઞાનનો પાઠ, શિષ્ટાચારનો વિવેક અને માનસશાસ્ત્રની શીખ સૌ એકમત છે: સ્વાર્થત્યાગ એ પ્રગતિની આવશ્યક શરત છે. માણસ જો પોતાની જ આસપાસ ફર્યાં કરશે તો એ ખાઈને ઢળી પડવાનો છે, પણ જો બીજાઓની આસપાસ ફરશે તો જીવનાકાશમાં ઊંચે ને ઊંચે ચડી જશે. ફરવાનું તો બધાંને છે, પણ ઘાણીના બળદ અને આકાશના તારા જેટલો ફેર પડી જાય!

એક નાનકડો પ્રયોગ કરી જુઓ. તમારા કોઈ મિત્ર ઉપર તમે હમણાં કાગળ લખ્યો હોય તો એમાં 'હું', 'મારે', 'મારું', એવાં સર્વનામ કેટલી વખત આવે છે, અને 'તમે', 'તમારું', વગેરે કેટલી વખત આવે છે એ ગણી જુઓ. જો 'તમે' કરતાં 'હું'નું પ્રમાણ વધે, અને તમારી સામાન્ય વાતચીતમાં પણ એમ જ થતું હોય, તો તમારી પરિભ્રમણકક્ષા બહુ વિશાળ નથી એમ માનવાનું કારણ મળશે. તેને વધારે વિશાળ બનાવવા બીજાઓમાં સાચા દિલથી અંગત રસ લેતા થાઓ. તેમના વિચારો જાણીને તમારી પોતાની દૃષ્ટિ ઉમદા બની જશે, તેમનું દુઃખ જોઇને તમારું દુઃખ ઓછું લાગશે, તેમના સુખના ભાગીદાર બનીને તમારો આનંદ ઉભરાઈ જશે. માટલાનું પાણી માટલામાં રહે ત્યાં સુધી તે બંધિયાર, નિશ્ચેતન, નિસ્પંદ રહે; પણ તેને દરિયામાં ઢાળીએ ત્યારે તેનામાં મહાસાગરનાં વેગ ને શક્તિ, વિશાળતા ને ગહનતા આવી જાય.

કેન્દ્રમાં કોને રાખીને જીવનવર્તુલ રચવું એ પ્રશ્ન છે. હૃદયસિંહાસન ઉપર કોનો અભિષેક કરવો એ કોયડો છે. ગર્ભગૃહમાં કયા ઇષ્ટદેવતાનું અધિવાસન કરવું એ મૂંઝવણ છે. પણ જો પૂજારી પોતાની જ મૂર્તિ ગાદી પર બેસાડે, જો રાજપુરોહિત પોતાના જ માથા ઉપર અભિષેક કરે તો અનર્થ થયો કહેવાશે. અને દુઃખની વાત તો એ છે કે આપણા જીવનમાં આપણે એવી ધૃષ્ટતા પણ કરી બેસીએ છીએ. આપણી જાતને જ કેન્દ્રમાં બેસાડીને રાજ્ય ને પૂજા ને જીવન ચલાવીએ છીએ; અને પરિણામે આપણું વર્તુલ એક નાનકડા બિંદુ જેવું બની જાય છે.

લોકો તમારાં વખાણ કરે એ તમને ગમે, તમારી વાત સાંભળે ત્યારે તમે ખુશ થાઓ, તમારો અભિપ્રાય પૂછે ત્યારે તમારી છાતી ગજગજ ફૂલી જાય, તમારો સહકાર માગે ત્યારે તમારા મહત્ત્વનું ભાન તમને એકદમ થઇ આવે. તો હવે બીજાઓનો સહકાર લેતાં, બીજાઓની વાત સાંભળતાં, બીજાઓના અભિપ્રાય જાણતાં, અને પ્રસંગ આવ્યે પૂરા દિલથી બીજાઓનાં વખાણ પણ કરતાં તમારે શીખવું જોઇએ. ચૂંટણી અંગે મતઉઘરાણી કરવા બહાર નીકળી પડેલા ઉમેદવારની જેમ ખુશામત ને ઔપચારિક વિવેકનો દેખાવ કરવાની વાત નથી; પણ પોતાની દુનિયાની ક્ષિતિજરેખા લંબાવવા, પોતાનું દિલ દરિયાદિલ ને પોતાની દૃષ્ટિ વિશ્વદૃષ્ટિ બનાવવા બીજાઓને માટે જ જીવવાનો મંગળ પ્રયોગ છે. તમારા હૃદયને આંગણે મહેમાનોને આવવા દો, તેમનો આદરસત્કાર કરો, તેમની સેવાને તમારી પ્રથમ સાધના સમજો. કવિનો આ ઉદ્ગાર હમેશાં યાદ રાખો: 'પ્રેમ કહો તો મારા પર પ્રેમ કરો, ને ધિક્કાર કહો તો મારા પર ધિક્કાર કરો; પણ મારી એક જ વિનંતી છે: મારી ઉપેક્ષા તો ન જ કરો!' તમારા જીવનમાં જેમ જેમ બીજાઓને સ્થાન મળશે તેમ તમારું પોતાનું વ્યક્તિત્વ ઘડાશે.

ચેતવણીનો એક બોલ: સેવાને નામે સ્વાર્થ સાધવાની વાંકી વૃત્તિ કદી રાખશો નહિ. દુનિયાના બજારમાં જનસેવાનાં પાટિયાં લગાડીને અનેક દુકાનદારો બેઠા છે; પણ એ દુકાનોમાં ચાલે છે ફક્ત લોભનો વેપાર ને નફાનો હિસાબ. સેવાને નામે વેપાર, જનકલ્યાણને બહાને આપબુદ્ધિ, સમાજસુધારાના ઝંડા નીચે સમાજશોષણ, એ તો વીંછીની જેમ હસતું મોં રાખીને, પૂંછડી વાંકી વાળીને ઝેરનો ડંખ મારવા જેવું છે.

બીજા માણસોને તમારી પ્રગતિનાં સોપાન, તમારા કીર્તિમંદિરના પથ્થર, તમારાં શતરંજનાં સોગઠાં કદી ન સમજો. માનવવ્યક્તિની અમર જ્યોત જેમ તમારામાં તેમ તેમનામાં પણ ઝળહળે છે. કોઈને તમારું સાધન ન બનાવો, કોઇને તમારા પગ તળે દબાવીને ઊંચે ચડવા ભ્રષ્ટ પ્રયત્ન ન કરો. બીજાઓનો ભોગ લઇને તમારો સ્વાર્થ સિદ્ધ કરવા જશો તો સ્વાર્થની ઘાણીમાં પિસાઈ જશો. 'સ્વાર્થ વસ્તુ પોતે ક્ષુદ્ર હોઈ જેના જેના ઉપર તે હાથ નાખે છે તેને પણ ક્ષુદ્ર બનાવી દે છે; એટલું જ નહિ જે માણસનો આપણે અંગત પ્રયોજનને માટે ઉપયોગ કરીએ છીએ તે આપણી આગળ પોતાનું માનવત્વ ખોઇને વિશેષ યંત્રરૂપ બની જાય છે. કારકુન તેની ઑફિસના સાહેબને મન મુખ્યત્વે યંત્ર હોય છે; રાજાને મન સૈનિકો યંત્ર હોય છે; જે ખેડૂત આપણને અન્ન પૂરું પાડે છે તે સજીવ હળ બની જાય છે.'(ટાગોર) સ્વાર્થની સૃષ્ટિ એટલે જડસુ યંત્રોની સૃષ્ટિ, પૂતળાંનું કારખાનું, જીવતાં મડદાંનું કબ્રસ્તાન; જ્યારે પરાર્થની દુનિયા તો પ્રેમ અને મૈત્રી, વિશ્વાસ અને ઉદારતા, જીવન ને ઉલ્લાસની દુનિયા છે.

'મારા પોતાના જ એટલા બધા પ્રશ્નો છે કે બીજાઓનો વિચાર કરવાનો મને અવકાશ જ નથી' એ એકલપેટાની ફિલસૂફી છે. 'દુનિયામાં એટલા બધા મહાન ને તાત્કાલિક પ્રશ્નો વણઉકેલાયા પડ્યા છે કે મારા પોતાના પ્રશ્નનો વિચાર કરવાનો વારો હજી આવ્યો નથી' એ જીવનવીરની ઘોષણા છે. વસ્તુતઃ બીજાના પ્રશ્નો હલ કરવા જતાં પોતાના પ્રશ્નો ઉકેલાઈ આવશે; પોતાના પ્રશ્નોમાં ગૂંચવાઈ રહેવાથી દુનિયાના પ્રશ્નોમાં એકનો ઉમેરો થશે!

બે વિદ્યાર્થીઓની રોજનીશીમાંથી લીધેલી નીચેની નોંધ સરખાવો: 'આજે મારો જન્મદિવસ છે, પણ હૃદયમાં આનંદ નથી. વિચારું છું કે દરેક માણસ પોતાનો સ્વાર્થ સાધવા સર્જાએલો લાગે છે. બીજું કોઇ લક્ષ્ય દુનિયામાં નથી. બે જણના સ્વાર્થના પરિણામે હું જન્મ્યો. બીજાઓનો સ્વાર્થ પોષીપોષીને મોટો થયો. મારી ફી લઈને શિક્ષક મને ભણાવે છે, મારી લાંચ ખાઈને પરીક્ષક મને પાસ કરે છે, અને મારો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવા હું એક દિવસ પરણીશ અને વૃદ્ધાવસ્થામાં મારાં છોકરાં મારી સંભાળ લે—એટલે કે જાણે વીમો પાકે ને પાલનપોષણ મળે—એ ઇરાદે, વહેલી તકે બાળકોનો પિતા પણ થઈશ. સ્વાર્થના આ વિષચક્રમાંથી મને કોણ ઉગારશે?' અને બીજા (મેડિકલના છેલ્લા વર્ષમાં ભણતા વિદ્યાર્થી)ની રોજનીશીમાંથી: 'આજે મારી અરજીનો જવાબ આવ્યો. હાશ! ઘરનું ખર્ચ આપશે; બાકી અવેતન ડૉક્ટર તરીકે આખો દિવસ કામ. સેવાકાર્ય માટે ખુલ્લું મેદાન! બાના આશીર્વાદ ફળશે; બીજાઓને ઉપયોગી જીવન જિવાશે; નાનપણથી, અને ખાસ કરીને છેલ્લાં પાંચ વર્ષથી, મારા મનમાં જાગેલી અભ્યાસ ને સેવાની અભિલાષાઓ સિદ્ધ થશે; બીજાઓનું જીવન ધન્ય બનાવતાં મારું પોતાનું જીવન ધન્ય થશે.'

એક જ દોરીને—જીવનદોરીને—ફિરકીની આસપાસ સ્વાર્થની પ્રક્રિયાથી વીંટાળીએ તો તો મુઠ્ઠીમાં સમાય, પણ તેને પતંગને—જીવનધ્યેયને—છેડે બાંધીને છૂટી મૂકીએ તો અવકાશે ચડી જાય.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને
આલેખક
રવિશંકર રાવળ


બૂલેશ્વરનો ફિરંગી

૨૪૫ શ્રી ધુરંધરના સ્વભાવનું દર્શન

તા. ૧૪-૨-૧૨: આજે શ્રી ધુરંધર માસ્તરના સ્વભાવ વિષે કંઇક જાણવાનું મળ્યું. એક વિદ્યાર્થીને સ્કૂલ તરફથી કોઇ નોટિસ મળી હતી તે વિષે ધુરંધર માસ્તરને કંઇક તોછડાઇથી પૂછતો હતો, ત્યારે માસ્તરે જણાવ્યું કે તે વિષે પ્રિન્સિપલને રૂબરૂ મળી ખુલાસો કરવો. તો પણ પેલો વિદ્યાર્થી કટકટ કરવા લાગ્યો ત્યારે શ્રી ધુરંધર મોટેથી ગાજી ઊઠયા: 'Take your seat, Go to the principal if you want to complain against your teacher' (તમારી જગ્યાએ બેસી જાઓ. તમારા શિક્ષક સામે કંઇ કહેવું હોય તો પ્રિન્સિપલને જઇ કહેજો.) પેલો કંઇ કહેવા જતો હતો તેને ફરી અટકાવી, ગર્જના કરી: 'Not a single word; silence!' (એક શબ્દ વધુ નહિ, ચૂપ રહો!) વર્ગમાં તથા બાજુના વિભાગોમાં સન્નાટો છાઈ ગયો.

થોડી વાર પછી ધુરંધર માસ્તર સૌનાં ચિત્રો જોવા-સુધારવા ઊભા થયા ત્યારે આશ્ચર્ય એ હતું કે તેમના રોજના દેખાવ પ્રમાણે મોં પર હાસ્ય ફરકતું હતું. ઘડી પહેલાં મેઘ-ગર્જનાથી ક્લાસને ધ્રુજાવ્યો હતો તે જ માણસ ઘડી પછી રોજની સ્વાભાવિક રીતે વાતો કરતા, દરેકનાં ડ્રૉઇંગ ચેક કરી સુધારવા લાગ્યા અને વિદ્યાર્થીઓને હસાવતા તથા આનંદ આપતા થઈ ગયા. વાતમાં તેમણે જણાવ્યું: 'ખચિત, મારે આટલું તપવું પડે છે તે માટે હું ઘણો દિલગીર થાઉં છું.' આવી રીતે સરળતાથી એકરાર કરનારા શિક્ષકો વિરલ હશે. એટલું જ નહિ, તેમણે પેલા ડઘાએલા વિદ્યાર્થીનું ડ્રૉઇંગ સુદ્ધાં તપાસ્યું અને સુધાર્યું. બીજો કોઇ હોત તો કટાક્ષ કરી તેના પ્રતિ બેદરકાર રહેત.

આજનો દિવસ ઘણી રીતે યાદગાર બન્યો. હું હમેશાંની પેઠે ભૂલેશ્વરની શાકમાર્કેટ આગળથી ચર્નીરોડ સ્ટેશને જતો હતો. અહીં મને મુંબાઈની પચરંગી પ્રજા જોવા મળતી. આજે મેં માર્કેટના દરવાજા આગળ કરડા દેખાવવાળો, લાંબી મૂછો અને દાઢીવાળો ગુંડા જેવો ફિરંગી જોયો. તેના હોઠ દાઢીમાં છુપાયા હતા. આંખો બાજની પેઠે એક દિશામાં તાકી રાખી હતી. માથે કાળી ગોળ છજાવાળી ટોપી પહેરી હતી. તે જેવો ઊભો હતો તેવો જ સ્કેચ કરવાની ઇચ્છા હું રોકી શકયો નહિ. થોડે દૂર ઊભા રહીને મેં તેનો સ્કેચ કર્યો ત્યાં સુધી તે હાલ્યો પણ નહિ. મને લાગ્યું કે સ્કેચ સંગ્રહલાયક થયો છે અને બીજો સ્કેચ કરવાની તૈયારી કરતો હતો ત્યાં પેલો ધીમેધીમે મારી પાછળ આવ્યો અને ઓચિંતાની ઝપટ મારી ચોપડીમાંથી તેના સ્કેચવાળું પાનું ઝડપી લઇ ફાડી નાખ્યું. આ બધું એકાએક અને અણધાર્યું બની ગયું. સામાન્યરીતે બીજા કોઈ માણસનો સ્કેચ કરી હું તેને બતાવતો ત્યારે તે પાત્ર મલકાતું; આ સ્કેચ જ્યારે સારો થયો ત્યારે ઊલટો હું જ ગુસ્સાનો ભોગ બની ગયો.

૨૪૬ પિતાશ્રીની વતનમાં બદલી

આ બનાવથી મને એટલી ગ્લાનિ થઈ કે બીજો સ્કેચ કરવાનો મારો ઉત્સાહ ઓસરી ગયો અને મંદમંદ પગલે આગળ ચાલવા લાગ્યો. ત્યાં પીપળવાડીમાં જેમની પિછાન થઈ હતી તે પોસ્ટમાસ્તર જનરલની ઑફિસવાળા કસનજીભાઈ, મારા પિતાશ્રીના મિત્ર, સામા મળ્યા. હું તેમને નમસ્કાર કરી કંઇ પૂછવા જાઉં તે પહેલાં તે બોલી ઊઠયા: 'તમારા ફાધર ભાવનગર જાય છે.' 'હેં! સાચે જ? સફરથી તેમની બદલી આખરે વતનમાં થઈ ખરી. બહુ સારું થયું.' આટલા શબ્દો કરતાં વધારે હું બોલી શકયો નહિ અને એટલો બધો આનંદમાં આવી ગયો કે હવે હું લશ્કરી ચાલે પગ પછાડતો ચાલ્યો.

તા. ૧૬-૨-૧૨: આજે મહાશિવરાત્રી હતી, પણ અમે ઉપવાસ ન કરતાં વહેલા ઊઠી રોટલીઓ બનાવી નાખી. નવ વાગ્યે હું તથા મનુ સાથે મુંબાઈ ગયા. બાર વાગ્યે શિખંડ લઈ પાછા ફર્યા અને આનંદથી જમ્યા. હવે તહેવારો માટે મારો ઉત્સાહ જતો રહ્યો છે. શાને માટે ઉત્સવ કરવો? આપણે ક્યાં સુખી છીએ? મારા વિદ્યાર્થી-જીવનને માટે યોગ્ય એ જ છે કે તહેવારને નામે આળસનો સંગ્રહ ન કરવો. તહેવાર આવે છે તે દહાડે કંઈ જ કામ થતું નથી. આ એક દિવસ પણ આપણી જિંદગીનો જ ભાગ છે. તે નકામો પસાર થાય છે ત્યારે જિંદગીનું કામ એટલું અધૂરું રહે છે.

રાત્રે ડૉ. આનંદ કુમારસ્વામીનું Essays on Nationalism (રાષ્ટ્રભાવના પર નિબંધો) વાંચતાં મારું મન તેમાં એકતાર બની ગયું. જાણે કુમારસ્વામીનો અવાજ મારા કાનમાં ગુંજી રહ્યો. તેમનાં વચનોનો ઊંડો અર્થ મારા મનમાં બેસી જતો હતો. વાંચી રહ્યા પછી એક વિચિત્ર અનુભવ થયો. મન જાણે એકદમ વિકસતું હોય, કલ્પના પાંખો ફફડાવતી હોય, હાથ કામ કરવાને થનગની રહ્યા હોય એવું લાગ્યું. કાગળો લઈ કેટલાંક ચિત્રોના સ્કેચ કર્યા. બાર વાગ્યા સુધી જાગ્યો.

તા. ૧૮-૨-૧૨: કોટના મેદાનમાં જૂના મુંબાઈનું એક મોટું પ્રદર્શન થયું છે તે જોવા અમારી મંડળી ઊપડી. પ્રદર્શનનો દરેક વિભાગ નિહાળીને જોયો. ચિત્ર વિભાગમાં શ્રી ધુરંધરે ગ્વાલિયરમાં સુવર્ણચંદ્રક મેળવેલો એ જળરંગી ચિત્ર જોયું. તેમાં શહેનશાહ અને રાણી એક સિંહાસન પર બેઠાં છે અને ભારતના સર્વ પ્રાંતોની વિવિધ પોશાકોવાળી સ્ત્રીઓ તેમની આગળ ફૂલહાર, વગેરે ભેટો ધરે છે. આવું રાજકીય ભક્તિનું કાલ્પનિક ચિત્ર જોઈ મનનાં દુઃખ થયું.

રાત્રે મોડામોડા મગનબાગ પહોંચ્યા. એકાકી જિંદગીની એ ગમ્મતો હતી, છતાં મને ધીરેધીરે લાગતું કે સુપોષણના અભાવે કેટલીક શારીરિક નબળાઈની અસર થતી હતી. કોઈ વાર કામ કરવું ગમતું નહિ અને હાથપગ ઢીલા પડતા.

૨૪૭ આર્ટિસ્ટ પીઠાવાલા

તા. ૨૦-૨-૧૨: ગજુભાઈ (પાઠક) ખબર લાવ્યા કે વૃદ્ધ પેસ્તનજી બમનજી પછી પોર્ટ્રેટ (તસવીર) ચીતરનાર તરીકે નામ કાઢનાર પીઠાવાલા તાજેતરમાં ઇંગ્લંડ જઈ ત્યાંની ઍકેડેમીમાં એક વર્ષ રહી યુરોપની શ્રેષ્ઠ તસવીરોની નકલો કરી લાવ્યા છે તેનું તથા સ્થાનિક પારસી મોવડીઓની મોટી છબિઓ તેમણે કરેલી છે તે સર્વનું એક-વ્યક્તિ પ્રદર્શન એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના મુખ્ય ખંડમાં કર્યું છે. પ્રદર્શનની છાપેલી સચિત્ર પરિચય-પુસ્તિકાની પણ એક પ્રત ગજુભાઇએ મને મેળવી આપી. એ પ્રદર્શન અમે ખૂબ વિવેચનપૂર્ણ નજરે જોયું. તેમણે કરેલી યુરોપી નકલોમાં કેટલીક આધુનિક શ્રેષ્ઠ કૃતિઓ પણ હતી

તે દિવસોમાં શ્રી પીઠાવાળાએ તસવીર-કળામાં મુંબાઇમાં ઊંચો આંક સ્થાપ્યો હતો, પણ દશ્યચિત્રો કે વસ્તુ-સંવિધાનમાં કોઈ પારસી ચિત્રકારે તે કાળે નામ કર્યું જાણ્યું નથી તસવીર-કળામાં flesh tint—માંસલતાની ઝમક અને સજીવ મુખમુદ્રાઓ તેમના જ કામમાં જોવા મળી છે. એ જીવ્યા ત્યાં સુધી મુંબાઇના અગ્રગણ્ય તસવીરકાર રહ્યા હતા. પારસી કોમના વડાઓ અને સન્નારીઓની તેમણે કરેલી તસવીરો આજે પણ પ્રશંસનીય કલાથી દીપ્તિમાન છે. મારો અને તેમનો સીધો સંપર્ક કદી થયો નહોતો પણ તેમણે તસવીરના ધંધામાં જે ધોરણ સ્થાપ્યું હતું તેને હું મારો પણ આદર્શ ગણતો થયો હતો.

૨૪૮ સપ્લિમેન્ટરી ટર્મનો ફતવો

એવામાં કેળવણી ખાતા અને યુનિવર્સિટીમાંથી એક નવો હુકમ બહાર પડ્યો કે દેશની બધી પરીક્ષાઓને યુરોપ-અમેરિકાની સંસ્થાઓનાં ઊઘડતાં વર્ષોના મેળમાં મૂકવી, જેથી ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ જનારા વિદ્યાર્થીઓને ત્યાંની ટર્મ ભરવાની સરળતા થાય; અને અહીં પણ જૂનથી વર્ગોની શરૂઆત થઈ શકે તે માટે વર્ષનો મેળ લાવવા એક સપ્લિમેન્ટરી ટર્મ મૂકી પરીક્ષાઓ નવેમ્બરને બદલે બીજા વર્ષના માર્ચ-એપ્રિલમાં લઇ જવી. એમાં નવેમ્બરની પરીક્ષાઓ પછી વિદ્યાર્થીઓએ નવા વર્ષની (સપ્લિમેન્ટરી) વધારાની ટર્મ જૂનના આરંભ સાથે જોડી દેવી એટલે કે તે વર્ષ બારને બદલે અઢાર મહિનાનું થાય અને તેમની તે પછીની પરીક્ષા બીજા વર્ષના માર્ચમાં લેવાય.

અમારી સ્કૂલમાં શિક્ષકો અને પ્રિન્સિપલના વિગ્રહો ચાલતા જ હતા. અભ્યાસમાં કોઈ નવા પ્રકાર કે સિદ્ધિનું દર્શન નહોતું. સંસ્કાર-જીવનનું ભાથું બાંધતો હું મારે માટે ભાવિ સ્વપ્નો કર્યા કરતો હતો, પણ થાક અને ઓરડીમાંની ગોઠવણો સાચવવા રોજ સવારસાંજ કરવાની કડાકૂટ મને ઘણી વાર નિરાશા ઉપજાવતી. મેં નોંધ કરી: 'હમણાં અંગ્રેજી વાર્તાઓ વાંચવી મૂકી દેવી. હું એ વાર્તાઓના પ્રવાહમાં તણાતો જાઉં છું...' વળી કોઇ ઉત્સાહનો જુવાળ આવ્યો ને લખી નાખ્યું: 'ડર અને ક્ષોભનો ત્યાગ કરવો. આ બે વસ્તુ કાર્ય કરનારના માર્ગમાં બહુ વિક્ષેપ આણે છે.... પણ શાન્તિ મને કેમ મળતી નથી? ફડકો હમેશાં રહે છે. સવારમાં ઊઠતાં ફડકો; રાત્રે ઊંઘ ન આવે; ભવિષ્યમાં દૂર નજર નાખું પણ કંઇ દેખાય નહિ,—આવતી કાલ જ સામે ઊભેલી દેખાય. એટલું તો ખરું કે આવતી કાલ જોઇશ તો પછીનો દિવસ પણ દેખાશે. મારે વિચારબળ વધારવું જોઇએ. હું મારે માટે મહેનત કરું છું તેમાં કંઈ નવાઈ કરતો નથી. ઈશ્વર-દયાથી મને થોડાં પણ સાધનો મળ્યાં છે તે ન હોય તો હું શું કરું? મારે મારા પગ ઉપર ઊભા રહેતાં શીખવું જોઇએ.'

૨૪૯ ૧૯૧૨નું વૅકેશન

જેમતેમ કરતાં ટર્મ પૂરી થઈ. મગનબાગની રૂમમાં મનુ અને તેના મોટા ભાઈ લખુભાઈ રહેવાના હતા, પણ મને ઘેર જવાની ઝંખના હતી. પિતાશ્રી ભાવનગરની પોસ્ટ ઑફિસના હેડ પોસ્ટમાસ્તર તરીકે પહોંચી ગયા હતા; અને બહેનની તબિયત સુધરી જાણી રસ્તામાં વીરમગામ આવતાં તેમનાં સાસરિયાંના આગ્રહથી મારાં બા તેમને ત્યાં મૂકતાં ગયાં હતાં. સાસરિયાંએ દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની ખ્યાતિ સાંભળી જમાઇને સુધારવા ભાવનગરમાં નાનાભાઈની પાસે મોકલાવી દીધા હતા. મોટા ભાઈની બદલી નવસારી પોસ્ટ ઑફિસમાં થઈ હતી. ભાભી તેમના બાળક મધુને લઈ તેમની પાસે પહોંચી ગયાં હતાં એટલે સ્કૂલમાં રજાઓ પડતાં મારો બિસ્તર બાંધી મેં ટ્રેઈન પકડી અને પહેલો મુકામ નવસારી કર્યો. ભાભીનું ઊજમાળું હસતું મોં અને બાળકનું ઘોડિયું જોઇ હું ખૂબ જ ઉમંગમાં આવી ગયો. મોટા ભાઇએ નવા મિત્રો કરેલા તેમની સાથે બેસી ખાતાની રમૂજો સાંભળી અને મોટા ભાઇને તેમની નાટ્ય-સૃષ્ટિમાં મહાલતા જોયા. ત્યાં બે દિવસ રોકાઇ વીરમગામ પહોંચ્યો.

વીરમગામ હું રોકાયો તેમાં ત્યાંના જૂના મિત્રમંડળનો પણ આગ્રહ હતો અને તે સાથે મને પિતાશ્રીનો પત્ર મળ્યો હતો કે બહેનને મારે સાથે લઈ જવી, જેથી વૅકેશનમાં અમે બધાં થોડો વખત સાથે રહી શકીએ. તે તો મને જોઈ હર્ષઘેલી થઇ ગઈ, પણ મેં તેના અંતરમાં સાંસરવાસનો આનંદ જરા પણ ન જોયો. આસપાસનાં સગાંવહાલાંમાં તે કોઈ ભૂલી પડેલી, રિવાજો અને રૂઢિઓના પાશમાં ઘેરાએલી હરણી જેવી લાગી. ભાવનગર આવવાની વાતે જ તેનામાં નવો ઉમંગ આણ્યો. મારા મિત્ર મગનલાલના પિતાશ્રીને પણ છેવટની બીમારી આવી લાગતી હતી. તેને ત્યાં પ્રથમ બાળક રૂપાળો વિનોદ ઘોડિયું ગજાવતો હતો તેથી ત્યાં પણ સુખની હવા હતી.

ભાવનગર પહોંચીને જાણ્યું કે શેરડીપીઠ ડહેલાનું ઘર બંધ રાખી કુટુંબ પોસ્ટ ઑફિસમાં મળેલા તેની ઉપરના વિસ્તારવાળા ખંડોમાં વસી ગયું હતું. સૌથી વધુ આશ્ચર્ય તો મારી પત્નીમાં થએલા ફેરફારથી થયું. તેનો ઘાટ મોટી વયની સ્ત્રી જેવો થયો હતો. હું જીવનના ગંભીર પથ ઉપર ચડી ગયો; સંસારના સંબંધો પર વિચાર કરતો થઇ ગયો.

૨૫૦ જાનમાં: વિવિધ સંબંધો

મુંબાઇવાળા મારા આપ્તજન સમા હરિભાઈ વ્યાસના મોટા ભાઈ દ્વારકાદાસનાં પત્ની દેશમાં લાંબા સમયની બીમારી પછી નિઃસંતાન ગુજરી ગયાં હતાં. જ્ઞાતિનાં ખાનદાન કુટુંબોમાં તેમનો તરત નવો વેવિશાળ-સંબંધ થઈ ગયો હતો. આ ઉનાળામાં જ તેમનું લગ્ન થવાનું હતું એટલે તે આખું કુટુંબ વતનમાં સિહોર આવેલું. એમણે ખૂબ આગ્રહથી મને જાનમાં ઉપાડ્યો. જાનની સાથે લાઠીથી ગાડામાં વીરપુર વેવાઇને માંડવે મેં ઘણા સંબંધીજનો સાથે પહેલી જ વાર સમજપૂર્વક પરિચય કર્યો અને રૂઢિ તથા વ્યવહારનાં સ્વરૂપ ઓળખ્યાં. લગ્ન પછી જાન પાછી લાઠી સ્ટેશન પર આવી ત્યાં ઢસા તરફથી આવતી ટ્રેઇનમાં મુંબાઈથી ઝંડુ ફાર્મસીવાળા શ્રી જુગતરામભાઇની જાન ઊતરી, તેમાં મારા ચિત્રકાર મિત્ર બચુભાઈ ને ફાર્મસીના બીજા મિત્રો ભગવાનલાલભાઈ વગેરેનો ભેટો થયો. એમણે મને રોક્યો ને તેમની સાથે ચાવંડ ગામે જુગતરામભાઈના સાસરે ખેંચી ગયા.

જુગતરામભાઈ અને જાનના પરિવારજનો હાલારી પ્રશ્નોરા બ્રાહ્મણો હતા. તેઓ જાહેર રીતે ઔદીચ્યોને સપંક્ત બ્રાહ્મણો ગણતા નહિ. આથી તેમની જાનમાં હું મુંબાઇના મિત્રોના સ્નેહભાવે જોડાયો તો ખરો, પણ રૂઢિચુસ્ત સંબંધીઓની નજરમાં આપત્તિરૂપ દેખાયો હોઈશ; એટલે નિવાસમાં સ્થિર થયા પછી મને બચુભાઇએ આની સમજણ પાડીને કહ્યું કે મારા જમવાની ગોઠવણ જાનની સાથે નહિ, પણ કન્યાના પિતાશ્રી શંકરલાલ વૈદ્ય સાથે કરી છે. એ ડૉ. શંકરલાલ ઇંગ્લંડ જઇ આવેલા હોવાથી જ્ઞાતિની પંક્તિમાં બેસી શકે તેમ ન હતું.

અમારામાં વરરાજા વસ્ત્રાલંકાર સહિત માંડવે પોંખાય છે, ત્યારે અહીં પ્રશ્નોરા વરરાજાને પીતાંબર-શાલ વગેરે પહેરાવ્યાં હતાં અને માથે ફૂલોનો ઊંચો મુકુટ જેવો ખૂંપ નાખ્યો હતો. જાનમાં જે નવ-પરિણીત દંપતી હતાં તે દરેક દીઠ અલાયદા વાસની ગોઠવણ રાખી હતી. વળી જાનૈયાઓમાં પ્રશ્નોરા પુરુષોની રસિકતાની કંઇકંઇ વાતો સાંભળી. હું બીજા દિવસ માટે ન રોકાતાં છૂટો પડી ભાવનગર પહોંચી ગયો.

આ અરસામાં ખબરો આવી કે આફ્રિકામાં ગાંધીજીએ સાકર અને ગાયનું દૂધ છોડી દઈ આશ્રમ જીવન કડક બનાવ્યું છે; ભાવિ સત્યાગ્રહ માટે સાથીઓને વધુ તાલીમબદ્ધ બનાવે છે. (ચાલુ)

લેખક · રસિક ઝવેરી · એક બાળમિત્ર અને એની

જલમભોમકા

રૉયલ ફેસ્ટિવલ હૉલમાં રવિશંકરના સિતારવાદનનો કાર્યક્રમ હતો. બરાબર આઠ વાગ્યા સુધીમાં થીએટરમાં ગોઠવાઇ જવાનું. મોડા આવનારને ઇન્ટર્વલ પછી જ પ્રવેશ મળે. ભાનુ અને અન્દુ—અન્નદાની પાટિલ – સાડા છએ કાર લઇને મને હાઇડ પાર્ક પાસે મળવાનાં હતાં. પછી 'કાશ્મીર રેસ્ટોરાં'માં જમી લઇ, ગાડી પાર્ક કરવાના સમયની ગણતરી સાથે પોણા આઠે થીએટર પર અમારે પહોંચી જવાનું હતું.

લંડનમાં મારે હવે બે જ દિવસ રોકાવાનું હતું, સ્ટીમર 'વિક્ટોરિયા'માં પૅસેજ નક્કી થઈ ગયો હતો. હું હાઇડ પાર્કમાં લટાર મારી રહ્યો. એક પાકિસ્તાની એક નાના ટોળા આગળ ભારત વિરુદ્ધ ગાળો ઑકી રહ્યો હતો. બીજી બાજુ એક પાદરી એક બીજા ટોળાને સ્વર્ગ અને નરકની વાતો સમજાવી રહ્યો હતો. ત્યાં કોઇએ મને શુદ્ધ કાઠિયાવાડી લહેકામાં બૂમ પાડી : 'એ…એ…ઈ બચુભાઇ! એ મોટાભાઈ!'

મેં આશ્ચર્યથી પાછળ જોયું તો નજર સામે એક વધુ મોટું આશ્ચર્ય ઊભું હતું. તપખીરિયા રંગનો ગરમ ચૂડીદાર (સુરવાલ), બંધ ગળાનો કોટ, માથે કાઠિયાવાડી સાફો, હાથમાં હેવી ઓવરકોટ, એવો એક આદમી દોડતો આવી, વાંકો વળી મારે પગે પડ્યો. પછી કહે : 'કાં, મોટાભાઈ! તમે ક્યાંથી? ઓળખાણ પડે છે?'

હું કંઈક ગૂંચવાતો એની સામે તાકી રહ્યો. આહીં આ, લંડનમાં, મને ઓળખતો, મને મારા બચપણના નામે બોલાવતો આ માણસ કોણ! ત્યાં વળી એ જ બોલ્યો : 'તમે ન ઓળખ્યો મને, પણ મેં તો તમને વરતી કાઢ્યા હોં! તમે મામાને કોઠે, ભાવનગરમાં હીરા શેરીમાં રે'તા કે નંઈ? તમે કપિલભાઈ ઠક્કરના ભાણેજ બચુભાઇ જ ને? યાદ છે આપણે શેરીમાં હારે રમતા? ઓતા વાણિયાના હાટેથી ભાગ લઇને ખાતા? હું કાનજી ખવાસ!'

અને એકાએક સ્થળકાળનો ઓછાયો મારી નજર સામેથી ઓસરી ગયો. કાનજી અભેસંગ ખવાસ! અમારી શેરીમાં રહેતો. અમે બચપણમાં સાથે રમેલા, ફરેલા. આટલાં વરસે, અને છેક અહીંઆં એ આમ અચાનક સામે આવી ઊભો રહે તે ઝટ ક્યાંથી ઓળખાય?

'અરે…અરે, કાનજી! તું અહીંઆં ક્યાંથી?' કહેતોક ને હું એને ભેટી જ પડ્યો. દેશથી દૂર દૂર સાત સમંદર પાર, અહીં પારકા પરદેશમાં સ્વદેશનું એક કૂતરું યે વહાલું લાગે: તો આ તો મારો લંગોટિયો ભાઈબંધ કાનજી! એ યે મને જોઇને ખુશખુશ હતો.

'હું તો આંઈ તેણ વરહથી સું. દાક્તર સા'બની હારે; શેઠ દાક્તરની હારે, મેં તમને આબાદ વરતી કાઢ્યા હોં, મોટાભાઇ! વાળ ધોળા થ્યા, પણ અણુહાર નો ભૂલાય.'

અમે સડક પાસેના એકાદ બાંકડા પર ગોઠવાયા. મેં સિગારેટકેઈસ કાનજી સામે ધર્યું ત્યારે, 'ઈ બીડી મને નો ફાવે. આ હોકલી જેવી મજ્જા નંઇ. તમ તમારે પિયો, મોટાભાઇ!' કહી એણે માટીની અસ્સલ કાઠિયાવાડી હોકલી પેટાવી જમાવ્યું. પછી તો અમે અલકમલકની વાતે વળગ્યા.

'ઈ જમાનો યાવો નથી, હોં મોટાભાઈ! હવે તો દેશમાં યે સંધું ય ફરી ગ્યું. ઇ 'સનાતન'ની નિહાળ, ને ઇ રૂવાપરીનો દરવાજો, ને ઈ બોર તળાવ, ને પીલ ગાર્ડન, ઈ ગંગાજળિયાનું દેરુ, ને ઈ તખતેશરની મોજું, ઈ દાળમશાલી ને ભડેકિયાં પાન ખાવાનો ટેસ…ઇ સંધું ય હવે થાવું નથી. મારા તો કરમમાં જ વદિયા નંઈ. તમે તો મુંબી ગ્યા ને હું રઈ ગ્યો ભણ્યા વિનાનો કોરો ધાકોર. પછી વાળુકડના રામજીભા શેઠને ન્યાં હું ચાકરી રઇ ગ્યો. એને વરહ થ્યાં ચાળી ઉપર બે. આ દાક્તર સા'બ એમના દીકરા, ને ઈની હારે તેણ વરહથી આંઇકણે સું.'

'અરે કાનજી! તું તો નસીબદાર છો, ભાઇ! વગર ભણ્યે અહીંઆં લંડનમાં લહેર કરે છે, અને ભલભલાને અહીં આવવાની પરમિટ ય મળતી નથી.'

'ઇ તો સંધું ય ઠીકોઠીક સે, મોટાભાઈ! હું તો રામજી અદા હારે આપણો સંધો ય મલક ફરી વળ્યો. શેઠે એ…ઇ…ને રૂપાળી ચાર ધામની જાત્રા કરાવી. ને ગંગામા તો જાણે અંબાનો અવતાર જોઈ લ્યો! ચાકર માતરને પંડ્યનાં જણ્યાંની જેમ જાળવે, હોં મોટાભાઈ! ઈ સાચકલા માંણહું, ને ઈ જમાનો હવે થાવાં નથી. આ તો અદાએ પરાણે દાક્તર સા'બની ભેળો મેલ્યો, ને મેં જીમ કસરી કે મારા પંડ હાટે એને જાળવીશ એટલે રે'વું પડે. બાકી આપણો મલક ઇ આપણો મલક, બીજાં સંધાં ય ફાંફાં! ઇ જલમભોમકા ક્યાં ય થાવી નથી.'

કાનજી ખવાસ ડૉક્ટર શેઠની સાથે લંડન આવ્યો. પૅડિંગ્ટનમાં ડૉક્ટર પાંચ વરસ માટે છે. હજી બે વરસ કાઢવાનાં. ડૉક્ટર જર્મની ગયા છે એટલે કાનજી આજે લંડન આવ્યો છે; પણ એનું મન ભટકે છે એની 'જલમભોમકા'માં.

મેં કહ્યુ : 'મારી દીકરી ભાનુ અહીં ચાર વરસથી છે, એને મળવા આવ્યો છું.' તો કહે : 'દીકરી આપણી ચચ્ચાર વરહથી આંઇ ને મને તો ખબરે ય નંઇ! પણ તમતમારે બેફિકર રો'. હવે એની ફકર કાનજીને માથે. મને કે'વું નો પડે, હોં મોટાભાઇ!'

મેં કહ્યુ : 'કાનજી, આપણે તો બાળગોઠિયા. તું મને તમે કહીને બોલાવે એ ઠીક નહિ.' તો કહે : 'તમને કેટલાં થ્યાં?' મેં કહ્યુ : 'છપ્પન.' તો કહે : 'તંઈ તમે મારાથી તેણ વરહ મોટા. ને તમને ભણેલાગણેલાને તુંકારે બોલાવતાં જીભ નો ઊપડે.'

વાતોમાં સમય ક્યાં વીતી ગયો એની ખબર ન પડી. ભાનુની મોટરનું હૉર્ન સડક પરથી સંભળાયું એટલે મેં કાનજીને કહ્યુ : 'કાનજી, તું યે આજે અમારી ભેળો જ જમી લે.' તો કહે : 'ભલે, મોટાભાઈ!'

અમે 'કાશ્મીર રેસ્ટોરાં'માં ગોઠવાયાં. પહેલાંથી ફોન કરીને વરદી આપી હતી એટલે જમવાનુ તરત જ આવ્યું. કાનજીએ છરીકાંટાથી અદબસર જમવા માંડ્યું. બધી એટિકેટ એ બરાબર જાણતો અને જાળવતો. જમતાં જમતાં અમે વાતે વળગ્યાં.

કાનજી કહે : 'દીકરી મારી, તું અહીં ચાર વરહથી, પણ મને તો ખબરે ય નંઈ! તારે આંઈ કોઇ વાતે ય મુંઝાવું નંઈ. અડીઓપટીએ આ કાનજીને બસ એક ટેલિફોન કરી દેવો. મારી તો આંખ્યું ટાઢી થઈ તમારી આ શિવ-પારવતી જેવી જોડી જોઇને!'

અને જ્યારે ખબર પડી કે અન્દુને ગુજરાતી નથી આવડતું ત્યારે એની સાથે હિન્દીમાં ફેંકવા માંડ્યું: 'તુમ તો સા'બ બડા નસીબવાળા, હોં કે! અમારી છોડી રતન જેસી હે. ઓર કંઈ કામ પડે તો હમકુ બસ એક ટેલિફોન કર દેના. હમ તો તુમારા કાકાજી લગતા. કોઈ વાત સે મુંઝાના નંઈ.'

પ્રાચીન પદાર્થોની જાળવણી

એસ. કે. ભૌમિક

કોઈ પણ સમાજની સંસ્કારપ્રવૃત્તિઓમાં તેનાં સંગ્રહાલયોનું મહત્ત્વ ઘણું ઊંચું અંકાય છે. આ સંગ્રહાલયો માત્ર કુતૂહલજનક કે દુર્લભ વસ્તુઓનો ભંડાર ન બની રહેતાં સતત બદલાતા રહેતા યુગની અતિમૂલ્યવાન યાદને જાળવી રાખે છે. હજારો વર્ષ પહેલાંની સંસ્કૃતિઓના અવશેષો, નિર્વંશ ગએલી વિવિધ જીવનસૃષ્ટિની સ્મૃતિઓ કે સામાન્ય માણસને પહોંચવું પણ દુર્ગમ થઈ પડે એવાં એવાં સ્થાનોની અવનવી અજાયબીઓ વગેરેથી માંડી અર્વાચીન સંસ્કૃતિનાં સોપાન દર્શાવતા અનેક પ્રકારના નમૂનાઓ સંગ્રહાલયમાં રખાય છે. સમાજના ઉચ્ચોચ્ચ નિષ્ણાતો ને વિજ્ઞાનીઓની વર્ષોની મહેનતનો નિચોડ આવાં સંગ્રહાલયોમાં સંઘરાઇને વર્તમાન તથા ભાવિ પ્રજાને મનોરંજન સાથે પ્રત્યક્ષ જ્ઞાન પૂરું પાડે છે. આમ, સંગ્રહાલય સાચા અર્થમાં સંસ્કાર-કેન્દ્ર હોઇ એ રીતે મહાવિદ્યાલય સમું ગણી શકાય. એમાં સંઘરાએલા કેટલાક નમૂના તો અત્યંત વિરલ હોઈ જો કોઈ પણ કારણસર નુકસાન પામે તો આપણે એ સદાને માટે ગુમાવી બેસીએ. અને એટલે જ સંગ્રહાલયમાં પ્રદર્શિત થતી પ્રત્યેક ચીજ એની જાળવણી માટે એટલી જ આગવી ચીવટ માગે છે.

અદ્યતન ગણાતાં સંગ્રહાલયોમાં તો ત્યાંના કિંમતી સંગ્રહની જાળવણી માટે નિષ્ણાતોની દેખરેખ તળે વૈજ્ઞાનિક સાધન-સામગ્રીથી સુસજ્જ એવો એક ખાસ વિભાગ નિભાવવામાં આવે છે. સંગ્રહાલયના દરેક નમૂનાનું પરીક્ષણ કરી, એને વર્ષો સુધી સારી હાલતમાં ટકાવી રાખવા માટે જરૂરી એવી બધી વ્યવસ્થાની જવાબદારી આ વિભાગ સંભાળે છે, ને ઉષ્ણતામાન, ભેજ, દૂષિત વાતાવરણ, ફૂગ, હાનિકારક કીટાણુઓ વગેરે સામે સંઘરાએલા નમૂનાનું રક્ષણ કરે છે. આવી જાળવણી ધારીએ એટલી સરળ નથી; વિજ્ઞાનની ઘણી અટપટી બાબતો એની સાથે સંકળાએલી છે. ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર ને જીવવિજ્ઞાન ત્રણેનો એમાં ખપ પડે છે. અને કેટલાક નમૂના પર તો પ્રકાશની પણ અસર પડે છે.

આપણા દેશમાં પણ આ દિશામાં હવે ઠીકઠીક વિકાસ થવા માંડયો છે. 'ભારતીય પુરાતત્ત્વ નિરીક્ષા'ને ઇ. ૧૯૦૨માં પ્રથમ વાર આવા પ્રાચીન અવશેષો, સ્મારકો અને સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરેલા નમૂનાઓને આ રીતે જાળવવાની અગત્ય સમજાઇ અને ઈ. ૧૯૧૭માં કલકત્તાના ભારતીય સંગ્રહસ્થાનમાં પુરાતત્ત્વીય વિજ્ઞાની હસ્તક એક 'રાસાયણિક પ્રયોગશાળા' સ્થાપી એનો આરંભ કરવામાં આવ્યો. એ પછી એ પ્રયોગશાળાને દેહરાદૂન ખસેડવામાં આવી. બ્રિટનની સંગ્રહસ્થાન-પ્રયોગશાળાની પરંપરાને અનુસરતી એ પ્રયોગશાળામાં ઍલેક્ઝાંડર સ્કૉટ અને પછી ડૉ. પ્લૅન્ડરલિથે કલા તેમજ પ્રાચ્યાવશેષોને જાળવવાની અગત્યની રીતોનો વિકાસ સાધ્યો. તે પછી હવે તો મદ્રાસના સંગ્રહસ્થાનમાં અને દિલ્હીના 'રાષ્ટ્રીય સંગ્રહાલય'માં પણ રાસાયણિક પરીક્ષણ માટેની પ્રયોગશાળાઓ સ્થપાઈ છે.

ગુજરાતના રાજ્ય-આયોજિત અને સંચાલિત સંગ્રહાલય, વડોદરા ખાતેની 'મ્યૂઝિયમ ઍન્ડ પિક્ચર ગૅલરી'એ પણ આ દિશામાં પગલાં લઈ ઈ. ૧૯૬૨માં આવી જ એક પ્રયોગશાળા શરૂ કરી છે. આ પ્રયોગશાળા ત્યાં સંઘરાએલા નમૂનાઓની જાળવણીના કાર્ય ઉપરાંત વડોદરાનાં આબોહવાને ખયાલમાં રાખી આ ક્ષેત્રમાં ઉપયોગી એવાં અવનવાં દ્રવ્યો ને રસાયણો અંગે પણ સંશોધન કરે છે.

કલાના નમૂનાઓ અને પુરાણી વસ્તુઓની રચના-પદ્ધતિ જાણવી એ પ્રયોગશાળાનાં કાર્યોનું એક અન્ય પાસું છે. સરકારી તેમજ ખાનગી અનેક સંસ્થાઓને ધાતુ, મિશ્ર-ધાતુ, માટીની પકવેલી ચીજો (ટેરાકોટા), વણાટકામ ને છાપેલા નમૂનાઓ, કાચ, ચિત્રકામ પુસ્તકો, હસ્તપ્રતો, કાષ્ઠકૃતિઓ, હાડકાંની ચીજો, તેમજ હાથીદાંત ને બીજી અનેક વસ્તુઓની જાળવણી બાબત આ પ્રયોગશાળા દ્વારા સલાહ અને સહકાર આપવામાં આવ્યાં છે.

એક અન્ય રીતે આ પ્રયોગશાળાની કામગીરી ચિકિત્સાલય જેવી પણ છે. સંઘરેલા નમૂનાઓને થતા રોગોનું નિદાન. નબળી કે તૂટી ગએલી ચીજનું પુનર્ઘટન, સડો પેદા કરનાર તત્ત્વો સામે સંરક્ષણ વગેરે કામગીરી કોઈ ઇસ્પિતાલ જેવી જ છે. ખરી રીતે તો દરેક સંગ્રહાલયમાં 'સંપૂર્ણ સંરક્ષણ પ્રયોગશાળા' હોવી જરૂરી છે, પણ એ અત્યંત ખર્ચાળ હોઈ તથા એ માટેના નિષ્ણાતોની ખેંચ હોવાથી દરેક રાજ્યમાં 'મધ્યસ્થ સંરક્ષણ પ્રયોગશાળા' સ્થાપીને એને વિસ્તૃતપણે વિકસાવી શકાય, જે જુદાંજુદાં સંગ્રહસ્થાનો, પુરાતત્ત્વખાતાં, વાચનાલયો અને રાજ્યની જાહેર સંસ્થાઓને કલાના નમૂનાઓ, પુસ્તકો, કીમતી દસ્તાવેજો, પ્રાચીન અવશેષો અને ઇમારતો વગેરેની જાળવણીના કાર્યમાં સલાહ-સહકાર આપી શકે. દેશની અનેકમુખી સંસ્કૃતિની તેમજ પ્રાચીન કે વર્તમાન ઇતિહાસની સામગ્રીઓની કાયમી જાળવણી માટે વિચારવાનો સમય હવે પાકી ગયો છે જ.

અમારે ઉતાવળ હતી. જમવાનું પૂરું થયું એટલે અમે અંદર હાથ ધોવા ગયાં. પાછાં આવી કૉફી પીવા બેઠાં ત્યારે કાનજી અંદર ગયો. થોડી વારે આવીને ગોઠવાયો. અમે બિલની રાહ જોતાં બેઠાં હતાં ત્યાં વેઈટર બિલ અને પરચૂરણ સાથે હાજર થયો અને ડિશ કાનજી સામે ધરી. અમે અંદર ગયાં ત્યારે કાનજી પાંચ પાઉન્ડની નોટ કાઉંટર પર સરકાવી આવ્યો હતો. ટિપનો હિસાબ ગણી પાંચ શિલિંગ એણે ડિશમાં રહેવા દીધા. મેં કહ્યું: 'કાનજી, આ શું? તું તો અમારો મહેમાન. તારાથી પૈસા અપાય જ નહિ.' તો કહે; 'દીકરીજમાઇને પે'લી વાર જોયાં, મોટાભાઈ! કાંઈ બોલો તો મારા ગળાના સમ!'

એ ભોળા માણસને કહેવું શું? પછી વળી પાંચ પાઉન્ડની બીજી નોટ કાઢી ભાનુના હાથમાં આપવા માંડી. મેં કહ્યું: 'અરે, અરે...આ તું શું કરે છે?' તો કહે: 'ઈ તો વે'વારની વાત સે, મોટાભાઇ. એમાં તમારાથી કંઈ બોલાય જ નંઈ. લઇ લે દીકરી, તને જમાડીને કાપડું કરવું જોવે મારે. તારા બાપુ ને હું નાનપણમાં ભેળા રમતા ઇ વે'વારે હું તો તારો કાકો થાઉં.'

અમારા સૌની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ભાનુ ઊભી થઇ વાંકી વળી કાનજીને પગે લાગી ને પાંચ પાઉન્ડની નોટ એણે પર્સમાં મૂકી, વિલીન થતા જમાનાના અવશેષ જેવા આ સાચકલા માણસની ભાવનાની અવગણના કરવાની એનામાં હિંમત જ નહોતી.

બે દિવસ પછી લંડન છોડયું ત્યારે કાનજી મને વિક્ટોરિયા સ્ટેશને વળાવવા આવ્યો હતો. એના મોંમાં બસ એક જ વાત હતી: 'આપણા મલક જેવો મલક થાવો નથ, મોટાભાઈ! આંઇકણે મારા જેવાને નો સોરવે, પણ જીવ કસરી એટલે રે'હું પડે. બાકી જલમભોમકા ઇ જલમભોમકા!'

૧૮૭ ('કુમાર' અંક ૫૧૦)

કીન્યા


જાગૃત આફ્રિકાના એ નવા રાષ્ટ્રનો વધુ પરિચય

પૂર્વ આફ્રિકાનું આ નવું રાષ્ટ્ર સવા બે લાખ ચોરસ માઇલમાં વિસ્તરેલું છે. અનેક રીતે ભિન્ન એવા ભૂ-વિસ્તારોમાં વહેંચાએલા આ રાષ્ટ્રનો ઉત્તર તરફનો લગભગ અરધા જેટલો ભાગ સૂકો, વગડાઉ ને કાંટાળી ઝાડીઓથી છવાએલો છે. ભટકતી જાતિઓ ત્યાં પોતાનાં ઢોર, ઊંટ કે ઘેટાં-બકરાં ચરાવે છે. યુગાન્ડા તરફની સીમાથી શરૂ થતી આ પડતર ભૂમિ સુદાન-ઈથીઓપિયા તરફથી છેક હિંદી મહાસાગર સુધી વિસ્તરેલી છે.

દરિયાકિનારા પાસેના આ નીચા સપાટ પ્રદેશમાં, ખાસ કરીને બંદરોની નજીક, તાડ-નારિયેળીનાં પાનનાં છાપરાંથી ઢંકાએલાં માટીનાં ઘરોવાળાં ટચૂકડાં ગામડાં છૂટાંછવાયાં પથરાએલાં પડયાં છે. એમની આસપાસ નારિયેળ ને આંબાનાં વાવેતરો જોવા મળે છે. રજાઓ ગાળવા આવતાં સહેલાણીઓ માટે હમણાંહમણાં અહીંતહીં મોટાં મકાનો કે હોટેલો પણ બંધાયાં છે. કિનારા નજીકનો આ વિસ્તાર ગરમ ને ભેજવાળો હોવા છતાં વર્ષના આઠનવ મહિના ખુશનુમા રહેતો હોઈ સાગરસ્નાનના શૉખીનોને આકર્ષે તેવો છે. ઊંડા જળમાં માછલીઓ પકડવાની કે ઊંડી ડૂબકીઓ લેવાની સવલત પણ એક આકર્ષણ છે. સપાટ કંઠાર પર હારબંધ વાવેલી કેતકી (સીસલ)ના છોડ ભોંયમાં જાણે કોઈ લશ્કરના ભાલા ખોડાયા હોય એવા દેખાય છે.

દરિયામાં સમાંતર પેસતી બે ભૂશિરોવાળા એક ટાપુ પર વસેલું મૉમ્બાસા ઇશાન અને નૈઋત્ય તરફ દેશના મુખ્ય ભૂમિભાગથી છૂટું પડે છે. જૂના ને નવા બંદર તરીકે એ ભાગો ઓળખાય છે. કીન્યાની લગભગ બધી નિકાસ મૉમ્બાસા બંદરેથી જ થાય છે એટલું જ નહિ, યુગાન્ડા અને કાંગોની પણ ઘણી નિકાસ અહીંથી જ થાય છે. બહુ જૂના કાળથી આ શહેર વસેલું છે. અરબ પ્રવાસી શેખ ઇબ્ન બતૂતાએ ૧૩૩૧માં અહીંની મુલાકાત લીધાની નોંધ કરી છે. ઈ. ૧૪૯૮માં વાસ્કો દ ગામા પણ અહીં આવ્યો હતો.

આ સપાટ પ્રદેશથી આગળ સામાન્યતઃ ઊંચો ચડતો દક્ષિણ તરફનો કીન્યાનો અરધો ભાગ ફળદ્રુપ છે. પૂર્વ આફ્રિકામાં મોટામાં મોટું ને કીન્યાનું રાજધાનીનું શહેર નાઇરોબી એ પ્રદેશમાં છે. આ સદીના આરંભમાં કીન્યામાં રેલમાર્ગ બંધાવો શરૂ થયો એમાંથી આ નગર ઊભું થયું. અહીં સુધી રેલમાર્ગ પહોંચ્યા પછી થોડા જ સમયમાં સરકારી દફતરો અહીં આવી ગયાં ને ત્યારથી આ શહેરનો વિકાસ થવા માંડ્યો. આજે ફૂલગુલાબી જૅકરેન્ડા, કેસરી ફ્લૅમ્બૉયન્ટ કે ભભકતા જાંબલી બોગનવેલિયાથી શોભતા એના કેટલાક નવા માર્ગો તો આફ્રિકામાં જ નહિ પણ કદાચ દુનિયાના બીજા કોઈ પણ શહેરના માર્ગો કરતાં યે વધુ રળિયામણા લાગે છે.



કીન્યા અને આફ્રિકામાં એનું સ્થાન દર્શાવતો નકશો. નીચે: અનેક મુશ્કેલીઓ વચ્ચે ત્યારે રેલ-માર્ગનું કામ ચાલતું હતું ત્યારનું એક ચિત્ર. એમાં એશિયન કામદારો જોવા મળે છે.

ઉચ્ચ પ્રદેશોમાં તો પાંચથી દસ હજાર ફૂટની ઊંચાઇનો વિસ્તાર છે. આ પ્રદેશો ફળદ્રુપ હોઈ ગોરાઓની માલિકીનાં ખેતરોનો પથારો ત્યાં પથરાએલો છે. મોટે ભાગે ઘઉં ને ઢોર માટેના ઘાસચારાનું ત્યાં વાવેતર થાય છે. કૉફી, ચા, પાયરેથ્રમ વગેરે જેવા કિંમતી રોકડિયા પાક પણ લેવાય છે. અરધી સદી સુધી તો આ ઉચ્ચ પ્રદેશ ખાસ ગોરાઓ માટે જ રાખવામાં આવેલો. એનો પૂરો લાભ લઇ તેમણે આજ સુધી કીન્યાની નિકાસમાં ઘણો કીમતી ફાળો આપેલો છે. પાછળથી આ વિસ્તારમાં વસવા માટેના આફ્રિકનો અને એશિયાવાસીઓ સામેના પ્રતિબંધો ઉપાડી લેવાયા છે. આ સિવાયના ઉચ્ચ પ્રદેશના કેટલાક વિસ્તારમાં આફ્રિકનો પણ વસેલા તો છે જ. તેઓ અનાજ, શાકભાજી, કપાસ, કૉફી વગેરેની જમીનના દસબાર એકરના નાનાનાના ટુકડા પર ખેતી કરે છે. આ ખેતરો 'શામ્બા' કહેવાય છે. ફળદ્રુપ ભાગ તરફ તો આફ્રિકન વસતિ ગીચ છે. એની નજીકમાં જ વિશાળ રક્ષિત જંગલો આવેલાં છે. માઉન્ટ એલ્ગનનાં બારે માસ બરફથી છવાએલાં ને વાદળોથી ઢંકાએલાં ઉત્તુંગ શિખરો આ જંગલોમાં જ છે.

નાઇરોબીની પશ્ચિમે ભૂમિ વધુ ઊંચી જતી જાય છે. પશ્ચિમમાં કીન્યાની સરહદ પર દુનિયાનું ત્રીજું મોટામાં મોટું ૨૬,૨૦૦ ચો. માઇલનું અતિ વિશાળ વિક્ટોરિયા સરોવર છે. આમ, કીન્યા ડુંગરો ને ખીણો, સપાટ મેદાનો ને ઉચ્ચ પ્રદેશો, સૂકાં રણ અને હરિયાળી ફળદ્રુપ ભૂમિ – આવી અનેક વિરોધી ભિન્નતાવાળો દેશ છે.

આવી જ ભિન્નતા અહીંની પ્રજામાં પણ છે. અહીંની લગભગ ૮૬,૭૪,૦૦૦ની વસતિમાં ૮૦;૦૦,૦૦૦ હબસીઓ; ૧,૮૦,૦૦૦ એશિયાવાસીઓ, ૪૦,૦૦૦ અરબ અને ૬૬,૦૦૦ ગોરા છે.

કીન્યાનો આજનો વિકાસ ત્યાંના રેલમાર્ગને આભારી છે. એ રેલમાર્ગના આરંભ સાથે કીન્યાના ઇતિહાસે એક નવો જ પલટો લીધો. એક કાળે કીન્યાનું મહત્ત્વ 'યુગાન્ડા જવાના માર્ગ' પૂરતું જ હતું. આ રેલમાર્ગ પણ યુગાન્ડાને પૂર્વના દરિયાકાંઠા સાથે જોડવાના ખયાલથી બંધાએલો અને તે માટે, એ કાળે તો ઘણી મોટી કહેવાય





એલ્ડોરેટ નજીકની નવી ખેત-જમીન

એવી, એંશી લાખ પાઉન્ડની રકમ ખર્ચાએલી.

આ રેલમાર્ગ બાંધવામાં હિંદી મજૂરોએ ઘણો ભાગ લીધેલો. એમનો ખોરાક છેક દરિયાકાંઠેથી ને કેટલોક તો છેક હિંદુસ્તાનથી લાવીને આપવો પડતો. પાણીની પણ એવી જ ખેંચ હતી. રોગચાળો, બીમારી, હડતાલ, માલસામાનની અછત, વરસાદની ખેંચ, નરભક્ષી સિંહોનો• ત્રાસ વગેરે અનેકવિધ મુશ્કેલીઓ વચ્ચે કામ ચાલી ઈ. ૧૮૯૯ના મે માસ સુધીમાં આ માર્ગ ઢોરોને પાણી પીવાના એક સ્થાન સુધી પહોંચ્યો. એ ભેજવાળા ઊંચા પ્રદેશની આબોહવા સરસ હતી એટલે એ સ્થળે આ રેલમાર્ગ માટેનું વર્કશૉપ અને દફતરી મથક બનાવવાનું નક્કી થયું. આગળ જતાં એ સ્થાન આજના નાઇરોબી નગરનું સ્વરૂપ પામ્યું. ત્યાંથી પૂર્વ તરફ ખડકાળ ઢાળમાં માર્ગ ૧૫૨૩ ફૂટ જેટલો ઢળે છે. ત્યાં માલસામાન પહોંચાડવા ખાસ પ્રકારના ઊંટડા બનાવવા પડેલા. બીજી બાજુ આ માર્ગ માઉ શિખર પસાર કરી છેલ્લે વિક્ટોરિયા સરોવરને કાંઠે (એ વખતે પોર્ટ ફ્લૉરેન્સ તરીકે ઓળખાતા) આજના કિસુમુ મુકામે ૧૯૦૧ના ડિસેમ્બરમાં પહોંચ્યો. આખો કીન્યા વીંધી યુગાન્ડા સુધીની હેરફેર હવે સરળ બની ગઈ. માર્ગ પર અગાઉ જ્યાં છૂટાછવાયા મસાઈઓ રહેતા હતા ત્યાં હવે ગોરા વસાહતીઓની અવરજવર શક્ય બની અને એમની પાછળ આર્થિક, ઔદ્યોગિક, સામાજિક ને રાજકીય વિકાસ પણ આવ્યો.

હિંદી મહાસાગર ને વિક્ટોરિયા સરોવર પરનાં બંદરોને જોડતા ને એકબીજા સાથે સંધાએલા યુગાન્ડા, કીન્યા ને ટાંગાનિકાના રેલમાર્ગોનો વહીવટ એ ત્રણેની સરકારો વતી કીન્યા, યુગાન્ડા અને ટાંગાનિકાની સરકારો વતી 'ઈસ્ટ આફ્રિકન કૉમન સર્વિસ ઑર્ગેનિઝેશન' નામની સંયુક્ત સેવાઓ તળે એનું સંચાલન થાય છે. વળી એ જ સેવા



નાઇરોબીનું એક દૃશ્ય

હેઠળ રેલવે અને બંદરો, પોસ્ટ અને ટેલિગ્રાફ, કસ્ટમ, ઇન્કમટૅક્સ આદિના વહીવટ ઉપરાંત ઇસ્ટ આફ્રિકાને માટે મૂલ્યવાન એવાં અનેક સંશોધનોનું કાર્ય પણ થાય છે.

અહીંના હબસીઓ પણ ચાળીસેક જાતિના છે. આ જાતિઓમાં શારીરિક તફાવત કે સંસ્કૃતિ ને રહેણીકરણીનો જ ફેરફાર છે એવું નથી, પણ એમની ભાષાઓ પણ અલગ અલગ છે. ૧૯૬૩માં સત્તા પર આવેલા 'કીન્યા આફ્રિકન નૅશનલ યુનિયને' આ બધી જાતોને 'કીન્યા સોસાએટી'ના રૂપમાં એકત્ર કરવા ધારી છે.

કીન્યાની વસતિના દરેક ભાગે આ દેશના લાભમાં આગવો ફાળો આપ્યો છે. ગોરાઓ મૂડી અને માલ નિકાસ કરવાનું જ્ઞાન લાવ્યા જે એ વખતે હબસીઓમાં નહોતું. પણ એથી યે પહેલાં એશિયાવાસીઓ આ દેશના કંઠારના પ્રદેશોથી પરિચિત હતા. કીન્યા-યુગાન્ડા રેલમાર્ગના કામ વખતે ૩૦,૦૦૦ જેટલા હિંદીઓ અહીં આવેલા ને તે પછી અનેક રીતે તેઓ અહીં ગોઠવાઈ ગયા. વેપારી તરીકે તેઓ શહેરોમાં જ નહિ પણ દૂરદૂરનાં ગામડાંમાં પણ માલ પહોંચાડે છે.

અરબો પણ કીન્યાને કિનારે સદીઓથી આવતાજતા હતા. આજના કીન્યાનો ઘણો ભાગ અગાઉ ઝાંઝિબારના અરબ સુલતાનના તાબામાં જ હતો. એના વડવાઓએ ઈ. ૧૬૯૮માં વલંદાઓ પાસેથી મૉમ્બાસા લીધું હતું. ૧૮૮૬થી કીન્યાના બીજા વિસ્તારો બાદ થઈ મૉમ્બાસા સાથેની કંઠારની દસેક માઈલ પહોળી પટ્ટી પર ઝાંઝિબારના સુલતાનની જ હકૂમત ચાલતી હતી ને એના બદલામાં એ કીન્યાને વર્ષાસન આપતો. ૧૯૬૩માં 'કીન્યા ઇન્ડિપેન્ડન્સ કૉન્ફરન્સ'માં નક્કી થયું કે સ્વાતંત્ર્ય મળે ત્યારે કંઠારનો એ પ્રદેશ કીન્યામાં ભેળવી દેવો.

આમ, વિવિધ પ્રજા વચ્ચેપણ કીન્યામાં આફ્રિકનોની વસતિ ઘણી વધારે છે. એમના પૂર્વજો ભલે પછાત હતા, પણ આજના હબસીઓ ઘણા આગળ વધેલા છે. સનદી નોકરી, શિક્ષણ તથા હુન્નરોમાં તેઓ સારી રીતે તૈયાર થઈ ગએલા છે. પોલીસ દળમાં તો તેઓ જ છે.

મુખ્યત્વે ખેતી, ઢોરઉછેર, અતિ ભારે નહિ એવા ઉદ્યોગો, પ્રાણીસમૃદ્ધિ, વાહનવ્યવહારની સગવડ વગેરે આજના કીન્યાનાં કેટલાંક જમા પાસાં છે. મૉમ્બાસા એના બધા વ્યવહારનું કેન્દ્ર છે અને માત્ર કીન્યા જ નહિ પણ યુગાન્ડા અને (અગાઉના) ટાંગાનિકાના ઉત્તર ભાગને માટે પણ એ એક મહત્ત્વનું બારું બની રહ્યું છે.

કોલસા કે તેલ જેવા બળતણની અછતને કારણે ભારે ઉદ્યોગો સ્થાપવામાં મુશ્કેલી નડે છે, પણ તે પછીના ક્રમના ઉદ્યોગો ત્યાં ઠીકઠીક છે એટલું જ નહિ, પણ પૂર્વ આફ્રિકાના ઉદ્યોગોનો મોટો ભાગ અહીં જ છે. ધાતુની વસ્તુઓ, ખાદ્ય સામગ્રીઓ, સિમેન્ટ, સિગારેટ્સ, કાપડ, જોડા અને રાચરચીલાના ઉત્પાદનમાં ૧૩૦થી યે વધુ પેઢીઓ આગળપડતું કામ કરી રહી છે. વળી મગાડી સરોવરમાંથી મીઠું મેળવવા ઉપરાંત સોડાની કીન્યા મોટી નિકાસ કરે છે. મૉમ્બાસામાં સ્થપાએલી રીફાઇનરી મધ્ય પૂર્વથી આવતા ક્રુડ ઑઇલમાંથી ૨૦ લાખ ટન જેટલું તેલ શુદ્ધ કરશે એમ મનાય છે. પ્રવાહી વાયુ, મોટર સ્પિરિટ, કેરોસીન, વિમાનો માટેનું તેલ, ડીઝલ વગેરે ઉપરાંત વરસે ૪૦૦૦૦ ટન બિટમેન પણ એ તૈયાર કરશે. પોલાદ, સૂકો બરફ અને દીવાસળીનાં કારખાનાં પણ તૈયાર થઈ રહ્યાં છે. કાગળ, ખેતીનાં યાંત્રિક સાધનો, ઈમારતી સામગ્રીઓ, ઍલ્યુમિનિયમ અને પોલાદની વસ્તુઓ, બાઈસિકલો, કાચની ચીજો, ટાયરો, સિગારેટો ને હળવાં પીણાંના ઉત્પાદન માટે હજી અહીં ઘણી તકો છે.

• અંક ૩૨૯થી૩૩૪માં એની રસમય કથા 'નરભક્ષી સિંહો' આવી ગઈ.

શ્રેષ્ઠ માનવવિભૂતિ—
શિલ્પદીપંકર સ્વર્ગસ્થ નંદલાલ વસુ

લેખક
રવિશંકર રાવળ

સ્વ. નંદલાલ વસુ કેવળ બંગાળની જ કલાસૃષ્ટિના મુખ્ય પ્રણેતા ન હતા. ૮૩ વર્ષના દીર્ઘ જીવનકાળમાં ભારતભરના અનેક તરુણ વિદ્યાર્થીઓને કલાદીક્ષા આપી તેમણે તો સમગ્ર ભારતમાં ભૂમિજાત કલા-સંસ્કૃતિની પ્રતિષ્ઠા કરીને તેનો મહિમા વધાર્યો છે. પોતાનાં કલાસર્જનોમાં તેમણે અનેકાનેક પ્રયોગો અને પ્રકારો સાથે આશ્ચર્યજનક વૈવિધ્ય અને વૈચિત્ર્યો પણ ઉપજાવ્યાં છે. પ્રતિભાવાન કલાસર્જન ઉપરાંત તેમનાં જીવનકાર્યો અને સામાજિક પ્રવૃત્તિઓ દ્વારા તેમનામાં એક શ્રેષ્ઠ માનવવિભૂતિનું દર્શન થાય છે. શાન્તિનિકેતનના પ્રતિભામંડળમાં ગુરુદેવ રવીન્દ્રનાથ પછીની બીજી હરોળમાં વિરાજતા તેજસ્વી નક્ષત્રપુંજમાં તેમનું નામ મોખરે હતું.

તેમનો જન્મ ઇ. સ. ૧૮૮૨ની ૩જી ડિસેમ્બરે બિહારના મોંગીર જિલ્લામાં આવેલા ખડ્ગપુર ગામે થયો હતો. પિતા પૂર્ણચંદ્ર વસુ દરભંગા રાજ્યની જમીનદારીમાં જંગલના અમલદાર હતા. વીસેક જેટલાં માણસોના કુટુંબના તે સંસ્કારી વડીલ હતા. નંદબાબુનાં માતા ક્ષેત્રમણિ ગૃહકાર્યમાં નિષ્ણાત કલાધરી હતાં. તેઓ સુંદર વસ્ત્રકળા કે બાટિક કળાની ચીજો બનાવી જાણતાં. નંદબાબુને શૈશવકાળમાં તેનું આશ્ચર્યભર્યું કુતૂહલ હતું. કુંભારોની માટીકામની કળા અને નવરાત્રિમાં ઘડાતી કાલીદુર્ગાની પ્રતિમાનું તેમને ખૂબ આકર્ષણ રહેતું.

ખડ્ગપુરમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ કલકત્તા જઈ આગળ અભ્યાસ કરીને સેન્ટ્રલ કૉલેજિયેટ સ્કૂલમાંથી વીસમે વર્ષે એન્ટ્રન્સની પરીક્ષા પસાર કરી. એમની કલારુચિને વડીલોની અનુમતિ ન મળતાં કૉલેજમાં દાખલ થયા. તે જ વર્ષે એકવીસની વયે શ્રી સુધીરાદેવી સાથે તેમનું લગ્ન થયું. તેમનાં સાસરિયાં વળી તેઓ ડૉક્ટર બને એવું ઈચ્છતાં; પણ કૉલેજમાંથી જ તે રવિવર્માની 'મહાશ્વેતા' ને રૅફેલની 'મૅડોના' આદિની નકલો કરતા થઈ ગયા હતા (શાળામાં હતા ત્યારે હિતોપદેશની વાર્તાઓ ચિત્રરૂપે આલેખી કાઢેલી અને કૉલેજમાં વર્ડ્ઝવર્થના કાવ્યપુસ્તકના હાંસિયામાં સુશોભનો કરેલાં). પરિણામે ભણવામાંથી રસ ઊડી ગયો અને એફ. એ. (પ્રથમ વર્ષ)માં જ લાગલાગટ બે વખત નિષ્ફળતા મળતાં કલકત્તાની સરકારી આર્ટ સ્કૂલમાં દાખલ થયા. દરમ્યાન ડ્રાફ્ટ્સમૅનનું ભણતા પોતાના મશિયાઈ ભાઈ અતુલ મિત્રની પાસે રહી છએક માસ ચિત્રકાર્ય કરતા રહ્યા હતા અને અવનીન્દ્રનાથનાં ચિત્રોથી મુગ્ધ થયા હતા. ત્યાંના એક મિત્ર તેમને અવનીન્દ્રનાથ પાસે લઇ ગયા. અવનીન્દ્રનાથ તેમની હથોટી જોઈ પ્રસન્ન થઇને તેમને કલાશાળાના પ્રિન્સિપલ હૅવેલ પાસે લઈ ગયા. પછી તો ગુરુ-શિષ્ય વચ્ચે યજ્ઞદીક્ષા જેવો સંબંધ થયો. કલાશાળામાં હિંદી શૈલીમાં ચિત્રો શીખવતા પટણાના એક પુરાણા ઘરના ચિત્રકાર લાલા ઇશ્વરીપ્રસાદ પાસે તેમણે થોડું શિક્ષણ લીધેલું.

ભારતની કલામાં નવજાગૃતિઆણનાર અવનીન્દ્રનાથ પણ ઇ.૧૮૯૫ સુધી તો યુરપી પદ્ધતિથી જ ચિત્રો કરતા; પણ કલકત્તાની સરકારી કલાશાળાના આચાર્ય હૅવેલે જ્યારે આ દેશની પરંપરાગત કલાનાં ઉત્તમોત્તમ મુઘલ અને રાજપૂત શૈલીનાં ચિત્રો પ્રાપ્ત કરી તેના સૌન્દર્યની રતિ સ્પષ્ટ કરી ત્યારે તેમાંથી પ્રેરણા મેળવીને અવનીન્દ્રનાથે ઈ. ૧૯૦૧ના અરસામાં ભારતીય પરંપરાના તંતુ પર નવાં સર્જનો કરવા માંડચાં અને તેમાં આશ્ચર્યકારક પ્રગતિ બતાવી. નંદબાબુને તેમની પાસેથી ભૂમિજાત કલાની પ્રેરણા, સાધના અને દીક્ષા મળ્યાં.



પદ્મવિભૂષણ નંદલાલ વસુ

ભારતીય કલાની પ્રેરણા અને લોકભાવનાના સ્તરમાંથી જે રાષ્ટ્રીય કલાનો ઉદ્‌ભવ થયો તેના મહાન પ્રણેતા શ્રી નંદલાલ વસુના અવસાનથી એ કલાએ એક અધિકારી પ્રવક્તા ગુમાવ્યો છે. અવનીન્દ્રનાથ પછી ભારતીય કલાસ્વરૂપનું નવોત્થાન કરનાર ખરેખર તો તેઓ જ હતા. કોઈપણ ટાગોરવ્યક્તિ કરતાં પણ તેમની કલાત્મક સિદ્ધિઓ વિશેષ મહત્ત્વપૂર્ણ હતી.

નંદલાલ વસુની ચિત્રશૈલીમાં એક ચોટદાર સ્વયંપ્રતિભા હતી. તેમનામાં ઋષિકોટિની શુચિતા અને સ્વસ્થતા હતી, તેમ કલાકારની ખુમારી અને મિજાજ પણ હતાં. શાસ્ત્રીયતાની સાંકડી મર્યાદામાં રહીને પણ એમણે જે સિદ્ધિ હાંસલ કરી છે તે એમના જેવું આધ્યાત્મિક દર્શન, બૌદ્ધિક સમતુલા અને કલાત્મક સૂઝ નહિ ધરાવનાર કોઇને પણ માટે તો અસાધ્ય જ રહેત. કોઈ પૂછે કે નંદલાલ વસુની શૈલીના આગળ તરી આવતા ગુણ કયા ? તો તરત કહી શકાય કે રેખાની સુકુમારતા અને લાઘવ; રંગની ઝલક; પીંછીની પટુતા અને પ્રવાહિતા; દર્શનમાં નિજી વ્યક્તિત્વ; ભાવપ્રતીકોની પ્રમાણભૂતતા; જાતનો લોપ કરીને વ્યષ્ટિમાં સમષ્ટિની શોધ માટેની તાલાવેલી. આ ગુણસમુદાયથી આપણને કોઈ પણ યુગના મહામાનવનું સ્મરણ નથી થતું ?

—એ. એસ. રમણ

નંદબાબુ કલાશાળામાં હતા તે વખતે ભગિની નિવેદિતા અને વિજ્ઞાની શ્રી જગદીશચન્દ્ર વસુ તેમના કામમાં ખૂબ રસ લેતાં. ભારતીય સંસ્કૃતિના સત્ત્વનાં પ્રીછનાર અને પુરસ્કારક એ અંગ્રેજ સન્નારી ભગિની નિવેદિતા (માર્ગરેટ નોબલ)ની ભાવનાઓની નંદબાબુ પર ઘેરી અસર થઈ. તે ઘણી વાર તેમની પાસે જઈ પ્રેરણા મેળવતા. શ્રી રામકૃષ્ણ પરમહંસ અને સ્વામી વિવેકાનંદની ભાવનાઓ તેમણે જ નંદબાબુમાં પ્રકટાવી. એ વખતે એમણે જીવનધ્યેય નક્કી કરી લીધું: કલાની ભાવનાપૂત ભક્તિ અને કલાસેવા પાછળ જીવનભરનો ભેખ.

આર્ટ સ્કૂલમાં જે પાંચ વર્ષ તેમણે ગાળ્યાં તેમાં ખર્ચ માટે તે ટ્યૂશનો કરતા. ટાગોર કુટુંબનાં બાળકોને ચિત્ર શીખવવા જતા ત્યાં પણ ગુરુશ્રી અવનીન્દ્ર સાથેનો સંબંધ ગાઢ થયો. એ વખતના એમના સહાધ્યાયીઓ અસીતકુમાર હલધર, સુરેન્દ્રનાથ ગાંગુલી, સમરેન્દ્રનાથ ગુપ્ત, ક્ષિતીન્દ્ર મઝુમદાર, કે. વ્યંકટઅપ્પા, હકીમ મોહમદ, શૈલેન્દ્રકુમાર દે વગેરે પણ નવોત્થાન પામેલી ભારતીય કલા (જે પાછળથી બંગાલ-શૈલી તરીકે ઓળખાઈ)ના જાણીતા ચિત્રકારો થયા. કલાશાળાનો અભ્યાસ પૂરો થતાં તત્કાલીન પ્રિન્સિપલ પર્સી બ્રાઉને તેમને શાળાનું કામ આપવા ચાહ્યું, પણ તેને બદલે નંદલાલે અવનીન્દ્રનાથના

નીચે: શ્રી નંદબાબુનું કુટુંબ (૪૦ વર્ષ પહેલાં). ઊભેલાં (ડાબી બાજુથી) મોટાં પુત્રી ગૌરી દીદી, નંદબાબુ, મોટા પુત્ર વિશ્વરૂપ; બેઠેલાં: નાના પુત્ર ગૌરમોહન, પત્ની સુધીરાદેવી, નાનાં પુત્રી યમુના



નિમંત્રણથી એમના જોડાસાંકોના આવાસોમાં માસિક ૬૦ રૂપિયાના વેતનથી કામ કરવાનું સ્વીકાર્યું. ત્યાં અવનીન્દ્રનાથના સંપર્કમાં ચિત્રકાર્ય ઉપરાંત ચિત્રશિક્ષણ તેમજ ટાગોર કુટુંબના વિશાળ કલાસંગ્રહની વ્યવસ્થા, ગોઠવણી આદિ કાર્ય એ કરતા. એ સંપર્કથી એમને ભારતીય તેમજ અન્ય કલાઓના અભ્યાસની તક મળી. ઉપરાંત એ સંસ્કારવિભૂષિત ખાનદાનમાં વિદ્વાનો, ચિંતકો, સર્જકો, સંગીતજ્ઞોની જે ચાલુ આવજા રહેતી તેમના સંપર્કનો પણ લાભ મળ્યા કરતો.

ભગિની નિવેદિતા ઉપરાંત કલાસંસ્કૃતિ-મનીષી ડૉ. કુમારસ્વામી, કલાવિવેચક અર્ધેન્દ્રકુમાર ગાંગુલી અને કલારસિક અંગ્રેજ સર જૉન વૂડ્રૉફ નંદબાબુની શક્તિઓ પ્રતિ બહુ જ આકર્ષાયા હતા અને સતત તેમના કામમાં રસ ધરાવતા રહેતા. સરકારી કલાશાળાના આચાર્ય હૅવેલની પ્રેરણાથી કલાના એ સૌ પુરસ્કર્તાઓએ 'ઇન્ડિયન સોસાએટી ઑવ ઓરીએન્ટલ આર્ટ' નામે મંડળ સ્થાપ્યું અને તેની શાળામાં નંદબાબુને અધ્યાપકપદે રાખી તેમણે ઘણા કલાકારોને પૌરસ્ત્ય કલાઓના અભ્યાસની સગવડ કરી આપી. પ્રાચીન કલાપરંપરાના આ સંશોધનાત્મક અભ્યાસમાંથી ભારતીય કલાનું નવા સ્વરૂપે મૂલ્યાંકન થયું. તે દરમિયાન તેમણે શ્રી ઓ. સી. (અર્ધેન્દ્રકુમાર) ગાંગુલી સાથે ગયા, બનારસ, આગ્રા, દિલ્હી, મથુરા અને પછી દક્ષિણ ભારતનો પ્રવાસ કર્યો અને કેટલાંક બેનમૂન ચિત્રરત્નોનો પરિચય કર્યો. રંક લોકોને પણ ચિત્રકળાનું દર્શન થવું જોઈએ એવી ભાવનાથી શ્રી અવનીન્દ્રનાથની પ્રેરણા લઈ નંદબાબુએ કાલીઘાટ ઉપર બેસીને થોડાં ચિત્રો કર્યાં.*

ઈ. ૧૯૦૯માં અજંટાનાં ભીંતચિત્રોની નકલો કરવા માટે ઇંગ્લંડથી લેડી હૅરિંગહામ હિંદ આવ્યાં ત્યારે ભગિની નિવેદિતાની પ્રેરણા તથા આગ્રહથી અવનીન્દ્રનાથે નંદલાલ તથા તેના અન્ય સહાધ્યાયીઓને તેમની સાથે મોકલ્યા. ત્યાં નંદબાબુને ભારતીય ચિત્રકલાનાં શુદ્ધ સ્વરૂપો અને આદર્શોનું સંપૂર્ણ દર્શન થયું. અને ભારતીય કલાપરંપરાનાં રહસ્યોમાં પૂરો પ્રવેશ થઈ ચૂક્યો.

હવે બોલપુરમાં રવીન્દ્રનાથનું શાંતિનિકેતન શરૂ થઈ ગયું હતું. અગાઉ ઈ. ૧૯૧૪માં નંદબાબુ તેની પહેલી મુલાકાતે ગયા તે વખતે કવિએ તેમનું સમ્માન કરવા અર્ધ્યદાન-કાવ્ય રચ્યું હતું અને તે પોતે જ વાંચી બતાવ્યું હતું. (આ સાથે તે કવિવરના હસ્તાક્ષરોમાં, શ્રી નગીનદાસ પારેખે કરેલા તેના ગુજરાતી અનુવાદ સાથે, આપ્યું છે.)

ઇ. ૧૯૧૬માં ટાગોરોના આવાસ જોડાસાંકોમાં 'વિચિત્રા' નામની સંસ્થા સ્થપાઈ, તેમાં જોડાવા રવીન્દ્રનાથે નંદલાલને નિમંત્ર્યા. ત્યાં ચારુ કલા (ફાઈન આર્ટ), કારુ કલા (ઍપ્લાઈડ આર્ટ) વગેરેની

* એ પ્રસંગ શ્રી નગેન્દ્ર ભટ્ટાચાર્યે આમ નોંધ્યો છે:

"'એક દિવસ અવનીન્દ્રનાથ ઠાકુરે નંદલાલને કહ્યુ: 'મારી ગુરુદક્ષિણા માટે તું કાલીઘાટના પટવા લોકો જે રીતે રહે છે, એ રીતે ત્યાં રહીને એમના જેવાં ચિત્રો આલેખી શકીશ?' એ પછી કેટલા ય દિવસો સુધી અમે નંદલાલને જોયા નહિ. દિવસ પર દિવસ ને અઠવાડિયાં ને મહિના વીતવા લાગ્યા અને અમને ફિકર થવા લાગી. એવામાં અચાનક એક દિવસ નંદલાલ આવી ચડ્યા અને ગુરુનાં ચરણોમાં થોડાં પટ-ચિત્રો તથા થોડા રૂપિયા–પૈસા ધરી દીધા. અવનીન્દ્રનાથે તેને છાતીસરસા ચાંપીને પૂછ્યું 'તું ક્યાં હતો આટલા દિવસ?' નંદલાલે કહ્યુ: 'કાલીઘાટ પર પટવા લોકોના મહોલ્લામાં. આપના આદેશ અનુસાર એમની વચ્ચે જઈને રહેલો, અને એમની જ શૈલીએ ચિત્રો ચીતર્યાં. આજ આપના દર્શનાર્થે આવ્યો છું.' અવનીન્દ્રનાથની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. અવનીન્દ્રનાથ કહેતા કે તે દિવસે મારું 'કલાગુરુ પદ' સાર્થક થયું."



ડાબી બાજુ: શાન્તિ-નિકેતન કલાભવનના અધ્યક્ષ થયા ત્યારે; જમણી બાજુ: કોઈ કલાકાર બંધુએ કરેલો સ્કેચ ૧૯-૬-૧૯૪૪



ચર્ચાઓ થતી. એ 'વિચિત્રા'ના અતિથિ તરીકે જાપાનના પ્રસિદ્ધ કલાકાર આરાઇ સાન આવેલા, તેમની પાસેથી નંદલાલ તથા બીજા સાથીઓએ જાપાની ચિત્રશૈલીનું જ્ઞાન મેળવ્યું. એ 'વિચિત્રા'ના વિષય પછી રવીન્દ્રનાથનાં પુત્રવધુ પ્રતિમાદેવીને ચિત્ર શીખવવા રહેલા.

ઈ. ૧૯૧૯માં એમણે વિજ્ઞાનાચાર્ય જગદીશચન્દ્ર વસુના 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સ'નાં ભીંતચિત્રો કર્યાં. એ જ વર્ષે 'વિશ્વભારતી'ની સ્થાપના થતાં રવીન્દ્રનાથે નંદબાબુને કલકત્તા છોડાવી વિશ્વભારતીના કલાભવનના આચાર્યપદે સ્થાપ્યા. તે વખતે માત્ર ત્રણ કે ચાર વિદ્યાર્થીઓથી શરૂઆત થઈ હતી. ત્યાં તો અવનીન્દ્રનાથે કલકત્તાથી સાદ કર્યો કે પાછા કલકત્તા આવો, નહિ તો ઓરીએન્ટલ આર્ટ સોસાએટીનું કામ ભાંગી પડશે. ગુરુવચન કેમ લોપાય? રવીન્દ્રનાથને આની જાણ થતાં તેમણે કહ્યું કે તમે કલકત્તા જશો તો કલાભવન ભાંગી જશે. છતાં અવનીબાબુનો બોલ માથે ચડાવી તે કલકત્તા ગયા અને દર અઠવાડિયે શાંતિનિકેતનની ખબર રાખ્યા કરી. પણ આથી સમય બાબતમાં વિવાદ થયા એટલે તે કાયમ માટે શાંતિનિકેતન ગયા, ને ૧૯૨૨માં તેના અધ્યક્ષપદે નિમાયા ત્યારથી અવસાન સુધી ત્યાં જ રહ્યા.

શાંતિનિકેતનમાં નંદબાબુના જીવનના એક નવા જ પ્રકરણની શરૂઆત થઈ. ત્યાંના આદર્શોથી તે એટલા પ્રભાવિત થયા હતા કે ત્યાંના મામૂલી વેતન પર તેને પોતાનું ઘર બનાવીને રહ્યા. તરુણ કલાકારોની પેઠે પ્રસિદ્ધિના પ્રકાશ પાછળ હવાતિયાં માર્યા વિના એમણે જીવનભર શાંતિથી સ્ટૂડિયોમાં જ કામ કરવાનું સ્વીકાર્યું અને ત્યાં તે ઓતપ્રોત થઈ ગયા. 'ત્યાંના ઉન્મુક્ત વાતાવરણમાંની પ્રકૃતિની નિત્યરંજિત લીલા, તેનાં સાહિત્ય, સંગીત, ઉપાસના, ઉત્સવ અને દુનિયાના જ્ઞાની-મરમીઓની મુલાકાતો, શ્રી રવીન્દ્રનાથના કેન્દ્રની આસપાસ રચાએલો એક સુવિશાળ ઘનિષ્ટ પારિવારિક પરિવેશ—આ સર્વનો પ્રભાવ નંદબાબુના જીવન ઉપર ઘણો ઘેરો ને ઊંડો પડ્યો. બીજી બાજુ કવિવર રવીન્દ્રનાથે ત્યાંનાં માધ્યમો (ઉત્સવ અનુષ્ઠાન આદિ) દ્વારા ભારતવાસીની સુરુચિ ને સૌંદર્યની દૃષ્ટિ પર જે પ્રભાવ વિસ્તાર્યો તેમાં નંદબાબુની અવિરત સહાય ને બહુમુખી સહયોગથી જ સફળતા મળી હતી.'

મધ્યમ કાઠીના, ભરાવદાર ને ભીને વાન નંદબાબુના ગોળ ને પ્રશાન્ત ચહેરા પરનાં ચશ્માંમાંથી ડોકાતી સ્વસ્થ તેજભરી આંખો વિદ્યાર્થીઓ પર સદા વત્સલતા વર્ષાવી રહેતી. એમની પાસે ભારતના ભિન્નભિન્ન પ્રાંતોના જ નહિ પણ દૂર સુદૂરના જાવા-સિલોનથી પણ વિદ્યાર્થીઓ આવતા. એ દરેક કલાર્થી સાથે એમણે એવા તો ગાઢ વ્યક્તિગત સ્નેહસંબંધ સ્થાપેલા કે એમના કેન્દ્રસ્થાને કલાભવનમાં એક સ્નિગ્ધ કૌટુંબિક વાતાવરણ સર્જાયું હતું. એમના સંપર્કમાં આવેલા વિદ્યાર્થીઓમાં આદર્શપ્રિયતા ને કલા માટેની સમર્પણની ભાવના ખીલતી. કલાભવનમાં, કે રજાઓ વેળા વિદ્યાર્થીસમૂહ સાથે કલાપર્યટનોમાં નીકળે ત્યારે, એ ભાગ્યે જ એકલા નજરે પડતા. વિદ્યાર્થીઓનાં ટોળાં એમને મધમાખીની પેઠે વળગેલાં જ હોય અને એમનાં બોધવચન તથા ચિત્રકાર્યમાંથી મધુ ચૂસતાં જ હોય. એમણે દરેક વિદ્યાર્થીને તેની સહજાત શક્તિને ક્ષેત્રે મુક્તિ આપેલી. વિદ્યાર્થીની નિજી

નીચે: નંદબાબુ ગુજરાતમાં

ડાબી બાજુ: હરિપુરા કાંગ્રેસનું શોભનકાર્ય કરવા આવેલા કલાકાર મિત્રોમાં (જમણી તરફથી) સર્વશ્રી રવિશંકર રાવળ, નંદલાલ વસુ, વિનાયકરાવ કરમારકર અને પદે ગુરુજી; જમણી બાજુ: વડોદરા કીર્તિમંદિરનાં ચિત્રો કરતાં પહેલાં ઈ. ૧૯૩૮-૩૯માં ગુજરાતના પ્રવાસે નીકળેલા ત્યારે મોઢેરાના સૂર્યમંદિર આગળ (જમણી તરફથી) ડૉ. મંજુલાલ મજમુદાર, નંદબાબુ અને શ્રી મણિલાલ મિસ્ત્રી.







અવનીન્દ્રનાથની કલાપ્રવૃત્તિના મધ્યાહ્ન સમયનું એમના સ્ટૂડિઓનું શ્રી નંદલાલ વસુએ આલેખેલું રેખાંકન: જેમાં નીચેને જમણે ખૂણે ચીતરતા નંદલાલ, ઉપર હુક્કો લઇને બેઠેલા આનંદ કુમારસ્વામી જોડે વાત કરે છે; અને પાછળના ભાગમાં કોચ ઉપર ગગનેન્દ્રનાથ, સત્યેન્દ્રનાથ તથા અવનીન્દ્રનાથ વાંચતા કે આરામમાં સૂતા છે. એ પ્રત્યેકનાં નામ તે તે સ્થળે લખ્યાં છે.

સૂઝ ને શૈલીને તે ઉત્તેજતા. એમણે કળાનું જ સર્જન નથી કર્યું, કલાકારો પણ સર્જ્યા છે. વિદ્યાર્થીઓનો આદર પ્રેમ અને વિશ્વાસ કોઈ કલાગુરુએ એમના જેટલાં નથી જીત્યાં. એથી જ તેઓ વિદ્યાર્થીઓમાં —તેમજ એમના પ્રત્યે પ્રેમાદર ધરાવનાર સૌમાં-'માસ્ટર મશાય'ના હેતભર્યા નામે ઓળખાતા.

ઈ. ૧૯૨૦માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં મુખ્ય મહેમાન તરીકે ગુરુદેવ ટાગોર અમદાવાદ પધાર્યા ત્યારે તેમના સાથમાં આવેલા વિશ્વભારતીના આચાર્ય ક્ષિતિમોહન સેન પાસેથી ગુજરાતે નંદબાબુના ગુણો વિષે ઘણું સાંભળ્યું હતું, અને તે પરથી ઘણા વિદ્યાર્થીઓને શાંતિનિકેતન જવાની ઈચ્છા થઈ હતી. એ રીતે ગુજરાતમાંથી પ્રથમ વિદ્યાર્થી તરીકે જનારાં શ્રીમતી હઠીસિંગ હતાં. તે ઘણા સમય પછી શ્રી સૌમ્યેન્દ્રનાથ ટાગોર સાથે લગ્ન કરી શ્રીમતી ટાગોર બન્યાં. પહેલાં પાંચ વર્ષમાં શાંતિનિકેતનમાંથી બહાર પડેલા તરુણ કલાકારો હિંદના પ્રાંતેપ્રાંતમાં કલા-અધ્યાપકો તરીકે નીમાઈ ગયા અને ભારતીય કલા પ્રતિ લોકોનો આદર વધ્યો.

ઈ. ૧૯૨૪માં શ્રી રવીન્દ્રનાથને ચીન જવાનું આમંત્રણ મળ્યું તે વખતે નંદબાબુને તે સાથે લઈ ગયા. એ વેળાના ચીન-જાપાન, જાવા-સુમાત્રા ને બલી-સિલોનના પ્રવાસથી ત્યાંના કેટલાક પ્રમુખ ચિત્રકારો અને કલાવિદોનો તેમને પ્રત્યક્ષ પરિચય થયો. જાપાની કળાના અગ્રણીઓ તાઈ કવાન, કવાન ઝાન, હિશીદા આદિના સંપર્કથી ચિત્રકળાની કેટલીક જાપાની કરામતો એમણે જાણી લીધી પરંતુ પોતાની સર્જક પ્રતિભા પર તેની અસર થવા દીધી નહિ. આ પ્રવાસથી તેમને પ્રતીતિ થઈ કે પૂર્વની કળાઓમાં મૂળભૂત આદર્શો તો સમાન જ છે.

ગાંધીજીએ જ્યારે અસહકારની પ્રથમ ચળચળ ઉપાડી ત્યારે તેમના આદર્શોથી પ્રભાવિત થએલા નંદબાબુ પણ બેચેન થયા હતા, પણ માર્જવામાં આવેલી બાઘ ગુફાઓનાં ચિત્રો કરવાનું કામ ઇંદોર રાજ્યે તેમને સોંપ્યું તેથી સમાધાન મળતાં તેમાં રોકાઈ ગયા. એ ચિત્રોની એકએક સમાન કદની નકલ શાંતિનિકેતન માટે તે કરી લાવ્યા અને કલાભવનની સમૃદ્ધિમાં વધારો કર્યો. આમ છતાં ગાંધીજી પ્રતિ તેમનો સંપૂર્ણ આદર કાયમ હતો. ગાંધીજી પણ તેમના સદ્‌ગુણોથી પરિચિત થઈ ગયા હતા. લખનૌ અને ફૈઝપુરમાં કૉંગ્રેસની બેઠકો વખતે તેના મંડપ અને દ્વારદેરાનાં સુશોભનો એમણે કર્યાં હતાં. ગુજરાતમાં હરિપુરામાં કૉંગ્રેસની બેઠક મળી એટલે ગાંધીજીએ તેમને તેડાવ્યા અને કાંગ્રેસના મંડપમાં જનસમુદાયને કળાનું દર્શન મળે તથા જનતા રીઝી શકે એવાં કલાસ્વરૂપો પ્રકટાવવા આદેશ કર્યો. નંદબાબુએ બારડોલી આવીને લોકજીવન તથા સ્થાનિક પદાર્થોનો પરિચય કરી સુશોભનો નિર્માણ કર્યાં. ચીરેલા વાંસ, તાડછાં, સાદડીઓ, બ્રાઉન પેપર અને માટીના ઘડા-ઠોચકાં, કોઠી-કોડિયાં જેવાં ગામઠી સાધનોનો ઉપયોગ કરી એમણે ત્યાં લોકજીવનની સૌંદર્યશ્રીનું દર્શન કરાવ્યું. તેમાં જે ચિત્રો મુકાયાં હતાં તે ગુજરાતની હસ્તપ્રતોનાં ચિત્રોની શૈલીનાં સરળ અને લાઘવયુક્ત કર્યાં હતાં. લોકશૈલીનાં આ ચિત્રો નંદબાબુની પ્રયોગપ્રિયતાનો એક સુંદર નમૂનો છે. તે વખતે ગુજરાતના સૌ શિષ્ટ કલાકારો આ લખનારના અને કનુ દેસાઇના નેતૃત્વ નીચે નંદબાબુના સહાયકવૃંદમાં જોડાએલા ને તેમનો મધુર સમાગમ અનુભવેલો.

ગાંધીજી નંદબાબુ પર અથાગ ભાવ બતાવતા. એક વખત તીથલના સમુદ્રકિનારે ગાંધીજી સાથે ફરવા ગએલા ત્યારે નંદબાબુ જોડા ભૂલી આવેલા, પણ પાછા તપાસ કરવા ગયા ત્યારે ગાંધીજી તેમના જોડા સાચવીને ઊભા હતા! તેથી શરમ પામીને તેના પશ્ચાત્તાપમાં નંદબાબુએ કેટલા ય દિવસો જોડા પહેરવાનું તજી દીધેલું! તે વખતે ગાંધીજીની સૂચનાથી તેમણે માટીથી ચિત્રો કરી બતાવ્યાં હતાં.

કલાની બાબતમાં ગાંધીજી નંદબાબુમાં પૂર્ણ વિશ્વાસ મૂકતા. હરિપુરામાં ધ્વજસ્તંભ ઉપર એમણે પ્રાચીન ભારતીય પદ્ધતિએ આમલક વાળો કલશ ગોઠવ્યો હતો. રાજદ્વારીઓ કહે કે ધ્વજ ઉપર કંઈ ન હોય. વિવાદ ગાંધીજી પાસે ગયો. નંદબાબુ કહે: 'કલાને શ્રેષ્ઠ સ્થાન મળવું જોઇએ.' ગાંધીજીએ કહ્યું: 'બરાબર છે. નંદબાબુ કહે તેમ જ કરો.'

"ચીન-જાપાનના પ્રવાસમાં મારા અંગ્રેજ મિત્ર એલ્મહર્સ્ટ કહેતા કે આ નંદલાલની સોબત શિક્ષણદાયી છે. અને ખરે જ, નંદલાલનું કલાનું દર્શન બિલકુલ ખામીરહિત રહેતું અને તેની તોલનશક્તિ હમેશાં સચોટ. એને મન કલા સદા જીવંત અને અભિનવ ચેતનથી સભર છે. સ્પર્શ, દર્શન ને અંતરની અનુભૂતિથી તે કલાને પામતા થયા છે. તેનામાં 'કલાકાર' અને 'માનવ' સંલગ્ન થએલા જોઇ શક્યો છું. એના જેવાં ડહાપણ અને દિલાવરી, અનુભવપીઢતા ઉદારતા ને આંતરસૂઝ વિરલ જોવા મળે."

—રવીન્દ્રનાથ ઠાકુર

નીચે: ૧૯૧૪માં નંદબાબુની શાંતિનિકેતનની પ્રથમ મુલાકાત વેળા એમને આપેલા અર્ઘ્યદાન સમયે રવીન્દ્રનાથે રચેલું ગીત: ગુરુદેવના હસ્તાક્ષરમાં;તથા શ્રી નગીનદાસ પારેખે કરેલો તેનો ગુજરાતી અનુવાદ.



જગન્નાથપુરી ને કોણાર્કનાં મંદિરોની ભીંતો પર જે કામુક શિલ્પો છે તેને અશ્લીલ ઠરાવી પુરાવી દેવાનો અભિપ્રાય કેટલાક કોંગ્રેસીઓ ધરાવતા ને તેમાં ગાંધીજીની સંમતિ પણ ખરી. છતાં નંદબાબુને પૂછીને છેવટનો અભિપ્રાય લેવો એમ એમણે કહ્યું. નંદબાબુએ ભારપૂર્વક કહ્યું: 'આ પ્રસ્તાવ અઘટિત છે. આમાં દૃષ્ટિબિંદુનો જ પ્રશ્ન છે. કલાની શ્રેષ્ઠ કૃતિઓનો આમાં નાશ થશે. આ કૃતિઓ ઘણા ઉચ્ચ કૌશલ્યથી પૂર્ણ છે.' ગાંધીજીએ તેમનું કહ્યું માન્ય રાખ્યું ને વાત પડતી મુકાઈ.

નંદબાબુએ ગુજરાતના ઘણા તરુણ કલાકારોને ચિત્રશિક્ષા આપેલી છે, જેમાં કનુ દેસાઈનું નામ મોખરે છે. કનુ દેસાઈ ગુજરાત વિદ્યાપીઠની છાત્રવૃત્તિ લઈ નંદબાબુ પાસે ગયા ત્યારે તેમની પૂર્વતૈયારી જોઈ તેમણે એક પત્રમાં આ લખનારને જણાવ્યું કે ગુજરાતમાંથી આવા સુપાત્ર વિદ્યાર્થીને મોકલવા માટે ધન્યવાદ ઘટે છે. ત્યાર પછી શ્રી કૃષ્ણલાલ ભટ્ટ, સ્વ. કાન્તિલાલ દવે અને શેઠ અંબાલાલભાઈના કુટુંબનાં બાળકો વગેરેની ત્યાં જનારી એક પરંપરા બની હતી, અને તે જ પ્રમાણે શાંતિનિકેતનમાંથી શ્રીમંત કુટુંબોમાં ભારતીય કલાનું શિક્ષણ આપવા કેટલાક સુપ્રસિદ્ધ કલાકાર શિષ્યોને નંદબાબુએ મોકલી આપ્યા હતા. વળી તેમની ભલામણથી શ્રી સુરેન્દ્રનાથ કારે અમદાવાદમાં કેટલાક શ્રેષ્ઠીઓનાં મકાનોની રચના અને સુશોભનો માટે પ્રયાસો કર્યા હતા. આમ ગુજરાત સાથે સંસ્કાર અને કલાનું આદાન-પ્રદાન કરી નંદબાબુએ સંસ્કૃતિસંબંધ સ્થાપ્યો હતો. ઉપરાંત, તેમણે ઈ. ૧૯૪૩માં વડોદરાના કીર્તિમંદિરની ભીંતો પર મીરાંબાઈ, બુદ્ધ-ભક્ત શ્રીમતી, મહાભારત-યુદ્ધ આદિના પ્રસંગો આલેખાન તમના સ્મૃતિ ગુજરાતમાં ચિરંજીવ કરી છે. એમને સોંપાએલાં આવાં અનેક ચિત્રકાર્યોમાં એક મહત્ત્વનું કાર્ય તે સ્વતંત્ર ભારતના રાજ્યબંધારણની હસ્તપ્રતને શોભનમંડિત કરવાનું હતું. 'કુમાર'ના ૪૨૪મા અંકમાં આવી ગએલા એના નમૂના અન્યત્ર આપ્યા છે.

শ্রীমান নন্দলাল বসু
পরম কল্যাণীয়েষু

তোমার তুলিকা রঞ্জিত করে
ভারত-ভারতী-চিত্ত।
বঙ্গলক্ষ্মী ভাণ্ডারে সে
বাড়ায় নূতন বিত্ত।
ভাগ্যবিধাতা আশিসমন্ত্র
দিলেন তোমার কর্ণে—
বিশ্বের পটে স্বদেশের নাম
লেখ অক্ষয় বর্ণে।
তোমার তুলিকা কবির হৃদয়
নন্দিত করে, নন্দ!
তাই তো কবির লেখনী তোমায়
পরায় আপন ছন্দ।
চিরসুন্দরে কর তোমার
রেখাবন্ধনে বন্দী।
শিবজটাসম হোক এ তুলি
চিররস-নিষ্যন্দী।

শ্রীরবীন্দ্রনাথ ঠাকুর

শান্তিনিকেতন
১২ বৈশাখ
১৩২১

શ્રીમાન નન્દલાલ બસુ
પરમ કલ્યાણીયેષુ

તારી આ પીંછીથી રંજિત કરી
ભારત-ભારતી ચિત્ત;
બંગલક્ષ્મી ભાંડારે તું તો
વધારે નૂતન વિત્ત.
ભાગ્યવિધિએ આશિષમંત્ર
ફૂંક્યો છે તારે કર્ણે;
વિશ્વને પટે સ્વદેશનું નામ
લખ અક્ષય વર્ણે!
તારી આ પીંછીથી. કવિનું હૃદય
નંદિત થતું, નંદ!
તેથી તો કવિની લેખિની તુજને
પ્હેરાવે પોતાનો છંદ.
તું કર તહારા રેખાબંધને
ચિર સુંદર બંદી!
શિવજટા સમ થજો પીંછી તવ
ચિરરસ-નિષ્યન્દી!

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

શાન્તિનિકેતન
૧૨ વૈશાખ
૧૩૨૧



દેશિકોત્તમ નંદલાલ વસુ

'નંદબાબુની પ્રતિભા બહુમુખી હતી. કલાના ઉપાદાનને ક્ષેત્રે તે જીવનભરઅવનવા પ્રયોગો કરતા રહેલા. ચીની, જાપાની, ગ્રીક, ઈટાલિયન, ઇજિપ્શ્યન આદિ નાનાવિધ દેશોની કલાશૈલી, ભારતના વિવિધ પ્રદેશોની કલાધારા, તથા લોકકલાઓનું તેમણે ઊંડી શ્રદ્ધા તથા ઉત્સુકતાથી અધ્યયન કરેલું. તેને એવી તો આત્મસાત્ કરીને તે પોતાની કળામાં યોજતા કે તે એમની આગવી જ કલા બની રહેતી. ચારુકલા જેટલું જ કારુકલા ઉપર પણ એમનું પ્રભુત્વ હતું. ઉત્સવ-સજ્જા, નાટ્ય-પ્રસાધન, મંચ-શોભન, સઘળું તેમની સિસૃક્ષાનો સંપર્ક પામીને સાર્થક બની ઊઠતું. તેમનું કલા-જીવન કોઈ ચોક્કસ અંત આગળ આવીને કદી અટક્યું ન હતું. શરીરમાં ચેતના હતી ત્યાં સુધી તેમનો સર્જનપ્રવાહ વણ-થંભ્યો વહે જ ગયો હતો.'



ભૂમિજાત સંસ્કૃતિના ચાહક અને પૂજક નંદબાબુ: માથે થેપાડું ને હાથમાં દંડ (ફોટો • વિનોદ કોઠારી)

નીચે: હરિપુરામાં રવિશંકર રાવળ તથા નંદલાલ વસુ (ફોટો • સુમનભાઈ શેઠ)

શાંતિનિકેતનને નન્દબાબુએ આજીવન સાધનાશ્રમ બનાવ્યું હતું. તેમને મોટા દરમાયાથી લખનૌ કલાશાળાનું આચાર્યપદ મળતું હતું પણ તેનો તેમણે અસ્વીકાર કર્યો અને અલ્પ-સ્વલ્પ વેતનથી જીવનભર શાંતિનિકેતનમાં જ રહ્યા. આથી ગુરુદેવનો તેમના પર અપાર પ્રેમ હતો. જો કે તેમનાં ચિત્રો દેશ-વિદેશમાં મોંઘી કિંમતે વેચાતાં અને પ્રસિદ્ધ થતાં. આશરે ૫૦૦ જેટલાં પૂર્ણ ચિત્રો અને કેટલાં યે ગ્રંથચિત્રો તેમણે કર્યાં છે. તેમના શિષ્યો મુંબાઈ સિવાયની ભારતની કલાશાળાઓમાં આચાર્યપદે ગોઠવાયા છે. શાંતિનિકેતનના કલા-ભવનમાંથી આજ સુધી લગભગ ૨૦૦૦ વિદ્યાર્થીઓ ચિત્રકાર્ય શીખી ગયા છે, જેમાંના કેટલાક તો યુરોપ, ઑસ્ટ્રેલિયા, ચીન, જાપાન, સીલોન વગેરે દેશોમાંથી આવ્યા હતા.

એમનાં લખેલાં બે પુસ્તકો–'શિલ્પકથા' તથા 'શિલ્પચર્ચા' (બંગાળીમાં શિલ્પ=કલા)માં તેમના કલાવિષયક વિચારોનો સંચય છે. 'શિલ્પકથા'નો શ્રી કાનાઈ સામંતે અંગ્રેજીમાં 'ઑન આર્ટ' નામથી; શ્રી મહાદેવ સહાયે હિંદીમાં 'શિલ્પકથા' નામથી અને શ્રી અરુણાચલ પેરુમલે તમિળમાં 'ઓવિયા કલાઈ' નામથી અનુવાદ કર્યો છે. શ્રી વરેન્દ્રનાથ નિયોગી સંકલિત 'શિલ્પજિજ્ઞાસાય શિલ્પદીપંકર નંદલાલ' ગ્રંથમાં નંદબાબુના કલાચર્ચા કરતા પત્રો સંઘરવામાં આવ્યા છે. એમની કલાકૃતિઓ ધરાવતા છૂટક છૂટક નાનામોટા સંપુટો ને ગ્રંથો પણ બહાર પડયા છે, જેમાં ઉલ્લેખનીય બે ગ્રંથો છે: એમના પુત્ર વિશ્વરૂપ બોઝ પ્રકાશિત 'નન્દલાલ બોઝ પેઇન્ટિંગ્ઝ' અને શાંતિનિકેતન આશ્રમિક સંઘ તરફથી 'ઍન આલ્બમ ઑવ નન્દલાલ બોઝ'. બંગાળી ત્રૈમાસિક 'નિરીક્ષા'એ વર્ષો પહેલાં એક ખાસ 'નન્દલાલ અંક' બહાર પાડેલો.

શ્રી નંદબાબુની દીર્ઘકાલીન સાધના તથા ભારતીય કલાક્ષેત્રે તેમના અક્ષય દાનનો સ્વીકાર કરી દેશે તેમને નાનાવિધ માન-ઉપાધિઓથી વિભૂષિત કર્યા છે. ઈ. ૧૯૫૦માં બનારસ હિંદુ યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઑવ લેટર્સ'ની પદવી આપી હતી. ૧૯૫૨માં વિશ્વભારતીએ તેમને 'દેશિકોત્તમ'નું માનપદ અર્પણ કર્યું હતું. ૧૯૫૩માં તેમને 'દાદાભાઈ નવરોજી સ્મારક પુરસ્કાર' મળેલો, તેમજ એ જ વર્ષે શાંતિનિકેતન આશ્રમિક સંઘ તરફથી તેમને 'અર્ઘ્ય-દાન' કરવામાં આવ્યું હતું. ૧૯૫૪માં ભારત સરકારે તેમને 'પદ્મવિભૂષણ'ના માનથી નવાજ્યા. એ જ વર્ષે રાષ્ટ્રીય લલિતકલા અકાદમીએ તેમને માનાર્હ સભ્ય ચૂંટ્યા ત્યારે સભ્યોએ શાંતિનિકેતનમાં જઇને તેમને માનાર્ઘ્ય અર્પ્યો હતો. ૧૯૫૭માં કલકત્તા યુનિવર્સિટીએ તેમને 'ડૉક્ટર ઑવ લિટરેચર'ની ઉપાધિ અર્પણ કરેલી. ૧૯૬૩માં રવીન્દ્ર-ભારતીએ પણ તેમને 'ડિ૦ લિટ૦'થી નવાજ્યા હતા ને ૧૯૬૪માં બંગાળની એશિયાટિક સોસાએટીએ તેમને 'રવીન્દ્ર-જન્મશતાબ્દી પદક' અર્પણ કર્યો હતો.

થોડાં વર્ષથી તેમનું સ્વાસ્થ્ય સારું રહેતું ન હતું અને છેલ્લે છેલ્લે તો લકવાથી તેઓ બિછાનાવશ હતા. ગયા એપ્રિલ (૧૯૬૬) માસની ૧૬મી તારીખે તેમનું અવસાન થઈ ગયું. ભારતના કલાક્ષેત્રના મહાન ગોત્રના ઋષિ સમા નન્દબાબુનું જીવન અનેક ભાવનાયુક્ત પ્રસંગોથી ભારતની આગામી પ્રજાને આદર્શ અને પ્રેરણા રૂપ થઈ રહેશે.





ઉપર: 'મંજીરાં-નૃત્ય'. વૃક્ષ નીચે મંજીરાંવાદન કરતી કાઠિયાવાડી કન્યાનાં દેહાંદોલન ચોમેર વહેવડાવતું નંદબાબુની શાહી ભરેલી પીંછીનું નૃત્ય; નીચે: હિમાલયમાં કુટિર (કલાકાર રમેન્દ્રનાથ ચક્રવર્તીના સંગ્રહમાં)

નંદબાબુની રેખાંકન-કલા

કોઈ પણ પ્રાણી પદાર્થ કે દૃશ્ય ત્વરાથી અને આબાદ પકડી લઇને તેને યથાતથ ઉતારવામાં નંદબાબુનું કેટલું કૌશલ છે તે તો તેમના એકાદ-બે મિનિટમાં કરેલા અસંખ્ય સ્કેચો (જેમાંના થોડા આ અંકમાં આપ્યા છે તે) પરથી પણ જણાય છે. આવા સ્કેચોનું તેમનું કામ સતત ચાલ્યા જ કરતું. શાન્તિનિકેતનમાં જરા પણ અવકાશ મળે ત્યારે, વિદ્યાર્થીઓ સાથેનાં કલા-પર્યટનોમાં કે અન્ય પ્રવાસોમાં, ચાહે તે સ્થળે ને સમયે, તેમની પેન્સિલ, કલમ કે પીંછી સતત ચાલ્યા જ કરતી.

ટપાલ ખાતાનાં સરકારી પોસ્ટકાર્ડના કદનાં સાદાં સફેદ કાર્ડની થોકડી સાથે હોય જ. તે અગર તત્કાલ જે હાથ લાગે તેના ટુકડા પર પણ કલમ ચાલવા માંડે. શાંતિનિકેતનમાં વર્ષોવર્ષ ભરાતા 'સાતઈ પોષ'ના મેળામાં એમનાં (તથા અન્ય કલાકાર વિદ્યાર્થીઓનાં) આવાં કાર્ડ થોડા આનામાં વેચાય અને તેની આવક વિદ્યાર્થીઓના હિતાર્થે વપરાય. એમના જેવા સમર્થ કલાકારની કલમની આવી સીધી પ્રસાદી આઠ બાર આને કે રૂપિયે દોઢરૂપિયે મળી જાય એ સદ્‌ભાગ્યને કોણ ન આવકારે? આવાં સંખ્યાતીત સ્કેચ-કાર્ડ એમના શિષ્યો, વિદ્યાર્થીઓ અને અન્ય સજ્જનો પાસે આજે હશે.

પોતે પ્રવાસમાં હોય ત્યાંથી, અથવા વિદ્યાર્થીઓ રજામાં ઘેર ગયા હોય ત્યારે પત્ર લખવાનો પ્રસંગ આવ્યે, અથવા કોઇ વિદ્યાર્થીનો જન્મદિવસ આવે ત્યારે, આશીર્વાદ સાથે એમના તરફથી આવું કાર્ડ તેને અચૂક ભેટ મળે જ. પણ શરત એ, કે વિદ્યાર્થીએ પણ સામેથી ચિત્રકાર્ડ કરી મોકલવું. એવાં કાર્ડ તે પ્રેમથી સાચવી રાખતા. વિદ્યાર્થીઓને ચિત્રાંકનમાં પ્રોત્સાહિત કરવા તે આમ કરતા. કલાભવનના અંતિમ વર્ષને અંતે ડિપ્લોમા મેળવીને વિદ્યાર્થીઓ વિદાય વખતે તેમના આશીર્વાદ લેવા આવે ત્યારે તે દરેકને ભેટ આપવા માટે આવાં કાર્ડ તેમણે આગળથી તૈયાર રાખ્યાં જ હોય. જેમની જેમની પાસે એમનાં આવાં કાર્ડ છે તેમના સાન્નિધ્યમાં 'માસ્ટર-મશાય'નું હૃદય હજી જાણે ધબકે છે. કલાવિદૂષી સ્ટેલા ક્રૅમરિશે કહ્યું છે કે 'એમનાં આવાં રેખાચિત્રો એ આધુનિક ભારતીય ચિત્રકલાનાં બહુમૂલ રત્નો છે.'



નંદલાલ વસુની કળા

નંદબાબુની કળાના ઘણા તબક્કા થયા છે, અને તે દરેકમાં તેમણે શૈલીના વૈવિધ્ય સાથે અભિનવ નિરૂપણ-પદ્ધતિઓ અજમાવી છે. તેમણે કાગળ ઉપરાંત કાપડ, ભીંતો, કાષ્ઠ, એમ નાના પ્રકારનાં સાધનો પર ચિત્રો કર્યાં છે. કાગળમાં પણ વિલાયતના વૉટમૅન ને હિંદના હાથબનાવટના કાગળથી માંડી નેપાળી કાગળો, શણના કાગળ અને બ્રાઉન પેપર તથા પૂઠાં સુદ્ધાંનો ઉપયોગ કર્યો છે.

સતી, કૈકેયી, અહલ્યા, કર્ણ, ઉમાનો વિષાદ, સિદ્ધાર્થ અને મૃગ, દશરથનું અવસાન, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી, સુજાતા, શિવનું વિષપાન, કૃષ્ણાર્જુન, સતીના મૃત્યુ પર શિવનો વિષાદ...આવાં અસંખ્ય ચિત્ર-રત્નો સર્જીને એમણે પોતાની કારકિર્દીનો વિજયધ્વજ ફરકાવ્યો. ૧૯૩૦ અને '૪૦ની વચ્ચેની એમની કૃતિઓ આવેગભરી એટલી જ વૈવિધ્યભરી છે. એનાં કેટલાંક ઉદાહરણો આ અંકમાં જોવા મળશે.

ઇ. ૧૯૫૦ પછી નંદબાબુએ ચિત્રકળામાં એક નવું પગરણ શરૂ કર્યું. તેમણે મામૂલી સાધનો વડે સરળમાં સરળ શૈલીથી ચિત્રો કર્યાં. એ તેમની છેવટની શૈલીના લાક્ષણિક નમૂના છે. અમુક ચોક્કસ જ માપના કાગળો લઈને તે પર ઓછામાં ઓછી રેખાઓ વડે ચિત્ર પરિપૂર્ણ કરવાની કળા તેમાં એમણે બતાવી છે. આખી જિંદગી પોતાનાં અવલોકનો તથા પોતાની કલ્પનાસૃષ્ટિમાં જે જે પ્રેરણા ઘૂમી વળી હતી તે સર્વને તેમણે ત્યાં આકૃતિમાં અભિવ્યક્તિ આપી છે.

તેમની શૈલીનો અભ્યાસ કરનારને જણાશે કે પદાર્થો અને સાધનોની કરકસર કરવામાં તેમણે પોતાની આગવી શક્તિઓને પ્રયોગમાં ઉતારી છે. આ કરકસરની સાથે શૈલીનું લાઘવ અને નિરૂપણની શોભન-લક્ષિતા એ બે એમની સમગ્ર કલાનાં પ્રધાન લક્ષણો છે.



અર્ધનારીશ્વર

શિવનું ડાબું અંગ જેમાં પાર્વતીરૂપે બેમાલૂમપણે નિરૂપ્યું હોય તેવા શિવ-પાર્વતીના (સ્ત્રી-પુરુષદેહના) સંયુક્ત રૂપવાળી અર્ધનારીશ્વરની શિલ્પમૂર્તિઓ ઉત્તર કરતાં દક્ષિણ ભારતમાં વિશેષ છે. શિવ-શક્તિ, અર્થાત્ સ્ત્રી-પુરુષ-તત્ત્વનો સંયોગ એ આ સૃષ્ટિનું મૂળ તત્ત્વ છે એમ દાખવવા માટે સંયોજાએલા આ અર્ધનારીશ્વર સ્વરૂપની ઉત્પત્તિની કથા લિંગપુરાણ (૪૧)માં આપેલી છે. કવિ કાલિદાસે રઘુવંશના પ્રારંભના શ્લોકમાં જે 'પાર્વતી પરમેશ્વરૌ'ને વંદન કર્યાં છે ત્યાં આ અર્ધનારીશ્વર સ્વરૂપ જ અભિપ્રેત છે. એ મૂર્તિનું સ્વરૂપ કેવી રીતે ઘડવું તેનું વિગતવાર વર્ણન હેમાદ્રિએ આપ્યું છે. તદનુસાર નંદબાબુએ આ ચિત્ર આલેખ્યું છે. 'તંત્રસાર'માં અર્ધનારીશ્વરનું ધ્યાન કરવા માટે આ મુજબનો શ્લોક આપેલો છે:

नीलप्रवालरुचिरं विलसत् त्रिनेत्रम,
पाशारुणोत्पलकपालकशूलहस्तम्,
अर्धाम्बिकेशमनिशं प्रविभक्तभूषम्,
बालेन्दुबद्धमुकुटं प्रणमामिरूपम्.



←ભારતીય પટચિત્રો અને શિલ્પોની પ્રેરણા પરથી નંદબાબુએ તાદૃશ આલેખનમાં શોભનલક્ષિતા આણી. આ અંકના પૂઠા ઉપરની એમની ગરુડમૂર્તિ એ એમની શરૂઆતની શોભનલક્ષી શૈલીની સાથે કલ્પકતાનું બળવાન ઉદાહરણ છે. એવું જ આ સામેનું 'કાલિમાતા'નું ચિત્ર છે.

કૈકેયી અને મંથરા (નીચે): ઊભા ચિત્રના વિશાળ પટ ઉપર, મથાળેથી ઊતરતી ઘેરી છાયા નીચે, દ્વેષથી ચડેલી ભ્રૂકુટિ અને મનનાં સાપોલિયાં જેવા કુંતલવાળી વિચારવ્યૂહ-મગ્ન કૈકેયી, અને પાછળ, પોતે મૂકેલી આગની ચિનગારીના પરિણામની ખંધાઈપૂર્વક રાહ જોઈ રહેલી મંથરાનું આ ચિત્ર ઓછી રેખાઓમાં ઘણું દર્શાવતા ચોટદાર સંયોજનનું ઉદાહરણ છે. લોકોને ઉત્તમ ચિત્રરત્નો સહજ સુલભ થાય એ હેતુથી અવનીન્દ્રનાથના 'ભારતમાતા' તથા અન્ય કલાકારોનાં ચિત્રો સાથે નંદલાલનું 'સતી' અને આ 'કૈકેયી' પણ જાપાનથી બહુરંગી વૂડકટ મુદ્રણથી ઉત્તમ રીતે છપાવી મંગાવેલાં.






વધામણે

બાજુના ચિત્રની પેઠે જ ઊભી સાંકડી પટ્ટીમાં નવા જ કોણથી નિર્દેશેલું, પૂર્ણ કલશ, પૂજાસામગ્રી, છત્રચામર આદિ લઇને મંગલ વધામણે નીકળેલાં નરનારના વૃન્દનું આ ચિત્ર સપ્રમાણ સંયોજન અને ફ્રાચર જેવી અણિયાળી વૂડકટની રેખાપદ્ધતિના આલેખનનો નમૂનો છે. આલેખનમાં આવી અવનવી શૈલીઓના પ્રયોગ નંદબાબુ સતત કરતા જ રહેતા.



'કાશી' : બીજ-કલાના બંકિમ આકારે ગંગાતટ પર વસેલી ગીચ કાશીનગરીના વિશાળ દૃશ્યનું ઓછામાં ઓછી રેખામાં આલેખન (ગુરુદેવ રવીન્દ્રનાથ રચિત કાવ્યસંગ્રહ 'છડાર છબિ'માંથી)



પદ્માના પ્રવાહમાં ('છડાર છબી'માંથી અન્ય આલેખન)



માટીની કુટિયા
ખડગપુર
(લીનોકટ)





કૃષ્ણ-રાધાની રાસ-લીલા (કલાકાર જગન્નાથ અહિવાસીના સંગ્રહમાંથી)



ગાય હોય કે ગેંડો
પ્રત્યેક પ્રાણીની
લાક્ષણિકતા
નંદબાબુ કેવી
આબાદ ઉતારતા
તેના નમૂના



ંવર ટાગોરના જાણીતા નાટકમાંનો આ પ્રસંગ એમણે ટૂંકી કથા રૂપે પણ લખ્યો છે, જેનો અનુવાદ શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'કુરબાનીની કથાઓ'માં જારિણી' નામથી આપ્યો છે. વસ્તુ બંનેનું એક હોવા છતાં સંયોજનમાં ફેર છે. નાટકમાં કથા એવી છે કે બૌદ્ધધર્મી મહારાજા બિંબિસારનો પુત્ર અજાત- બ્રાહ્મણ ધર્મની અસર નીચે આવતાં, એ ધર્મના આચાર્ય દેવદત્તનો પ્રેર્યો બુદ્ધ-પૂજા બંધ કરવાનું ફરમાવે છે. બિંબિસારની રાણી લોકેશ્વરીનો એક ચિત્ર, યુવાન વયે જ ભિક્ષુ થઈ જતાં, તેની વેદનાથી તેનામાં એ ધર્મ પ્રત્યે કટુભાવ જાગેલો છતાં તેની અંતરતમ શ્રદ્ધા અચલ છે. પણ રાજકુમારી ાવલીને એ ધર્મ પ્રત્યે ઘણો દ્વેષ છે. વસંતપૂર્ણિમાને દિને ભગવાન બોધિસત્ત્વનો જન્મોત્સવ ઊજવવા માટે અશોકવનમાંના તેમના આસને પૂજા-નિવેદન વાનું કાર્ય, બૌદ્ધ ધર્મમાં રત એવી નટી શ્રીમતીને શિરે આવે છે. એવામાં ખબર આવે છે કે મહારાજા બિંબિસારનું ખૂન થયું છે અને બ્રાહ્મણ ધર્મની આણ





કથકલી નૃત્યની
મુદ્રા

(નીચે)
દક્ષિણ ભારતની વિખ્યાત
નટરાજની મૂર્તિથી નિરાળી
નંદબાબુએ સર્જેલી, શાસ્ત્રો-
ક્ત આયુધો સાથેની
નૃત્યાન્વિત શિવમૂર્તિ



કરડા માનવીની
મુદ્રા




વડોદરાના કીર્તિમંદિરની દીવાલો ઉપર કલાગુરુ નંદલાલ વસુએ દોરેલાં ભીંતચિત્રો પૈકીના એક 'શ્રીમતીનું સમર્પણ'નું રેખાંકન

વર્તાવી બુદ્ધ-પૂજાની બંધી ફરમાવવામાં આવીછે. આ તકે રત્નાવલી, શ્રીમતીનું તેમજ બૌદ્ધ ધર્મનું અપમાન કરવા, તેને સ્તૂપ આગળ નાચ કરવા ફરમાવે છે. ભગવાન પાસે નૃત્ય કરવું તે પણ પૂજા જ છે એમ સમજી શ્રીમતી નૃત્ય કરે છે, અને પછી, એક પછી એક વસ્ત્રાલંકારો અળગાં કરતી જાય છે, તેમાં છેવટે બૌદ્ધ ભિક્ષુણીનું પીળું વસ્ત્ર રહે છે. એ જોતાં જ, રાજાજ્ઞાને લીધે રક્ષિણીઓ તેનો વધ કરે છે. શ્રીમતીના આ આત્મસમર્પણથી સૌનાં મનનું પરિવર્તન થાય છે. ◖ નીચેના ચિત્રમાં પહેલી તકતીમાં નટી શ્રીમતી પૂજન કરવા જતી જણાય છે. તે પછીની તકતીમાં નટી, એક ગ્રામ યુવતી માલતીને સંગીતનૃત્યનું શિક્ષણ આપે છે. તે પછી રાજરાણી લોકેશ્વરી બૌદ્ધ ભિખ્ખુણી ઉત્પલપર્ણાને કહે છે કે વસંત પૂર્ણિમાને દિવસે ભગવાનના સ્તૂપની પૂજા કરવા માટે શ્રીમતી જ યોગ્ય છે; અને તેની પછીના







'રૂપાવલી' નાં(ત્રણ) રેખાંકન



શુદ્ધ ભારતીય આલેખનશૈલીના પાઠ આપવા માટે અજંટા આદિની કૃતિઓ પરથી તેમણે 'રૂપાવલી' નામની વિદ્યાર્થીભોગ્ય રેખાવલિની જે માળા પ્રકટ કરેલી તેમાંના ત્રણ નમૂના.

નીચે: ગુરુદેવ રવીન્દ્રનાથ રચિત નાનાં બાળકો માટેની વાચનમાળા 'સહજ પાઠ' તથા કુમારો માટેના કાવ્યસંગ્રહ 'છડાર છબી' માટે નંદબાબુએ સરલ સુંદર ભારતીય શૈલીમાં, સામાન્ય જનજીવનનાં બાલરોચક રેખાંકનો કરેલાં તેના નમૂના: ડાબી બાજુ 'સહજપાઠ'-નાં ત્રણ ચિત્રો-ઉપરથી નીચે: પૂજા-ની તૈયારી, ચકો-ચકી, માથું ઓળતી માતા; નીચે 'છડાર છબી'માંથી 'પ્રવાસે'.









ભારતીય સંસ્થાઓની ધ્યાનમુદ્રાઓ ભારતીય પ્રતીકો વડે યોજવાની શરૂઆત વર્ષો પહેલાં નંદબાબુએ કરેલી: તેમાંની ત્રણ.

નીચેનું પ્રથમ ચિત્ર: આશ્રમિક સંઘ માટેની ધ્યાનમુદ્રા: 'સપ્તપર્ણ'







અવનીન્દ્રનાથે એક સભામાં કહેલું: એક દિવસ એક યુવકને પોતાની વૃદ્ધ માને ખભે બેસાડીને કોઇ ઘણા દૂરના ગામડેથી કાલીમાતાનાં દર્શન કરાવવાને લઇ આવેલો જોયો. એની પાસે ગાડીભાડાના પણ પૈસા ન હતા. મારું મન એ જોઇને ભરાઈ આવ્યું. મેં નંદલાલને કહ્યું: "અવહેલિતા માતા જેવી ભારતીય કલાને આપણે આ રીતે માથે ઉઠાવીને ચાલવાનું છે,—પછી ભલે આપણી શક્તિ સામાન્ય હોય, અને વિરોધ નિઃસીમ,"....આજ પણ એવા 'એકલા ચલો'ના દિવસોનો અંત નથી આવ્યો; મૉડર્ન આર્ટની અક્ષમ અનુકૃતિઓની વાહવાહનો આજે પણ હજી અંત નથી આવ્યો.

—નગેન્દ્ર ભટ્ટાચાર્ય




સતીઃ નંદબાબુના જે ચિત્રે એમને પ્રતિષ્ઠા અપાવી

દક્ષ નામના અધિદેવને મનુની પુત્રી પ્રસૂતિથી થએલી સોળ પુત્રીઓમાંની સૌથી નાની સતી વૈરાગી જેવા શિવને પરણી એનો વધુ રોષ તો દક્ષને એટલા માટે હતો કે જે શિવે એક સમારંભમાં પોતાનો અનાદર કરેલો એ જ શિવને પરણવાની રઢ લઈ બેઠેલી સતીએ, સ્વયંવર વખતે શિવને નિમંત્રેલા ન જોતાં શિવનું આવાહન કરીને વરમાળા હવામાં ફેંકેલી, તે ગળામાં ઝીલી લઈ શિવ પ્રકટ થએલા, અને દક્ષને નછૂટકે લગ્ન કરી આપવું પડેલું. આથી ચિડાએલા દક્ષે અશ્વમેધ યજ્ઞ વખતે શિવને જ માત્ર નિમંત્ર્યા નહિ. તેથી રોષે ભરાએલી સતીએ, શિવે ઘણું વાર્યા છતાં, દક્ષપિતાના યજ્ઞ પર જઈ શિવના અપમાન માટે પિતા સામે વિરોધ કર્યો. દક્ષે ઊલટું શિવને ભાંડ્યા. તે અસહ્ય થતાં સતીએ પોતાના શરીરમાંથી અગ્નિ-જ્વાળાઓ કાઢી આત્મત્યાગ કર્યો.


વિવિધ રંગભરી જાડી પીંછીના મુક્ત લસરકા વડે આલેખેલું વૃક્ષ ઘટા નીચેની કુટિરમાં ગૃહિણીએ પ્રકટાવેલા સાન્ધ્યદીપનું ચિત્ર.








ઉપર : વીજ-વર્ષાના તોફાનમાં
જમણી બાજુ : બુદ્ધ-કરુણા
નીચે : કિરાત-કુમારનું બલવાન રેખાચિત્ર



મથાળાનો માતેલો બકરો ને ડાબી બાજુનો નાજુક ફૂલછોડ નંદબાબુની પ્રાણી અને પ્રકૃતિ-ચિત્રણાના નમૂના છે.






જમણી બાજુ : છેલ્લે છેલ્લે નંદબાબુ વિવિધ-રંગી કાગળમાંથી અવનવી આકૃતિઓ ફાડી કાઢીને તેના પર થોડી રેખાઓનાં ટચકાં મૂકી સર્જન કરતા. એવી રમતનો એક નમૂનો





મૃગબાલનું લાલન કરતી શકુંતલાનું, તૂલિકા-રેખા વડે કરેલું આ નાનકડું ચિત્ર ઉત્તમ સંયોજન અને લલિત આંદોલનના માધુર્યથી ભરેલું છે. ◖ એવું જ મધુર લાલિત્ય આ નીચેના 'સ્નાન'ના રેખાચિત્રમાંના કટિભંગ અને કેશછટામાંથી નીતરતું જણાશે. (નીચેનું ચિત્ર શ્રીમતી ઈન્દુલેખા ઘોષના સંગ્રહમાં)




કૃષ્ણ-જન્મ





ભગિની નિવેદિતાના પુસ્તક માટે આલેખાએલાં ચિત્રો એ કાળે જનરંજન કરતી પશ્ચિમના કલાકારોની સામાન્ય કૃતિઓ કે રવિવર્માનાં ચિત્રોની છાપો કરતાં તદ્દન નિરાળાં હતાં. અનોખું પ્રતિભાબીજ દાખવતાં, ભારતીયતાની દીપ્તિવાળાં આ રંગચિત્રોએ નવી આવનારી શુદ્ધ ભારતીય કલાશૈલીની છડી પોકારી. ઝીણવટથી જોનારને એનાં ચિત્રસંયોજન, રંગાવટ અને ભાવનિદર્શનમાં એ નૂતન ઓજસ દેખાઈ આવશે. શોભનપ્રચુર શૈલીના 'ગરુડ'નો આવેગ, 'કિરાત-અર્જુન'માં શિવના પ્રાકટ્યની ઝળાંહળાં આભા, 'ઉમાનું તપ'માં અભિનવ આયોજન સાથે કઠોરતાની કુમાશ, 'શોકાન્વિત શિવ'નું રહસ્યગંભીર ભાવનિદર્શન અને 'કૃષ્ણ-જન્મ'માં કંસ-કેરની ગૂઢશ્યામ રાત્રિમાં થએલા કૃષ્ણ-જન્મની તેજરેખા નોંધપાત્ર છે. રેમ્બ્રાં, ટિશ્યાં આદિ પશ્ચિમના ઘણા કલાકારો પોતાની કૃતિઓના કોઇક પાત્રોમાં પોતાની પ્રતિકૃતિ ઉતારતા, એવું નંદબાબુની પણ કોઇક કૃતિઓમાં છે. 'કૃષ્ણ-જન્મ' ચિત્રમાં વસુદેવના પાત્રમાં એમના ચહેરાનું સામ્ય જોઇ શકાશે.

મુંબાઈના 'ટાઇમ્સ ઑવ ઇંડિયા' પત્રે પ્રકટ કરેલી નંદબાબુની બીજી કીર્તિદા કૃતિ

બુદ્ધ-જીવનની ચિત્રમાળા










ઉપર: મહાભિનિષ્ક્રમણ
જમણી બાજુ: બુદ્ધ અને સુજાતા
ડાબી બાજુ: બુદ્ધ અને આમ્રપાલી

નીચે: પરિનિર્વાણ
જમણી બાજુ નીચે: માતા માયાદેવીને સ્વર્ગમાં ઉપદેશ આપી પાછા વળતા ભગવાન બુદ્ધ



મથાળે: લુંબિની વનમાં બુદ્ધજન્મ; પરિચારિકાઓએ ધરી રાખેલા વસ્ત્રપટ ઉપરના વર્તુલમાંનું બાળબુદ્ધનું ચિત્ર જન્મનું સૂચક છે.





નીચે: અમદાવાદના શ્રેષ્ઠી શ્રી કસ્તૂરભાઇ લાલભાઇના કલાસંગ્રહમાંની નંદબાબુ કૃત રામાયણની વિરલ ચિત્રમાળાની જે થોડી તકતીઓ અંક ૪૬૮માં આપેલી તેમાંની ત્રણ: ૧) રામ-શબરી, ૨) રામ-લક્ષ્મણ ને સુગ્રીવ-હનુમાન, ૩) રામ-સીતાનું લગ્ન. એકસરખા માપની ઊભી નાનકડી તકતીઓમાં રામાયણના પ્રસંગોને વૈવિધ્યપ્રચુર વિગતો સાથે સપ્રમાણ સંયોજનપૂર્વક જે કૌશલથી નંદબાબુએ એમાં નિરૂપ્યા છે એ દાદ માગી લે એવું કામ છે.



જમણી બાજુ:
વિષાદઘેર્યા અર્જુનને કૃષ્ણનું ઉદ્બોધન













ભારતીય ઉપરાંત ચીની, જાપાની, ઈરાની, ઇજિપ્શ્યન, એમ વિવિધ ચિત્રશૈલીઓના અભ્યાસ અને પ્રેરણામાંથી નંદબાબુ પોતાનાં ચિત્ર-સંયોજનો તથા આલેખનશૈલીમાં નાનાવિધતા આણવાના અખતરા કર્યા જ કરતા. આ ઉપરનું 'પરબ' અને સામે મથાળે આપેલું 'રાધાનો વિરહ' તેનાં ઉદાહરણ છે. અનોખા કોણ લઈ આલેખેલાં આ બંને ચિત્રોનાં વૃક્ષનિદર્શન અને પાત્રાલેખન કેટલાં નિરનિરાળાં છે! નીચે: જમણી બાજુની રાજરાણીને જોતાં સમજી શકાય કે તે અંધ પતિ ધૃતરાષ્ટ્રની અપંગતાના અનુસંધાનમાં આંખે પાટા બાંધી રાખતી ગાંધારી છે. પણ ડાબી બાજુનું ચિત્ર? પુરુષ અને સ્ત્રીનાં ચરણદ્વય ને પુરુષના પગ પાસે દંડ, એટલાં જ પ્રતીકમાત્રથી એ નાનકડા ચિત્રરત્નમાં નંદબાબુએ, એ પતિ-પત્નીના જીવનનું કાવ્ય આલેખ્યું છે.











ઉપર: વીજ-વર્ષાના તોફાનમાં
જમણી બાજુ: બુદ્ધ-કરુણા
નીચે: કિરાત-કુમારનું બલવાન રેખાચિત્ર




મથાળાનો માતેલો બકરો ને ડાબી બાજુનો નાજુક ફૂલછોડ નંદબાબુની પ્રાણી અને પ્રકૃતિ-ચિત્રણાના નમૂના છે.





જમણી બાજુ: છેલ્લે છેલ્લે નંદબાબુ વિવિધ-રંગી કાગળમાંથી અવનવી આકૃતિઓ ફાડી કાઢીને તેના પર થોડી રેખાઓનાં ટચકાં મૂકી સર્જન કરતા. એવી રમતનો એક નમૂનો





નંદબાબુનું એક એચિંગ: **કલાકુટિર**

શાન્તિનિકેતનમાં ક્રીડાંગણના મેદાનને ખૂણે એક અતિ સુંદર, ગુપ્ત સમયની બાંધણીમાં માટીની કુટિર ઊભી કરેલી છે, જેની બારીમાં કંઈ ને કંઈ નિત્યનૂતનતા આપતી કલાકૃતિ, ચિત્ર કે શિલ્પ, જતા-આવતાના આસ્વાદ માટે મૂકવામાં આવે છે.

નીચે: હરિપુરા કૉંગ્રેસનાં સુશોભનો માટે નંદબાબુએ સર્જેલી ભારતનાં સામાન્ય પાત્રોની ૬૦ ચિત્રોની માળાના જે નમૂના ગયા અંકે પૂઠામાં આપ્યા હતા તે પૈકીના ત્રણનું મોટું રૂપ. ગુજરાતનાં પોથીચિત્રોની શૈલીનાં, તેજદાર રંગો અને લેખન જેવી ત્વરાથી દોરેલાં, સરળ અને લાઘવયુક્ત આ ચિત્રો બુદ્ધિમાનો તેમજ જનતા બન્નેનું રંજન કરી શકે એવી સચોટતાવાળાં છે.







અમેરિકા અને આપણે

☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૧૭

૨૮ માર્ચ ૧૯૬૫

વહાલાં બાળકો,

આલાબામા રાજ્યના સેલ્મા ગામમાં મતદાર તરીકે પોતાનાં નામ નોંધાવવામાં હબસીઓને જે મુશ્કેલી પડે છે તે તરફ લોકોનું, રાજ્યનું તથા મધ્યસ્થ સરકારનું ધ્યાન ખેંચવા માટે માર્ટિન લ્યૂથર કિંગે સેલ્માથી મૉન્ટગોમરી સુધીની પગપાળા કૂચનો કાર્યક્રમ યોજ્યો. મૉન્ટગોમરી એ આલાબામા રાજ્યનું મુખ્ય શહેર છે; ત્યાં જઈ ત્યાંના ગવર્નરને આ મુશ્કેલી દર્શાવતું આવેદનપત્ર આપવું એ કાર્યક્રમ હતો.

કાર્યક્રમ જાહેર થયો કે તરત જ આલાબામા રાજ્યે સરઘસબંધી ફરમાવી. તેની સામે થઈને હબસીઓએ કૂચ લઈ જવાનું નક્કી કર્યું. નિશ્ચિત તારીખે પાંચસો-છસો માણસો એકઠાં થયાં ત્યાં તો આલાબામા રાજ્યની પોલીસ તેમના પર તૂટી પડી. દંડામાર કરીને તથા ટીઅર ગૅસ છોડી લોકોને વેરવિખેર કરી નાખ્યા. તે પછી બીજા દિવસે આલાબામાના ગોરાઓએ એક ગોરા પાદરીને ગોળીએ દીધો. આ પાદરી હબસીઓને મતાધિકાર મળે તેમ માનતો હતો અને તેમના સત્યાગ્રહમાં ભાગ લેતો હતો. આ ખૂનથી દેશભરમાં આલાબામાના ગોરાઓ સામે ધિક્કારની લાગણી જામી.

આ બાજુ સેલ્મામાં હબસીઓએ આ હુતાત્મા પાદરીના માનમાં ચર્ચમાં જાહેર પ્રાર્થના ગોઠવવાનું નક્કી કર્યું. રાજ્યે આ પ્રાર્થના સામે મનાઇ હુકમ બહાર પાડ્યો. કિંગે આ મનાઈ હુકમને દેશની સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો. પાંચ દિવસમાં ફેડરલ કોર્ટનો ચુકાદો આવ્યો કે મનાઇ હુકમ ગેરકાયદે છે અને ચર્ચમાં પ્રાર્થનાસભા થવા દેવી જોઇએ. દેશભરમાંથી કાળા અને ગોળા પાદરીઓ આ પ્રાર્થનાસભામાં ભેગા થયા. હવે માર્ટિન લ્યૂથર કિંગે મૉન્ટગોમરી પગપાળા કૂચના મનાઈહુકમ સામે કોર્ટમાં અપીલ કરી. દસ દિવસે તે અપીલનો ચુકાદો આવ્યો અને મનાઇ હુકમ ગેરકાયદે ઠર્યો. ઉપરાંત હાઈ વે (રાજમાર્ગો) ઉપર કૂચ લઈ જવા માટે અમુક શરતોને આધીન પરવાનગી પણ આપી અને કૂચ દરમિયાન કૂચમાં ભાગ લેનારના જાનની સલામતી માટે તકેદારી રાખવાનો રાજ્ય-સરકારને આદેશ આપ્યો!

આલાબામા રાજ્યની કાળાવિરોધી સરકારને વિમાસણ થઈ. આ કાળાઓના જાનની સલામતી માટે શું મોઢું લઇને તે પ્રબંધ કરે? તેણે નવો પાસો નાખ્યો. રાજ્યના ગવર્નરે જાહેર કર્યું કે આ કૂચ થશે તો કાળાઓના જાન જોખમમાં મુકાશે અને અમારાથી તેને રક્ષણ આપી શકાશે નહિ. રક્ષણ આપવાની પોતાની આ અશક્તિની ખબર તેણે મધ્યસ્થ સરકાર તથા કોર્ટને આપી દીધી. બીજે જ દિવસે પ્રમુખ જ્હૉનસને હુકમ બહાર પાડીને આલાબામા રાજ્યના ૪૦૦૦ પોલીસોને પોતાને હસ્તક લીધા તથા ૫૦ માઈલના કૂચના રસ્તા ઉપર આવતી ત્રણ હૉસ્પિટલ પણ પોતાને કબજે લીધી, અને ચાર દિવસની કૂચ દરમિયાન કૂચ કરનાર દરેક વ્યક્તિના જાનની સલામતીની જવાબદારી મધ્યસ્થ સરકારે પોતે લઈ લીધી.

૨૧મી માર્ચ ૧૯૬૫ને રવિવારે સવારે સેલ્માથી કૂચ શરૂ થઇ. તેમાં ભાગ લેવા દેશભરમાંથી કાળા તથા ગોરા એકઠા થયા. લોકશાહીમાં દરેકને પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાની છૂટ હોય છે અને સામાન્યરીતે યોગ્ય ગણી શકાય તેવા કોઇ પણ માર્ગે તે તેમ કરી શકે છે એ સિદ્ધાન્ત પ્રમાણે કૂચના કાર્યક્રમને ગેરકાયદે ગણી ન શકાય. તે સત્યને વળગી રહેવાના માર્ટિન લ્યૂથર કિંગના નિર્ણયમાં હમદર્દી દેખાડવા દેશભરમાંથી લોકો સેલ્મા પહોંચ્યા. અમારી યુનિવર્સિટીમાંથી વિદ્યાર્થીમંડળનો પ્રમુખ, એક પ્રોફેસર તથા એક ફોટોગ્રાફર એમ ત્રણ જણની ટુકડી ખાસ ઉત્તર-પશ્ચિમમાંથી ઠેઠ દક્ષિણ-પૂર્વમાં ગઈ હતી.


રવિથી ગુરુવાર સુધીના પાંચે દિવસ રોજના ૧૦, ૧૨ કે ૧૫ માઈલનો લાગટ પગપાળા પ્રવાસ કરી આ સંઘ ગુરુવારે મૉન્ટગોમરી પહોંચ્યો. નીકળ્યા ત્યારે સંખ્યા ૧૦,૦૦૦ હતી. વચ્ચે ત્રણ દિવસ પ્રમાણમાં સાંકડા હાઇવે ઉપરથી જવાનું હતું ત્યાં કોર્ટના હુકમ મુજબ ફક્ત ૩૦૦ માણસો કૂચમાં શામેલ હતા. છેલ્લે પાછાં મૉન્ટગોમરીમાં ૧૫,૦૦૦ સ્ત્રીપુરુષોએ આઠઆઠની હારમાં કૂચ કરીને ગવર્નરને નિવેદન સોંપીને પોતાનું કાર્ય પાર પાડ્યું. દેશભરમાં આ પાંચ દિવસોમાં હબસીઓના મતાધિકાર વિષે તથા આલાબામા રાજ્યની નીતિ વિષે ખૂબ ઉહાપોહ થયો. પરિણામ એ આવ્યું કે મધ્યસ્થ પાર્લમેન્ટમાં જ્હૉનસને એક ખરડો આણ્યો અને મતાધિકાર માટે નામ નોંધવામાં જે કોઈ સરકારી અમલદાર વિઘ્ન ઊભું કરે તેને સખ્ત સજાની જોગવાઈ તેમાં દાખલ કરી. ત્રણચાર માસમાં ખરડો કાયદાનું રૂપ લેશે.

આમ દાંડીકૂચની યાદ દેવડાવે તેવી આ પગપાળા કૂચ સહીસલામત પાર ઊતરી. પણ ગુરુવારે સાંજે કૂચનો કાર્યક્રમ પૂરો થયો ને શુક્રવારે મૉન્ટગોમરી અને સેલ્મા વચ્ચેના હાઇવે ઉપર ચાલતી મોટરે ૩૯ વર્ષની એક ગોરી બાઈનું ખૂન થયું આ બાઈ બૉસ્ટનથી ખાસ કૂચમાં ભાગ લેવા આવી હતી અને જે લોકો કૂચમાં સેલ્માથી મૉન્ટગોમરી આવ્યાં હતાં તેમને મોટરમાં બેસાડી પાછાં સેલ્મા પહોંચાડવાનું કામ સ્વયંસેવક તરીકે કરતી હતી. આવી એક ટુકડીને સેલ્મા પહોંચાડી તે તથા એક કાળો સ્વયંસેવક પાછા મૉન્ટગોમરી આવતાં હતાં ત્યાં રસ્તામાં પૂર ઝડપે ચાલતી તેમની ગાડીની પાછળ આવતી એક ગાડી તેમની સાથોસાથ થઈ અને તેમાંથી ગોળી છૂટી ને આ બાઇ ઢળી પડી.

બાઇના પતિએ પ્રમુખ જ્હૉનસનને ટેલિફોન કર્યો. પ્રમુખે આ ખૂનની તપાસ પોતાને હસ્તક લીધી. આમ તો હાઇવે ઉપર થએલા ખૂનના ખૂનીને પકડવાનું ખૂબ મુશ્કેલ; પણ ખૂન પછી ૧૬ કલાકમાં ન્યૂ યૉર્કના પરામાંથી આ ખૂનના આરોપસર ચાર ગોરા પકડાયા. દેશભરમાં આને અંગે એટલી બધી તીવ્ર લાગણી પ્રવર્તતી હતી કે જ્યારે ખૂની પકડાયા ત્યારે ટેલિવિઝન પરના તમામ ચાલુ કાર્યક્રમો રદ કરીને પ્રમુખ પોતે ટી. વી. ઉપર આવ્યા અને આ ધરપકડની જાહેરાત કરી. તેમણે એમ પણ જાહેર કર્યું કે આ ચાર માણસો ક્લુ ક્લુક્સ ક્લાન (klu klux klan)ના સભ્યો છે. આ ક્લુ ક્લુક્સ ક્લાન (kkk) ત્રાસવાદીઓની ટોળી છે. અબ્રાહમ લિંકને ગુલામી નાબૂદ કરી ત્યારથી કાળા વિરોધી ટોળી તરીકે તે કામ કરે છે. જૂના જમાનામાં કોઈ ગોરો કાળીને પરણે કે કોઇ કાળો ગોરીને પરણે તો તેઓ તે ગોરા કે કાળાનું ખૂન કરી તેની લાશ ઝાડે લટકાવતા. એ જ પ્રમાણે કોઈ કાળો સમાન હકની માગણી કરે તો તેના પણ એ જ હાલ થતા. માનવીની ખોપરી તથા ચોકડી બનાવતાં બે હાડકાં એ આ kkkની નિશાની છે. હવે એ ટોળી લાશને ઝાડે લટકાવતી નથી પણ આવી રીતે ખૂનો કરે છે. પ્રમુખે આ ટોળી સામે જેહાદ ઉપાડી છે ને તેની સઘળી પ્રવૃત્તિઓ ડામી દેવા જરૂરી કાયદો ઘડવાની જાહેરાત કરી છે, તથા સઘળા સમજદાર અમેરિકનોને એ પ્રવૃત્તિથી દૂર રહેવા ભલામણ કરી છે.

કેવા જુદા સંયોગોમાં કેવી જુદી રીતે ગાંધીજીના સિદ્ધાન્તોનો ઉપયોગ થાય છે અને તેનો સામનો પણ કેવો જુદો થાય છે!

લિ. કાકાના આશિષ



પચ્ચીસ વર્ષ પહેલાં

જૂન ૧૯૩૧ અંક ૨૧૦

'પ્રાચીન ગ્રીસનું ગૌરવ' ખૂબ ટૂંકાણમાં છતાં રસભરી રીતે સમજાવતો એક લેખ (આજથી ૨૫ વર્ષ પહેલાંના અંકમાં) સ્વ. ચન્દ્રમણિશંકર પંડિતે તારવીને તૈયાર કરેલો. કેટલાંક નવાં ચિત્રો ઉમેરીને તે આપીએ છીએ:

"ગ્રીસ એક ગૌરવાન્વિત પ્રાચીન દેશ છે. એ વીર લોકોની ભૂમિ હતી અને કળા તેમજ વિદ્યાનું મોટું ધામ હતું. જગતની પ્રાચીન સંસ્કૃતિના એ જન્મસ્થાને પોતાના પાંચ હજાર વર્ષના ઇતિહાસના ગાળામાં રોમન, કેલ્ટ, જર્મન, સ્લાવ, ઇરાની, તુર્ક ને અરબ તરફથી અનેક હુમલાના ઘા સહન કરેલા છે. એણે મહાન કવિઓ તત્ત્વજ્ઞાનીઓ, વિજ્ઞાનીઓ અને ચડતીપડતીના અનેક રંગ એણે અનુભવ્યા છે. લડવૈયાઓને જન્મ આપેલો છે. ઈ. સ. પૂર્વે ચોથા સૈકામાં મેસીડોનના બીજા ફિલિપે એને જીતી લીધો. બસો વર્ષ પછી એને રોમન લોકોએ જીત્યો અને તે ઘણા સૈકા સુધી રોમના સંસ્થાન તરીકે રહ્યો. તે દરમ્યાન ગ્રીક સંસ્કૃતિએ, ગ્રીસ જીતાએલો હોવા છતાં પણ રોમન લોકોની સંસ્કૃતિ પર એવી તો પ્રબળ અસર કરી કે તેના સંબંધમાં ઇતિહાસનું એવું કથન છે કે 'Captive Greece made captive its Roman conquerers.'



પ્રાચીન ગ્રીસના પહેરવેશ: ડાબી બાજુથી ૧) ગ્રીક રમણીની સાડી; ૨) કન્યાનો પોશાક; ૩) કમરપટા અને ચંપલવાળો પોશાક; ૪) યુવકનો પોશાક; ૫) લડવૈયાનો પોશાક.




સૉક્રેટિસ


ત્યાર બાદ ઇ.સ.ના ૧૪મા સૈકાની શરૂમાં તે પરદેશી ધૂંસરીમાંથી સ્વતંત્ર થયું.

એણે અનેક પ્રકારની કળાઓને અને વિદ્યાઓને જન્મ આપ્યો હતો. આર્કિમીડીસ નામના તેના મહાન ગણિતશાસ્ત્રીએ સૌથી પ્રથમ યાંત્રિક બળોની શોધ કરી હતી. એણે પ્લેટો અને ઍરિસ્ટોટલ જેવા મહાન તત્ત્વવેત્તાઓને જન્માવ્યા; 'ઇલિયડ' અને 'ઑડિસી' જેવાં મહાકાવ્યોના સર્જક વિખ્યાત કવિ હોમરને, તથા ગ્રામ જીવનના કવિ હેસિઓડને ઉત્પન્ન કર્યા. વળી મહાન ઇતિહાસકાર હીરોડોટસ, પ્રખર વક્તા ડીમોસ્થનિસ અને કરુણ રસના નાટ્યકારો યુરિપાઈડીસ, એસ્કિલસ અને સોફોક્લિસ પણ ગ્રીક હતા. પાશ્ચાત્ય વૈદ્યકવિદ્યાનો પિતા હિપોક્રેટીસ ગ્રીક ધન્વંતરિ હતો. એના ખગોળવેત્તા હિપાર્કસે અક્ષાંશ ને રેખાંશની ગણતરી શોધી કાઢી હતી. કવિ પિંડારે ગેય કાવ્યો સર્જ્યાં. મહાન એથીનિયન રાજનીતિજ્ઞ, સેનાપતિ ને વક્તા પેરિક્લિસે એના પાટનગર ઍથેન્સને પૂર્ણ વૈભવે પહોંચાડ્યું. તત્ત્વવેત્તા ને ખગોળશાસ્ત્રી પિથેગૉરસ, ભૂમિતિનો રચનાર ગણિતશાસ્ત્રી યુક્લિડ અને પશુપક્ષીઓની વાર્તાઓ દ્વારા નીતિશાસ્ત્રનો પ્રણેતા ઈસપ, એ સર્વ ગ્રીક વિભૂતિઓનાં નામ સૌને સુવિદિત છે. 'એલ્જિન માર્બલ્સ'ના નામથી બ્રિટિશ મ્યૂઝિયમમાં સંગ્રહાએલા આરસપહાણના શિલ્પના નમૂના ગ્રીક શિલ્પશાસ્ત્રી ફીડિયાસની ઉત્તમ શિલ્પકળાની સાક્ષી પૂરે છે.

યુરોપનો ઇતિહાસ જેનાથી ગ્રેજળો છે તે ગ્રીક સંસ્કૃતિ અને સામ્રાજ્યનું એ કાળનું પાટનગર ઍથેન્સ આજે પણ હયાત છે. દરિયાકિનારાથી ચારેક માઈલ દૂર, રમણીય પાર્વતીય પ્રદેશમાં ટેકરીઓના એક નાના ઝૂમખા પર તથા તેની તળેટીમાં વસેલા આ નગરની ભૌગોલિક સ્થિતિ જ એવી આકર્ષક, મનોહર અને આરોગ્યભરી છે કે છેક પ્રાગૈતિહાસિક કાળથી માનવજાતિએ ત્યાં વસવાટ કર્યાના અવશેષો (કાંસાયુગ તથા લોહયુગના) મળી આવે છે. ઈ. સ. પૂર્વે ૧૦૦૦થી તો ત્યાં વિખ્યાત ગ્રીક સંસ્કૃતિનો ઉત્તરોત્તર વિકાસ થયો. શરૂમાં તો શહેર તેની મુખ્ય ટેકરી પરના ઍક્રૉપૉલિસ (રાજગઢી) અને તેની આસપાસની વસાહતોમાં જ સમાઈ જતું, પણ ઈ. સ. પૂર્વેની છઠ્ઠી સદીથી તેનો વિસ્તાર અને વિકાસ વધતાં ગયાં પેરિક્લિસના સમયમાં તેની સંસ્કૃતિ પરાકાષ્ઠાએ પહોંચી ને તેનાં ઇતિહાસપ્રસિદ્ધ શિલ્પસ્થાપત્યનાં સૌંદર્યો એ જ કાળમાં સર્જાયાં.



સામેના પાને ડાબી બાજુથી અનુક્રમે:
થર્મોપિલીમાં લીઓનિડાસની કબર
ઑલિમ્પસ પર્વત
ઑલિમ્પિયા નગરના અવશેષો



પ્રાચીન ગ્રીસની ગૌરવાન્વિત કલાનો ખયાલ આપતી ઍથેન્સની રૂપસુંદર રાજગઢી ઍક્રૉપૉલિસ. શહેર વચ્ચે, ઊંચી ટેકરી પર, આખા નગર પર દષ્ટિપાત કરતો અને મુખ્ય મકાનો ધારણ કરતો કિલ્લો તે ઍક્રૉપૉલિસ. પ્રાચીન ગ્રીસનાં ઘણાં શહેરોમાં આવી ગઢી હતી.

ગ્રીસનો ઑલિમ્પસ પર્વત તો દેવો તથા માનવોના પિતા ઝ્યુસ (અથવા જ્યૂપીટર) તેમજ બીજા ગ્રીક દેવતાઓનું નિવાસસ્થાન. પ્રત્યેક ચાર વર્ષે ત્યાં જગપ્રસિદ્ધ 'ઑલિમ્પિક ગેમ્સ'ના ઉત્સવો યોજવાતા, તેમાં સાહિત્ય કળા, નાટક, કાવ્યશાસ્ત્ર, સંગીત અને વ્યાયામની સ્પર્ધાઓ થતી. એ પ્રણાલિકા લગભગ બે હજાર વર્ષ ચાલુ રહી. ગ્રીસની હાલની રાજધાની ઍથેન્સ તે સમયે કળા ને વિદ્યાનું ધામ હતું અને ત્યાં રાજ્યની તથા જનસમાજની ભવ્ય મહેલાતો હતી. એવું જ બીજું વિખ્યાત નગર સ્પાર્ટા બહાદુર લડવૈયાઓનું સ્થાન હતું. ત્યાંના કાયદાના પ્રણેતા લાઈકરગસે સખત કાયદાકાનૂનોથી ત્યાંના રહેવાસીઓને સાદું અને કઠોર જીવન ગાળતા કર્યા હતા. ત્યાં પુરુષ જાતિને સાત વર્ષની વયથી પોતાની માતાઓથી વિખૂટી પાડી રાજ્યની દેખરેખ નીચે અતિશય સખ્તાઈ ભરેલું જીવન ગાળવાની ફરજ પડાતી. સ્ત્રીપુરુષ બંનેને અતિશય ઉગ્ર વ્યાયામના અભ્યાસક્રમમાંથી પસાર થવું પડતું, જેથી તેઓ અતિશય કઠણ બનતાં.


ત્યાંના લોકોનાં શૌર્ય અને પરાક્રમ તો જગજાહેર છે. ઇરાનના શાહ ઝર્સિસે અસંખ્યાત યોદ્ધાઓના લશ્કર સાથે ગ્રીસ ઉપર હુમલો કર્યો તેનો સ્પાર્ટાના રાજા લિયોનિડાસે માત્ર ત્રણસો માણસોથી સામનો કર્યો. થર્મોપિલીની નેળના સાંકડા માર્ગ આગળ એનાં માણસોએ ઊભા રહી પ્રવેશ કરતા ઈરાની સૈન્યનાં પુષ્કળ માણસોનો સંહાર કર્યો અને તેમને દાખલ થવા દીધા નહિ. આખરે ફૂટ થવાથી ઈરાની લશ્કરને બીજો માર્ગ જડ્યો, અને તેણે એ રસ્તે આવી આ મૂઠીભર માણસોને ઘેરી લીધા. પ્રત્યેક લડવૈયાએ મરણિયા બની કેસરિયાં કર્યાં, અને એ ત્રણસોમાંથી એક પણ બચ્યો નહિ.


રહોડ્ઝના ટાપુમાં ગ્રીક કલાવિદો અને કાવ્યશાસ્ત્રીઓ રહેતા. ક્રીટનો ટાપુ પણ દુનિયાની મહાન શ્રમસાધ્ય સંસ્કૃતિનું ઉત્પત્તિસ્થાન છે. કોરિંથનું પ્રાચીન નગર અનેકવિધ કળાઓ અને રમતોનું આશ્રયસ્થાન હતું.


ગ્રીક તત્ત્વવેત્તા ડાયોજિનિસ એક ઉદાસીનતાપ્રિય, સુખને તિરસ્કારના તત્ત્વવેત્તા હતો. 'ડાયોજિનિસ અને એના ટબ'ની વાર્તા તો સુપ્રસિદ્ધ છે. જીવનના સુખ પ્રત્યે અનાદર દર્શાવવા તેણે એક ટબમાં જ પોતાનો વાસ કર્યો હતો. એણે વળી બજારમાં એક તંબૂ ઊભો કર્યો હતો અને ત્યાં 'ડહાપણ વેચાતું મળે છે.' એવું પાટિયું માર્યું હતું. એક ધનવાન વેપારીએ પૈસા આપી પોતાના માણસને ડહાપણ વેચાતું લેવા મોકલ્યો. તેને એણે આ સંદેશો વેચાતો આપ્યો : 'હમેશાં પ્રત્યેક કાર્યના પરિણામનો પહેલો વિચાર કરવો.'

અતિશય પ્રજ્ઞાવાન મહાન તત્ત્વજ્ઞાની સૉક્રેટિસના નામથી કોઈ ભાગ્યે જ અજાણ હશે. એ અતિશય કદરૂપો હતો. એક સમયે કોઈ મુખસામુદ્રિકવિદ્યાના જાણનારે કહ્યું કે સૉક્રેટિસ વિષયી, ક્રોધી, શરાબી વૃત્તિવાળો









ડાબી બાજુથી અનુક્રમે, પહેલી હાર: મહાન ગણિતશાસ્ત્રી આર્કિમીડિસ, તત્ત્વવેત્તા પ્લેટો અને ઍરિસ્ટૉટલ, મહાકવિ હોમર, લોકજીવનનો કવિ હેસીઓડ, ઇતિહાસકાર હીરોડોટસ, પ્રખર વક્તા ડેમોસ્થિનીસ. બીજી હાર: કરુણરસના ત્રણ વિખ્યાત નાટ્યકારો યુરિપીડિસ, એસ્કિલસ અને સોફોક્લિસ, પાશ્ચાત્ય વૈદ્યવિદ્યાનો પિતા હિપોક્રેટિસ, ગેય કાવ્યોનો સર્જક કવિ પિંડાર, મહાન રાજનીતિજ્ઞ, સેનાપતિ ને વક્તા પેરીક્લિસ અને તત્ત્વવેત્તા ગણિતજ્ઞ ખગોળશાસ્ત્રી પિથાગોરાસ. ત્રીજી હાર: પશુપક્ષીઓની વાર્તાઓ દ્વારા નીતિશાસ્ત્રનો પ્રણેતા ઈસપ, શિલ્પશાસ્ત્રી ફીડિયાસ, કાયદાનો પ્રણેતા ને મહાન શૂરવીર લાઇકરગસ, સ્પાર્ટાનો બહાદુર રાજા લીઓનિડાસ, મહાન સેનાનાયક થેમિસ્ટોક્લિસ, સ્મૃતિકાર સોલોન અને સૉક્રેટિસનો તત્ત્વજ્ઞ શિષ્ય ઝેનોફોન.

વલણ ધરાવનારો મનુષ્ય છે. આથી એનો શિષ્ય રોષે ભરાયો સૉક્રેટિસે તેને વારીને કહ્યુ: 'એ સત્ય કહે છે. અતિશય સંભાળથી તત્ત્વજ્ઞાનના અભ્યાસ અને સદાચાર તરફ મેં મારું મન ન વાળ્યું હોત તો હું એવો જ થાત. મનુષ્ય સારું કરવા કરતાં બૂરું કરવા જલદી પ્રેરાય છે, પણ બુદ્ધિમાન પ્રાણી તરીકે એણે આત્મશોધન કરવાની ટેવ પાડવી જોઇએ.'

દુનિયાનો એક મહાન સ્મૃતિકાર (કાયદા ઘડનાર) સોલન ગ્રીસના સાત ડાહ્યા પુરુષોમાંનો એક થઈ ગયો. લીડિયાના રાજા ક્રીસસનો એ મિત્ર હતો. એ રાજા પાસે અઢળક ધન અને પુષ્કળ સાહેબી હતી. એક સમયે સોલન તેની મુલાકાતે ગયો ત્યારે તેણે એને પોતાની અતુલ સમૃદ્ધિ બતાવી અને પછી ગર્વોન્માદથી પૂછ્યું: 'મારા જેટલો દુનિયામાં કોઇ સુખી હશે?' સોલને ઉત્તર દીધો: 'કોઇ પણ મનુષ્ય મૃત્યુ પહેલાં સુખી હોતો નથી.' ક્રીસસના માન્યામાં આ વાત ન આવી. થોડા સમય બાદ ઈરાનના સાઈરસે ક્રીસસ પર હુમલો કરી, એનું રાજ્ય જીતી એને કેદ પકડ્યો અને જીવતો બાળી મૂકવા ચિતા પર બાંધવામાં આવ્યો ત્યારે એને સોલનના શબ્દો યાદ આવ્યા. એણે 'સોલન, સોલન, સોલન' એમ ત્રણ વખત ઉચ્ચાર કર્યો. સાઈરસે એને એનો અર્થ સમજાવવા કહ્યુ. એની હકીકત સાંભળી સાઇરસના મન પર એટલી બધી અસર થઇ કે ક્રીસસને તેણે છોડી મૂકી એનું રાજ્ય પાછું સોંપી પોતાનો મિત્ર બનાવ્યો.

ગ્રીસના ગત ગૌરવ વિષે ને એના મહાન પુરુષો વિષે આવાં તો અનેક દષ્ટાંતો આપી શકાય એમ છે. હિંદની સંસ્કૃતિને અને ઇતિહાસને એની સાથે ઘણું સામ્ય છે.''

અથાણું

ડઝનેક ઇનામો જીતેલો એક પહેલવાન એક દિવસ દૂરના એક શહેરમાં કુસ્તી લડવા જતો હતો. સ્ટેશન પર એને એનો હરીફ કુસ્તીબાજ મળી ગયો. હરીફે રીટર્ન ટિકિટ લીધી, જ્યારે પેલાએ કેવળ એક જ લીધી.

'તમને કુસ્તીમાં તમારો વિજય થવાની ખાતરી લાગતી નથી?' હરીફે પૂછ્યું.

'ના, એમ નહિ; વાત એથી ઊલટી છે. હું હરીફાઈ પૂરી થયા બાદ પાછા ફરવા માટે મારા હરીફની ટિકિટનો જ ઉપયોગ કરું છું.'
૨૦૯ ('કુમાર' અંક ૫૧૦)

એક અમેરિકન, એક કૅનૅડિયન અને એક અંગ્રેજ પોતપોતાના દેશની ગાડીઓની ઝડપ વિષે બણગાં ફૂંકતા હતા.

'અમેરિકામાં આગગાડીઓ એટલી ઝડપથી દોડે છે કે એક ખેતર કયારે પૂરું થયું અને બીજું કયારે શરૂ થયું એ પ્રવાસી કહી ના શકે. અને તમને ખયાલ જ છે કે અમારા દેશનાં ખેતર ઘણાં લાંબાં હોય છે.'


'એમાં તે શું? અમારા કૅનૅડામાં ગાડીઓ એટલી ઝડપથી દોડે છે કે ટેલિફોનના થાંભલા ગીચોગીચ ઘાસ ઊગ્યા જેવા લાગે છે.'

'પણ અમારે ત્યાં તો કાલે એક સ્ટેશને એક હમાલે જરા મિજાજ કર્યો, ત્યારે મેં એને ટપલી મારવા, ગાડી ચાલ્યા બાદ હાથ બહાર કાઢ્યો, તો ટપલી વાગી પછીના સ્ટેશન પરના હમાલને!' છેવટે અંગ્રેજે શાંતિથી કહ્યુ.

મૅનેજર (ચપરાસીને): તું હજી હવે પાછો આવે છે? એક કાગળ ટપાલમાં નાખતાં તને ત્રણ કલાક થયા?

'સાહેબ, કાગળ એક નહિ, ત્રણ હતા.'

ટિકિટસંગ્રહ





અમેરિકન વ્યક્તિવિશેષોની હારમાળામાં ચોથી ટિકિટ ૧૪મી માર્ચે બહાર પડી છે જેના પર જગવિખ્યાત વિજ્ઞાની આલ્બર્ટ આઇન્સ્ટાઇનની સુંદર લાક્ષણિક છબિ છે. તેની નીચેની ટિકિટ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ પ્રસારવા નિમિત્તની તા. ૧૩મી એપ્રિલે બહાર પડી છે.



બ્રિટનની હમણાં હમણાંની ટિકિટોનાં ડિઝાઈનમાં સુંદર પલટો દેખાઈ રહ્યો છે. અહીં ઉપર છે 'ગ્રામવિસ્તાર'ને ચિત્રિત કરતી ત્યાંની નવી ચાર સુંદર રંગીન ટિકિટો (પ્રેષક: રામુભાઈ પટેલ-ખર્મિંગહામ.) ને નીચે છે આંતરરાષ્ટ્રીય ફૂટબોલ હરીફાઈ–'૬૫-'૬૬ નિમિત્તની ટિકિટો.
(પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)



ટાંગાનિકા-ઝાંઝિબારના જોડાણ-'ટાનઝાનિયા'ની બીજી જયંતી નિમિત્તની ચાર ટિકિટોમાંની બે. (પ્રેષક: રમણિકરાય એચ. મનસુખ મહેતા-ઝાંઝિબાર)



PEN FRIENDS

Lists of International Pen-friends and Hobby Clubs.

Rs. 1/65 (India) or Sh. 2/6 d. (foreign). Money order or Crossed postal order.

Those who are seriously interested should send orders to:

N. M. MUNSHI

R No. 3, Gd. Floor, Laxmi sadan, Plot No. 2?, Liberty Gdn. Housing Colony, Malad West, Bombay-64 (India)

સોળમી શિષ્ટ-વાચન પરીક્ષા

વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ તરફથી સોળમી શિષ્ટ-વાચન પરીક્ષા તા. ૨૫ સપ્ટેમ્બર ૧૯૬૬ને રોજ જે તે કેન્દ્રોમાં લેવાશે. પરીક્ષા માટે શ્રી કુમારપાળ દેસાઇ કૃત 'લાલ ગુલાબ' (સ્વ. લાલબહાદુર શાસ્ત્રીનું ટૂંકું જીવનચરિત્ર) નામનું પુસ્તક (કિં. રૂ. ૦-૯૦) રાખેલું છે. પરીક્ષાર્થી દીઠ પ્રવેશ ફી ૨૫ પૈસા છે. ઉત્તીર્ણ થનારને પ્રમાણપત્ર તથા ઉપલા નંબરોને ઈનામ આપવાની પણ યોજના છે. કેન્દ્ર સ્થાપવા તથા વધુ વિગત માટે લખો: વડોદરા વિભાગ પુસ્તકાલય મંડળ, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા-૧



અર્ઘ્યકણી

ભાગ્ય રહેવા ન દીધું હાથમાં રેખા આપી,
લૈ લીધી મંઝિલો એણે મને રસ્તા આપી;
આંખ આપીને મને આંખમાં શંકા આપી,
ધન્ય છે તારી નજર, અંધને શ્રદ્ધા આપી !

(સમર્પણ) 'આદિલ' મનસૂરી

પ્રા. પંચાનન મહેશ્વરી

દુનિયાભરના વનસ્પતિશાસ્ત્રીઓમાં પોતાની વિરલ પ્રતિભા વડે ભારતનું નામ રોશન કરનાર દિલ્હી યુનિવર્સિટીના વનસ્પતિશાસ્ત્ર વિભાગના વડા પ્રો. પંચાનન મહેશ્વરીનું ગઈ તા ૧૮મી મેના રોજ એકાએક અવસાન થતાં ભારતને વિજ્ઞાનના એ ક્ષેત્રમાં એક મોટી ખોટ પડી છે. હજી ગયા વર્ષે જ બ્રિટનની રૉયલ સોસાએટીએ 'આવૃત્ત બીજધારી વનસ્પતિની ગર્ભવિદ્યાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન' કરવા બદલ પોતાના ફેલો નીમીને એમનું બહુમાન કરેલું.


ઈ. ૧૯૦૪ની ૯મી નવેમ્બરે જયપુરમાં એમનો જન્મ. બાળપણ અને શાળાજીવન પણ ત્યાં ગાળી ૧૯૨૧માં તેઓ અલ્લાહાબાદની ઇર્વિંગ કૉલેજમાં દાક્તર થવાની ઇચ્છાથી દાખલ થયા; પણ આંખની નબળાઈને લીધે એમાં પ્રવેશ ન મળતાં એમણે વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ આદર્યો, અને ઇ. ૧૯૩૧માં વિનફીલ્ડ ડજ્જન જેવા વિદ્વાનના માર્ગદર્શન હેઠળ 'કેટલીક આવૃત્ત બીજધારી સપુષ્પ વનસ્પતિઓની આંતરરચના, બાહ્યલક્ષણવિદ્યા અને ગર્ભવિદ્યા' પર મહાનિબંધ લખી તેઓએ ડૉક્ટરેટની પદવી મેળવી. તરત અલ્લાહાબાદ વિશ્વવિદ્યાલયમાં એમને અધ્યાપનકાર્યમાં લઈ લેવામાં આવ્યા. ત્યાંથી પછી તે આગ્રા કૉલેજમાં જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે ગયા.

૧૯૩૬માં એમણે યુરોપીય યુનિવર્સિટીઓની મુલાકાતો લીધી અને ત્યાંથી આવી અલ્લાહાબાદ, લખનૌ ને ૧૯૩૯માં ઢાકા યુનિવર્સિટીમાં જીવવિજ્ઞાનના વડા તરીકે કામ કર્યું. ઈ. ૧૯૪૯ના માર્ચથી દિલ્હી યુનિવર્સિટીમાં આવ્યા ત્યારથી છેક સુધી ત્યાં જ વનસ્પતિશાસ્ત્ર વિભાગના અધ્યક્ષપદે હતા. એમના એ ગુરુપદ તળે વનસ્પતિની ગર્ભવિદ્યાના વિદ્વાનોનું એક મોટું જૂથ તૈયાર થયું. એમના માર્ગદર્શન નીચે કામ કરીને ડૉક્ટરેટ મેળવેલા આજે લગભગ ૫૪ વિદ્યાર્થીઓ છે !



ઈ. ૧૯૫૦માં પૂનામાં યોજાએલી ઈન્ડિયન સાયન્સ કૉંગ્રેસમાં વનસ્પતિવિભાગના તેઓ પ્રમુખ હતા. એ જ વર્ષે સ્ટૉકહોમ (સ્વીડન) માં ભરાએલી તેમજ ૧૯૫૯માં મોન્ટ્રીઅલ (કૅનેડા)માં યોજાએલી ઈન્ટરનૅશનલ બૉટૅનિકલ કૉંગ્રેસમાં તેઓ એક ઉપપ્રમુખ હતા. વળી, ઈન્ડિયન ઍકૅડેમી ઑવ સાયન્સ, ધ નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑવ સાયન્સિઝ (ઈન્ડિયા) અને ધી અમેરિકન ઍકૅડેમી ઑવ આર્ટ્સ ઍન્ડ સાયન્સિઝના તેઓ ફેલો હતા. ઈ.સ. ૧૯૫૯માં ઇન્ડિયન બૉટૅનિકલ સોસાએટીએ એમને બીરબલ સહાની સુવર્ણચન્દ્રક એનાયત કરેલો.

'ઍન ઈન્ટ્રોડક્શન ટુ ધી એમ્બ્રાયૉલૉજી ઑવ એન્જીઓસ્પર્મ્સ' નામે એક વિદ્વત્તાપૂર્ણ



સિંહ રાશિ અને સપ્તર્ષિને ઓળખ્યાં એ દરમિયાન આકાશમાં તારામંડળો ઠીકઠીક ખસી ગયાં છે એટલે આપણે મૂળ માર્ગ પર આવી જઈ ઉપરના નકશા પ્રમાણે ઉત્તરા ફાલ્ગુનીના આધારે નવા તારાઓ ઓળખીએ.

સિંહ રાશિના 'મધા' પછી પૂર્વ તરફ મધ્યાકાશે સહેજ ઉત્તર-દક્ષિણમાં બે તેજસ્વી તારા તુરત ધ્યાન ખેંચે છે. એમાં ઉત્તર તરફનો તારો તે 'સ્વાતિ' (Arcturus) નારંગી રંગનો બહુ પ્રકાશિત તારો છે નરી આંખે મંગળ ગ્રહ પણ લગભગ આવો દેખાય છે એથી સ્વાતિને ક્વચિત મંગળ ગણવાની ભૂલ પણ થઈ બેસે. સ્વાતિનો રંગ પળેપળે બદલાતો હોય એવું લાગે છે. જે મંડળમાં સ્વાતિ છે એ તારામંડળને ભૂતેશ(Bootes)કહે છે. સપ્તર્ષિને હળ કલ્પીએ તો ભૂતેશ એ હળનો ધારનાર – હલધર (બલરામ) કહી શકાય. સૂર્યનો તેજાંક ૧ ગણતાં સ્વાતિનો તેજાંક ૧૦૦ આવે એટલો એ હકીકતે તેજસ્વી છે સૂર્ય કરતાં સ્વાતિનો વ્યાસ ૨૪ ગણો છે અને તે ૩૬ પ્રકાશવર્ષ દૂર છે.

સ્વાતિ જેટલો તેજસ્વી પણ રંગે વધુ ઊજળો દેખાતો દક્ષિણ તરફનો બહુ ચળકતો તારો એ કન્યા રાશિ (Virgo)ના તારામંડળનો મુખ્ય તારો 'ચિત્રા' (Spica) છે. એનું સ્થાન પણ લગભગ સૂર્યના ક્રાન્તિવૃત્ત પર છે. ચિત્રા નક્ષત્ર પણ છે અને સૂર્ય જ્યારે એમાંથી પસાર થતો હોય છે ત્યારે – ભાદરવા આસો માસમાં–બહુ તાપ પડે છે. આપણે એને ઓત્રા-ચિત્રાનો તાપ કહીએ છીએ. (ઓત્રા એ ઉત્તરા ફાલ્ગુની નક્ષત્ર.) ચિત્રા આપણાથી ૨૨૦ પ્રકાશવર્ષ દૂર છે અને એનો તેજાંક છે ૧૪૦૦. કન્યા રાશિના વિસ્તારની પછીતે અનેક તારાવિશ્વો છે જે આપણાથી ત્રણ કરોડ પ્રકાશવર્ષ જેટલી દૂર આવેલી છે.

ગ્રંથ એમણે લખ્યો છે જે ન્યૂ યૉર્કની જગનામી પ્રકાશક મૅક્-ગ્રો હિલ-બુક કંપનીએ પ્રકટ કર્યો છે. આ ઉપરાંત, ગર્ભવિદ્યાનાં અત્યાર સુધીનાં સંશોધનોને આવરી લેતા 'રીસન્ટ ઍડવાન્સિસ ઈન ધી એમ્બ્રાયૉલૉજી ઑવ એન્જીઓસ્પર્મ્સ' નામે એક અન્ય ગ્રંથ પણ એમના માર્ગદર્શન હેઠળ સંપાદિત થયો હતો. ૧૯૫૨ પછી એમણે ૧૩૪ જેટલા સંશોધન લેખો પણ પ્રકટ કરેલા. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા 'ફાયટોમોર્ફૉલૉજી' નામના સંશોધન-સામયિકના તે મુખ્ય તંત્રી હતા. એમના એક પુસ્તકનો રશિયન ભાષામાં પણ અનુવાદ થયો છે. વિજ્ઞાનક્ષેત્રે ભારતીય ભાષામાંથી વિદેશી ભાષામાં કોઈ લખાણ ઊતર્યું હોય એવું બહુ ઓછું બન્યું હશે. પ્રો. મહેશ્વરીના અવસાનથી વનસ્પતિશાસ્ત્રના ક્ષેત્રમાં ખરે જ મોટી ખોટ પડી છે.

'મહાત્મા' તારક

ઈ. ૧૯૬૯ની ૨જી ઑક્ટોબર એ રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મશતાબ્દી હોઈ એને એક મહાપર્વ તરીકે ઊજવવાની જે મોટી તૈયારીઓ અત્યારથી જ વિચારાઇ રહી છે તે અંગે મળતાં અનેક સૂચનોમાં, બાલસંગ્રહાલયોના પ્રતિષ્ઠાતા રાજ્યરત્ન પ્રતાપરાય ગિરધરલાલ મહેતા તરફથી એક એવું સૂચન થયું છે કે આકાશમાં હંસ તારામંડળ (સિગ્નસ)ના યોગતારા હંસપુચ્છ (ડેનેબ)ને ત્યારે ગાંધીજીની સ્મૃતિમાં 'મહાત્મા' નામ આપવું.



સ્વદેશની સંસ્કૃતિના ઘડનારા મહાનુભાવોનાં નામને આમ આકાશના તારાઓ સાથે જોડવાની પ્રથા ખગોળના ક્ષેત્રે મોટાં સંશોધનો કરનારા લગભગ બધા દેશે અપનાવેલી છે. અત્યારે ખગોળના ક્ષેત્રમાં આપણું મૌલિક સંશોધન નહિવત્ છે, પણ પ્રાચીન કાળમાં ઘણા ઋષિમુનિઓ, દેવતાઓ ને વ્યક્તિવિશેષોનાં અનેક નામ આપણે પણ આકાશનાં તારામંડળોમાં મઢ્યાં છે. મહાત્માજીનું નામ એમાં એક યોગ્ય ઉમેરણ બની રહેશે. શ્રી પ્રતાપરાયે 'હંસપુચ્છ' તારાને 'મહાત્મા'નું નામ આપવાની સૂચનાના અનુસંધાનમાં આટલાં કારણો આપ્યાં છે.

૧) ગ્રીક પુરાણમાં એક કથા છે: એક વાર સૂર્યપુત્ર ટેઈટનના એક બાળમિત્ર સિગ્નસે સૂર્યનો રથ હાંકવાની અનધિકૃત ચેષ્ટા કરી, પણ ઘોડાઓ પર એ કાબૂ રાખી શક્યો નહિ અને તેઓ બે-લગામ દોડવા લાગ્યા. રથમાં આડાઅવળો ફંગોળાતો સિગ્નસ એરીડેનસ નદીમાં ગબડી પડ્યો ને ડૂબી ગયો. એના આત્માએ નવું શરીર ધારવા એ નદીમાં ભટકવા માંડ્યું. દેવોએ એને હંસ બનાવ્યો અને તે સદા નદીમાં રહેવા લાગ્યો. આકાશગંગાના પટમાં વિહરતો એ સિગ્નસ તે હંસ તારામંડળ. એ હંસની પૂછડીના સ્થાને ચળકતો તેજસ્વી તારો તે ડેનેબ, (હંસની પૂછડી). આપણે એને 'હંસપુચ્છ' કહીએ છીએ. આપણે માટે તો એ ગ્રીક ભાષામાંથી આવેલું તરજુમિયું નામ ગણાય.

૨) તારાઓને તેમની પ્રત્યક્ષ તેજસ્વિતા પ્રમાણે આંતરરાષ્ટ્રીય ધોરણે છ વર્ગમાં (અને પેટા વર્ગમાં) વહેંચી નાખેલા છે. આમાં નરી આંખે પ્રથમ દૃષ્ટિએ જ જુદા તરી આવે એવા અતિ ઉજ્જ્વળ દેખાતા પહેલા વર્ગના તારાઓ માત્ર વીસ જ છે. અને તેમાં પણ ખૂબ જ પ્રકાશમાન એવા ત્રણ તારામાં અગત્સ્ય (કૅનોપસ) અને બાણરજ (રીગલ) સાથે હંસપુચ્છ (ડેનેબ)ની ગણના થાય છે. ડેનેબનું આ ઉજ્જ્વળ તેજ તો આપણે ૧૫૦૦ પ્રકાશવર્ષ દૂરથી જોઇએ છીએ. શુભ્ર નીલશ્વેત વર્ણના એ ડેનેબનો તેજાંક સૂર્યની સરખામણીમાં દસ હજાર ગણો હોવાનું મનાય છે.

૩) ખગોળ-ગણિત પ્રમાણે દર વર્ષે ૨૮મી જાન્યુઆરીએ ડેનેબ અને સૂર્યની યુતિ (કંજંકશન) થાય છે. સૂર્યની પરિભ્રમણ-કક્ષાથી થોડે દૂર ઉત્તરમાં એનું સ્થાન હોઈ યુતિ પછીનો મોક્ષ (પુનર્દર્શન) આશરે બે દિવસ પછી એટલે કે ૩૦મી જાન્યુઆરીએ, મહાત્માજીની પુણ્યતિથિને દિવસે થાય છે. સાયંતારા તરીકે ડેનેબનો અસ્ત થઇ એ દિવસે તે પ્રભાતતારા તરીકે ઉદય પામે છે. આમ, ગાંધીજીના નિર્વાણદિને જ નવોદિત થતા એ ભારતીય નામરહિત તારાને મહાત્માજીનું નામ આપીએ એ યોગ્ય છે.

૪) હંસ તારામંડળમાં એક બીજો આકાર પણ કલ્પી શકાય છે. અંગ્રેજીમાં એને નૉર્ધર્ન ક્રૉસ કહે છે. ઇસુખ્રિસ્તના વધસ્તંભ-ક્રૉસનો એ આકાર બલિદાન અને વિશ્વભાતૃત્વનું પ્રતીક છે. ગાંધીજીનું જીવન અને એમનું બલિદાન ખયાલમાં લઈને આ ક્રૉસના શિરે ચળકતા તારાને એમના નામે ઓળખીએ તો એ રીતે પણ એ યોગ્ય જ ગણાશે.


૫) ડેનેબની બીજી પણ એક વિશિષ્ટતા છે. પૃથ્વીની ધરી ભમરડાની પેઠે ડોલનચાક લે છે, એટલે કે તે સહેજ ત્રાંસી ફરે છે. આથી આજે તે ધ્રુવમત્સ્યના એક તારા-પોલારિસ (ધ્રુવતારા) તરફ મંડાએલી છે, તે એક કાળે કાલીય (ડ્રૅકો) તારામંડળના ધ્રુબન (આલ્ફા ડ્રૅકોરિસ) તારા તરફ મંડાએલી હતી. આ રીતે આજનો ધ્રુવતારો પણ અધ્રુવ છે. ઈ. સ. ૪૫૦૦માં વૃષપર્વા (સીફિયસ)ના ગામા, ઈ. ૬૦૦૦માં બીટા અને ઇ. ૭૫૦૦માં આલ્ફા તરફ પૃથ્વીની ધરી મંડાતાં એ કાળે એ આપણા ધ્રુવતારા બનશે. ઈ. ૧૦,૦૦૦ની આસપાસમાં ડેનેબ આપણો ધ્રુવતારો થશે. એ પછી ૧૩,૫૦૦માં અભિજિત (વેગા), ૨૩૦૦માં કાલીયનો ધ્રુબન અને ૨૮,૦૦૦માં પુનઃ આજનો પોલારિસ ધ્રુવતારાને સ્થાને આવશે. આ સર્વ ધ્રુવતારાઓમાં અભિજિત અને ડેનેબ જ સૌથી વધુ પ્રકાશમાન છે.

૬) હંસ-તારામંડળની બીજી યે વિશેષતાઓ છે. આપણા તારાવિશ્વમાં આપણો સૌર પરિવાર એક સેકંડના બાર માઈલના વેગે શૌરી (હર્ક્યુલિસ) તારામંડળ તરફ ધસી રહ્યો છે. આકાશગંગાના પોતાના ભ્રમણને કારણે એનો વળાંક હંસ પ્રતિ છે. બીજું, આપણા તારાવિશ્વથી અલગ બીજાં પણ ઘણાં તારાવિશ્વો છે, જે અત્યારના સારામાં સારા દૂરબીનથી પણ જોઈ શકાતાં નથી, પરંતુ રેડિયો-દૂરબીન વડે તેમના અસ્તિત્વનો સ્વીકાર તો થાય છે જ. આ હંસ-તારામંડળના વિસ્તારની પછી તો એવાં કેટલાંક તારાવિશ્વો જણાયાં છે જે ૨૦,૦૦,૦૦૦—વીસ લાખ પ્રકાશવર્ષ દૂર હોવાનું મનાય છે.

૭) આમ, હંસ-તારામંડળનું અને એના યોગતારા ડેનેબનું આકાશમાં એક મહત્ત્વનું ને વિશિષ્ટ સ્થાન છે. ખગોળના પ્રખર જ્ઞાતા લોકમાન્ય ટિળકે કહ્યું છે કે 'દેવોના આત્મા સ્વર્ગમાં પ્રકાશે છે અને તે તારાઓ છે.' ધ્રુવ અગત્સ્ય કે વસિષ્ઠની પેઠે આપણાં અંતરને અજવાળનાર ગાંધીજીને પણ આપણે આકાશના એ તારાઓ વચ્ચે સ્થાન આપીએ તો કંઈ અયોગ્ય નહિ જ ગણાય. આપણી સંસ્કૃતિની આ પણ એક યુગોજૂની પ્રણાલિ છે અને આ આપણી નિજી બાબત હોઈ એમાં આંતરરાષ્ટ્રીય સમજૂતીની જરૂર પણ જણાતી નથી.



અંગ્રેજ સૈનિકને ફાડી ખાતા વાઘનું આ રમકડું ટીપુ સુલતાને ખાસ બનાવડાવેલું. એને ચાવી આપતાં, નીચે પડેલા સૈનિકની ગભરાટની ચીસો તથા વાઘના ઘુરકાટ જેવા અવાજ એમાંથી નીકળે છે. (ટીપુ દક્ષિણનો વાઘ ગણાતો અને અંગ્રેજોનો કટ્ટર વિરોધી હતો એ તો સૌ જાણે છે.) ઇ. ૧૭૯૯માં શ્રીરંગપટ્ટમના યુદ્ધમાં અંગ્રેજોએ આ રમકડું હાથ કરેલું અને આજે તે લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમમાં છે.



સફેદ વાઘણ 'લક્ષ્મી': રીવાના મહારાજા પાસેથી ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતે મુંબાઇના પ્રાણી સંગ્રહાલયે ખરીદેલી દોઢ વર્ષની આ વાઘણ સફેદ છે તેના પર આછા મેલા બદામી પટ્ટા છે અને આંખો નીલવર્ણી છે. દુનિયાભરમાં શ્વેત વાઘ બહુ દુષ્પ્રાપ્ય છે. ભારતમાં એ મધ્યપ્રદેશ, બિહાર, ઓરિસ્સા ને આસામમાં હોવાનું મનાય છે. હાલ વૉશિંગ્ટન, બ્રિસ્ટલ, દિલ્હી અને કલકત્તા તથા હવે મુંબાઇના પ્રાણીબાગમાં આ વેળા બધા સફેદ વાઘ રીવાના મહારાજા પાસેથી જ મેળવાએલા છે.

બુદ્ધિચાતુર્યવાળો કોયડો

સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્ય સ્થાપક સહજાનંદ સ્વામીને બ્રહ્માનંદ સ્વામી નામના શિષ્ય હતા. એમનું બુદ્ધિચાતુર્ય અનુપમ હતું ને શીઘ્ર કવિ તરીકે તે વિખ્યાત હતા. એ વખતે લાધા ઠક્કર અને હરજી ઠક્કર નામના બે ભાઇઓ કોડીથી લાખનાં અને લાખથી કોડી સુધીનાં લેખાં લખ્યા વગર મોઢેથી ગણી આપતા. પોતાની એ કુશાગ્ર બુદ્ધિનું તેમને અભિમાન હતું. એ ગણિતશાસ્ત્રીઓના ગર્વને ગાળવા બ્રહ્માનંદ સ્વામીએ બુદ્ધિચાતુર્યથી એક ગૂઢાર્થ કાવ્યની રચના કરી. તેમાં એ સમર્થ ભાઇઓનું બુદ્ધિતેજ પણ ઝાંખું પડી ગયું. એ અગમ્ય કોયડો આપણી બુદ્ધિને પણ સતેજ કરે છે. 'બ્રહ્મસંહિતા'માંથી તે અહીં ઉતાર્યો છે:

(દોહો)

અઠાવીસ એક નાવમેં, બિલનદાન હબસાન,
બાર ગુરાબ બુડન લગે તબ કિન બુદ્ધ સુજાન.
ફિરત બિઠાવત નાવમેં, કરત હી બાત બિચાર,
નવ ગિનાકે ઈક નાવસેં, દીજે સમુદ્રમેં ડાર.


(સવૈયા)

એક શામ[1] સદા દોઉ લાલ[2] મુદા, તીન કાળ[3] સ્વરૂપ સદા ચિત્તઆનો,
ઉજ્જલ[1] એક ઉભય હી શામરૂ[2], દ્વૈત હી શ્વેત[2] હી હોત ભુલાનો;
એક હી શામરૂ[1] ચાર હી ઉજ્જ્વલ[4] ચાર વિકાલ[4] હી એક ધુલાનો[1],
દોનુ હી શામરૂ[2] લાલ[3] તીહુ ગીત, એક હી શામરૂ[1] એક ઉજનો[1].

ભાવાર્થ: સમુદ્રમાં ચાલ્યું જતું વહાણ ડૂબવા લાગ્યું. નાવિક કહે કે આમાં બેઠેલા ૨૮ માણસોમાંથી અરધા માણસો અર્થાત્ ૧૪ માણસો ઓછા થાય તો વહાણ ડૂબતું બચી જાય અને બાકીના માણસો સામે કિનારે પહોંચી શકે. એ સાંભળીને ૧૪ કાળાઓએ (હબસીઓએ) ૧૪ ગોરાઓને દરિયામાં નાખી દેવા બળનો ઉપયોગ કરવા માંડ્યો. પણ એક ગોરાએ યુક્તિ કરીને બુદ્ધિપૂર્વક કહ્યું: 'હું તમ સૌને એક ગોળ કુંડાળું કરીને બેસાડું, પછી ગણતાંગણતાં ૯મો નંબર જેનો આવે તેને દરિયામાં નાખવો. જેથી બળનો ઉપયોગ કરવાની જરૂર નહિ રહે.' એની વાત સૌએ કબૂલ કરી, એટલે પેલા ગોરા માણસે પોતાની રચના મુજબ સૌને બેસાડવા માંડ્યા: ૧ પહેલો (હબસી) કાળો, ૨ ગોરા, ૩ કાળા, ૧ ધોળો, ૨ કાળા, ૨ ધોળા, ૧ કાળો, ૪ ધોળા, ૪ કાળા, ૧ ધોળો, ૨ કાળા, ૩ ધોળા, ૧ કાળો, ૧ ધોળો, એમ ગોળાકાર કુંડાળામાં ૨૮ કાળા-ગોરા માણસોને બેસાડી દીધા. પછી પ્રથમ બેઠેલા કાળા માનવી ઉપરથી ગણતરી કરતાં ૯મા નંબરે એક કાળો માણસ આવ્યો તેને દરિયામાં નાખ્યો; પછી ૧૦મા નંબરથી ગણતાં ૯ નંબરે કાળો માણસ આવ્યો તેને દરિયામાં નાખ્યો... એવી રીતે ૧૪ વખત ગણતાં દરેક વખતે કાળા માનવી જ ૯મા નંબરે આવ્યા અને સૌને દરિયામાં નાખ્યા! આમ ગોરાએ પોતાના બુદ્ધિબળથી દેશબંધુઓને બચાવી લીધા. આ કોયડો વધુ સરળ કરવા માટે કાવ્ય પ્રમાણે ૧૪ કાળા ને ૧૪ ધોળા કાંકરા લઇને ગોળાકારમાં ગોઠવો. ૯મા નંબરે આવતા અનુક્રમે કાળા કાંકરા વીણાઈ જશે. —ગુણવંત દાણી

ટપાલ દ્વારા
સરળ ગુજરાતીમાં રેડિયો રીપેરિંગ તેમજ બનાવવાનું શિક્ષણ મેળવો
વધુ માહિતી માટે આજે જ લખો
રેડિયો ટેલીવિઝન (રે. ટે. સા.) ઈન્સ્ટીટ્યૂટ
મોડલ સિનેમા સામે • ગાંધી રોડ
અમદાવાદ-૧

કથા એવી છે કે તક્ષશિલામાં રહેતા અશોકના અત્યંત સ્વરૂપવાન પુત્ર કુણાલે પોતાની અપર માતા તિષ્યરક્ષિતાની પ્રેમયાચનાની અવગણના કરવાથી, અશોકે પોતાના એક વચનપાલન અર્થે તેણીને સાત દિવસનો રાજવહીવટ સોંપ્યો ત્યારે એ દ્વેષીલી રાણીએ તક્ષશિલાના અધિકારીને કુણાલની આંખો ફોડી નાખવાનો આજ્ઞાપત્ર મોકલ્યો. આવા ક્રૂર આજ્ઞાપત્ર વિષે સંદેહધારી લોકો જ્યારે સજાનો અમલ કરતાં ખચકાયા ત્યારે મહારાજા અશોકની મુદ્રાવાળા આજ્ઞાપત્રની અવગણના ન થવા દેવા માટે કુણાલે સ્વેચ્છાએ પોતાની આંખો ફોડી નાખી ને પછી પોતાની પત્ની કાંચનમાલા સાથે એકમાત્ર વાંસળી લઇને દેશવટે નીકળી પડ્યો. વાંસળી વગાડતો ફરતો તે પાટલીપુત્રમાં આવ્યો. ત્યાં તેની વાંસળીના સૂર પરથી અશોકે તેને પિછાની લીધો ત્યારે તેને હકીકતની જાણ થઈ. આથી ક્રોધાવિષ્ટ અશોકે રાણીને એક કુટિરમાં પૂરી જીવતી સળગાવી દેવાની આજ્ઞા કરી પણ એમ થઈ શક્યું નહિ. કથા કહે છે કે અણે એવી ઈચ્છા પ્રદર્શિત કરી કે મારો પ્રેમ મારી પત્ની તથા પુત્ર પર જ્યારે એકસરખો નિષ્પક્ષ થશે ત્યારે કુણાલને પૂર્વવત્ દૃષ્ટિ પ્રાપ્ત થશે. અને આ ઉદ્ગાર નીકળતાં વેંત કુણાલ દેખતો થયો. સાથેના ચિત્રમાં ભટકતો કુણાલ પાટલીપુત્રની હસ્તીશાળાને આશ્રયે ઊભેલો દર્શાવ્યો છે. એના નેત્રવિહીન વદન પર કંઇકંઈ ભાવ ઘેરાતા છતાં અસાધારણ સંયમથી પોતાના સંતાપ શમાવી તે કરુણ શાંતિ ધરતો દેખાય છે. દીપમાળોથી ઝળહળી રહેલી પોતાની જ પાટનગરીમાં તેની આ દશા! ચિત્રકારે એ પ્રસંગનું પ્રાયશ્ચિત્ત કરાવવા જગતના માનવોને આ ચિત્ર આપ્યું લાગે છે!



કુણાલ

ચિત્રકાર · નંદલાલ વસુ
(સર ચિનુભાઈના કલાસંગ્રહમાંથી)



સતીના શબ પર શોકાન્વિત શિવ



ઉમાનું તપ (બંને ચિત્રો : નંદલાલ વસુ)

આ અંકમાં અન્યત્ર આપેલા 'સતી'ના ચિત્ર નીચેની કથાના અનુસંધાનમાં : સતીના આત્મત્યાગની જાણ થતાં શિવે વીરભદ્રને ઉત્પન્ન કરી પોતાના ગણના સૈન્ય વડે દક્ષનો અને યજ્ઞનો નાશ કર્યો. (એ પ્રસંગે સતીના શબ પર શોકાન્વિત શિવનું ચિત્ર ડાબી બાજુ). તે પછી સતી હિમાલયની પુત્રી ઉમા તરીકે જન્મી અને હૈમાવતી કે પાર્વતી (પર્વતની પુત્રી) પણ કહેવાઇ. શૈશવથી જ તેણે શિવની સેવા-ઉપાસના આરંભેલી પણ શિવ પ્રસન્ન થયા નહિ. આથી નિરાશ થઈ ઉમાએ સર્વ આભૂષણોનો ત્યાગ કરી, વલ્કલ ધારણ કરી, ખુલ્લા કેશે અતિ દૂરના એકાંત સ્થળે જઇ શિવપ્રાપ્તિ માટે આકરી તપશ્ચર્યા આરંભી (જમણી બાજુનું ચિત્ર). ત્યાં એકદા એક યુવાન બ્રાહ્મણે આવીને, શિવ જેવા સ્મશાનમાં વસનારા, શરીરે રાખ ચોળી બળદ પર બેસનારા, ગળામાં સર્પ જેવી ભયંકર માળા ધારણ કરનારા વેરાગી પાછળ આવાં અદ્ભુત સૌંદર્ય અને યૌવનને વેડફી નાખવાની મૂર્ખાઈ ન કરવા પાર્વતીને બહુબહુ સમજાવી, પણ તેણે તો એથી રોષે ભરાઈ શિવના દૈવી ગુણરાશિનો અદ્ભુત બચાવ કર્યો. પેલો બ્રાહ્મણ, જે શિવ પોતે જ હતા, તેણે પ્રકટ થઈ પાર્વતીનો સ્વીકાર કર્યો.

આ માસ (જૂન) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્ય. વિશેષ : લક્ષ્મણરાવ કિર્લોસ્કર

ખેતીને લગતાં નાનાંમોટાં યાંત્રિક સાધનોના એક અગ્રગણ્ય ઉત્પાદક તરીકેની નામના પામનાર 'કિર્લોસ્કર' કારખાનાંઓના સ્થાપક



લક્ષ્મણરાવ કાશીનાથ કિર્લોસ્કરનો જન્મ મહારાષ્ટ્રના બેળગાંવ જિલ્લાના ગુર્લહોસૂર ગામે ઈ. ૧૮૬૯ની ૨૦મી જૂને એક મધ્યમ સ્થિતિના કુટુંબમાં થયો હતો. શાળાની ઘરેડિયા કેળવણીમાં એમનું ચિત્ત ચોંટતું નહિ એટલે યંત્રવિષયક રેખાંકનનું શિક્ષણ લેવા પંદર વર્ષની વયે તેઓ મુંબાઈમાં જે. જે. સ્કૂલ ઑાવ આર્ટમાં જોડાયા, પણ આંખોની નબળાઇને કારણે એમનાથી ચિત્રકામ થઈ શકતું નહિ. એવામાં એમને યંત્રોત્પાદનમાં રસ જાગ્યો. દરમિયાન નવા જ શરૂ થએલા 'વિક્ટોરિયા જ્યુબિલી ટેક્નિકલ ઈન્સ્ટીટ્યૂટ' માં મિકૅનિકલ ડ્રૉઇંગ માસ્તર તરીકે તેઓ જોડાયા ને સાથોસાથ નાનીનાની યંત્રસામગ્રી પણ બનાવવા માંડી. એમનો આ રસ જોઈ ઈન્સ્ટીટ્યૂટના અધિકારીઓએ એમને સ્ટીમ-એન્જિનનો વિષય શીખવવાનું સોંપ્યું, પણ એમાં પોતાને અન્યાય થાય છે એમ ગણી ત્યાંથી છૂટા થયા. હવે એમણે પરદેશથી યંત્રો મંગાવવાનું, તથા સાઈકલ વેચવાનું ને તે ચલાવતા શીખવવાનું કામ આદર્યું.

મુંબાઈમાં મરકી આવી ત્યારે તેઓ બેળગાંવ ચાલ્યા ગયા ને ત્યાં ખેતીનાં ઓજારો બનાવવાનું કારખાનું કર્યું તથા સાઇકલની દુકાન ચલાવી. દરમિયાન ઔંધના રાજા શ્રીમંત બાળાસાહેબે એમને ઔંધનું લોકસભાગૃહ બાંધવાનું કામ સોંપ્યું. આ કામનો તો મુદ્દલ અનુભવ નહોતો છતાં એમણે એ કાર્ય કુશળતાથી પાર પાડ્યું ને એમાંથી થએલી કમાણીમાંથી ઠળકવાડીમાં લોઢાનાં હળ બનાવવા માંડ્યાં. પણ ખેડૂતોએ એમાં બહુ રસ લીધો નહિ. બીજી બાજુ બેળગાંવમાં મ્યુનિસિપાલિટીએ એમના કારખાનાને શહેર બહાર લઈ જવાની નોટિસ આપી. આ વખતે શ્રીમંત બાળાસાહેબે જમીન ને રૂપિયા આપી એમને અમૂલ્ય સહાય કરી.

પછી તો એક જ દસકામાં એમણે જે પ્રગતિ સાધી તેના પરિણામે ઈ. ૧૯૨૦માં કિર્લોસ્કરવાડીના એ કારખાનાએ લિમિટેડ કંપનીનું સ્વરૂપ લીધું અને લોઢાનાં હળ, ચિચોડા, પંપ વગેરે ખેતીનાં સુધારાવાળાં અદ્યતન સાધનો અને યંત્રોનું મબલખ ઉત્પાદન કરવા માંડ્યું. સાથોસાથ ઘરગથ્થુ સજાવટનો પોલાદી સામાન, ઍાસ્પિટલોનું રાચ અને નાનાવિધ યંત્રો, ઍંજિનો, વીજળીની મોટરો વગેરે પણ બનાવવા માંડ્યાં.

કિર્લોસ્કરના માલની આ વ્યાપકતા ઉત્તરોત્તર વધતી ચાલી. ૧૯૪૧માં હરિહરમાં 'મ્હૈસૂર કિર્લોસ્કર લિમિટેડ' નામે નવું કારખાનું ઊભું કર્યું. '૪૬માં પૂનામાં 'કિર્લોસ્કર ઑઇલ એજન્સી લિમિટેડ' અને બૅંગલોરમાં 'કિર્લોસ્કર ઈલેક્ટ્રિક કંપની લિમિ૦'ની સ્થાપના પણ થઈ. 'લકાકી વર્કસ લિમિ૦' નામે રંગ અને એનૅમલનું એક કારખાનું પણ લોણાવલામાં ખોલ્યું. ખેતીમાં એમને પ્રથમથી ઊંડો રસ હતો એટલે તુંગભદ્રાના કિનારાથી માંડીને મૂળામૂઠાના કાંઠા સુધી તેમણે તન્મયતાપૂર્વક ખેતીના વિવિધ પ્રત્યક્ષ પ્રયોગ કરાવ્યા હતા.

ઉદ્યોગ સાથે ઈ. ૧૯૨૦માં શરૂ કરેલું કારખાનાનું મુખપત્ર 'કિર્લોસ્કર' પણ ખીલતું ફાલતું જઇ આજે મહારાષ્ટ્રીય ભાષાનું એક અગ્રણી માસિક બની રહ્યું છે. એના પરથી બૌદ્ધિક અને સાહિત્યિક વિકાસની એમની અભિલાષાનો ખયાલ પણ આવી શકે છે. વળી, અસ્પૃશ્યતાનિવારણ, સ્ત્રીઉન્નતિ વગેરે જેવી સામાજિક-નાગરિક પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય રસ લેતા. હમેશાં ખાદી પહેરતા અને તદ્દન નિર્વ્યસની રહી શિસ્તબદ્ધ જીવન જીવતા હતા. ઈ. ૧૯૫૬ની ૨૬મી સપ્ટેમ્બરે એમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૨ રાણી ઇલિઝાબેથ બીજાના રાજ્યાભિષેક પ્રસંગે એવરેસ્ટ સર થયાની જાહેરાત, ૧૯૫૩.
તા. ૬ દક્ષિણધ્રુવની શોધસફરમાં કરુણ અંજામ પામનાર રૉબર્ટ ફાલ્કન સ્કૉટનો જન્મ, ૧૮૬૭.
તા. ૭ નૉર્વે અને સ્વીડનના રાષ્ટ્રીય એકીકરણની જાહેરાત, ૧૯૦૫.
તા. ૧૬ સુપ્રસિદ્ધ દેશભક્ત દેશબંધુ ચિત્તરંજન દાસનું અવસાન, ૧૯૨૫.
તા. ૧૯ ભારતમાં સર્વપ્રથમ ઇન્ફ્લુએન્ઝાની બીમારીના પ્રકોપનો મુંબાઈમાં આરંભ, ૧૯૧૮.
તા. ૨૩ પલાસીના યુદ્ધમાં રૉબર્ટ ક્લાઈવ સામે નવાબ સિરાજુદ્દૌલાની હાર, ૧૭૫૭.
તા. ૨૪ માત્ર અગિયાર જ દિવસના યુદ્ધમાં ફ્રાન્સ હિટલરને શરણે ગયું, ૧૯૪૦.

પ્રસંગવિશેષ : બેન્જામિન ફ્રૅંકલિનનો પતંગનો પ્રયોગ : ૧૫મી જૂન ૧૭૫૨

બેન્જામિન ફ્રૅંકલિન એક સફળ મુદ્રક, લેખક ને વિચારક હતા. અમેરિકન પ્રજાસત્તાકના એક ઘડવૈયા તરીકે પણ એમણે ઉમદા સેવા આપેલી. પોતાના ધમાલિયા જીવનમાં પણ તેઓ વિજ્ઞાન માટે સમય મેળવી લેતા. 'લીડન જાર'માં થતા વિદ્યુતના તણખા એમને આકાશી વીજળીના



જ નાના સ્વરૂપ સમા લાગ્યા. પોતાના આ ખયાલને ચકાસવા એમણે એક જોખમભર્યો પ્રયોગ વિચાર્યો ને એ માટે રેશમનો એક પતંગ બનાવી યોગ્ય પળની રાહ જોવા લાગ્યા. ઈ. ૧૭૫૨ની એ સાલ. ૧૫મી જૂને ફિલાડેલ્ફિયા પર આકાશમાં વીજળી ઝબકવા લાગી. ફ્રૅંકલિનની પળ આવી ગઈ. પુત્ર વિલિયમને બોલાવી તેઓ ખુલ્લામાં પહોંચી ગયા ને પેલા પતંગને વાદળોમાં ચગાવ્યો. એના દોરના પોતાની તરફના છેડા નજીક ફ્રૅંકલિને એક ચાવી બાંધી. વીજળીના એક લાંબા ઝબકારા પછી એમણે પેલી ચાવીને પોતાની આંગળી અડાડતાં જ વીજળીનો એક સખત ઝટકો એમને લાગ્યો. એમનો ખયાલ ખરો ઠર્યો. આકાશી વીજળી અને જમીન પર પેદા કરાતી વીજળી સરખી જ હતી. એમણે તારવ્યું કે વીજભાર ધનમાંથી ઋણ તરફ પસાર થાય છે. આના પરથી આકાશી વીજળી તૂટી પડે ત્યારે એને સીધી જ જમીનમાં ઉતારી દેવા મકાનોની ટોચથી જમીનની અંદર સુધી ધાતુનો એક સળિયો રાખવાની શોધ કરી એમણે વીજળી સામે મકાનોને સલામત બનાવ્યા.

(વીજળીની શોધની રસિક લાંબી કથા માટે જુઓ કુમાર કાર્યાલય પ્રકાશિત 'વીજળીની કથા.')

દયા ધર્મ હૃદયે વસે, બોલે અમૃત વેણ;
તેને ઊંચો જાણીએ, જેનાં નીચાં નેણ.
—મલુકદાસ

પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી શ્રી ચિંતામણરાવ દેશમુખ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના અધ્યક્ષ થયા ત્યારે એ જગ્યાનો ભારે પગાર લેવાને બદલે એમણે માત્ર માસિક ૧ રૂ. લેવાની ઇચ્છા વ્યક્ત કરી. એ જોઈ એમના કેટલાક સાથીઓએ આશ્ચર્ય દર્શાવ્યું. એથી તેઓએ હસતાં હસતાં કહ્યુ: 'પગાર એક રૂપિયો લઈશ, પણ કામ તો સોળ આની કરીશ!'


કહેવતોના અર્થ: દાંતને ન બતાવીએ સળી, અને...ને ન બતાવીએ ફળી: સળી વડે એકાદ વાર પણ દાંત ખોતરો કે લાગલું એમાં પોલાણ થવા માંડે છે, ને પછી ખોતર્યા વિના ચાલે જ નહિ એવો વળગાટ થાય છે; એ જ રીતે અમુક જાતના માણસો(જેમનું નામ ટપકાંની જગ્યાએ મુકાય છે)ને કદી પોતાનું ફળી (ઘરની વાત તો બાજુએ રહી પણ ફળિયું) સુદ્ધાં ન બતાવવું; નહિતર એ પેધો પડીને નુકસાન કરી બેસે, એવો આમાં અનુભવબોધ છે.

ગણિતગમ્મત

કોઈ પણ ત્રણ ક્રમિક એકી અથવા બેકી સંખ્યાના પહેલા અને ત્રીજા આંકડાનો ગુણાકાર કરી ૪ ઉમેરવાથી તે પૂર્ણ વર્ગ બને છે, અને તેનું વર્ગમૂળ એ ત્રણ પૈકી વચલી સંખ્યા જેટલું હોય છે.

દા. ત.: ૨, ૪, ૬, એમાં ૨×૬=૧૨+૪=૧૬, તેનું વર્ગમૂળ ૪, તે ૨ અને ૬ની વચ્ચેની સંખ્યા. બીજો દાખલો: ૧૧, ૧૩, ૧૫. એમાં ૧૧×૧૫=૧૬૫+૪=૧૬૯નું વર્ગમૂળ ૧૩, તે ૧૧ ને ૧૫ની વચ્ચેની સંખ્યા.—હ. સુ. શાહ

પૃથ્વીની સપાટી એક ચોરસ માઈલના વિસ્તારમાં આઠ ઇંચ જેટલી કમાન કરે છે.



કસોટી

નીચે આપેલા પ્રશ્નો વાંચી જઇને આ ઉપરના ચાર પદાર્થો પર ધ્યાન આપો. એ ચારે વસ્તુઓ જાણીતી છે, છતાં તે વિષેના ખરા જવાબો આપવામાં તમારી બુદ્ધિની જરા કસોટી થશે. (૧) કયા પદાર્થમાં સ્થિરતાની જરૂર છે? (૨) સૌથી વધારે જોર ક્યા પદાર્થના વપરાશમાં જોઇએ? (૩) કયી વસ્તુ ખાસ એક જ પદાર્થમાંથી બનાવી શકાય? (૪) કયા પદાર્થમાં સંગ્રહશક્તિ જોડાએલી છે? (૫) ખોટી રીતે ઉપયોગ કરતાં જલદી બગડી જાય એવી આમાં કઈ ચીજ છે? (૬) જરૂર પ્રમાણે લાગુ કરી શકાય એવું શું છે? (૭) પોતાના આકારથી જ ગમે ત્યાં બેસતું થઈ જાય તેવું શું છે? (૮) ગમે એટલું ખોખરું બની જવા છતાં છેવટ સુધી કંઇ ને કંઈ કામ આપે તેવું શું છે?

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

બા=માતા; અમુક વર્ગમાં બહેન તથા મોટી નણંદ માટે, ગરાસિયામાં દીકરી માટે, અરબોમાં કોઈ પણ પુરુષ માટે, અને સામાન્યતઃ આદરણીય વડીલ સ્ત્રી માટે કે તેવા સગપણ સાથે વપરાતો માનવાચક શબ્દ; સિંધીમાં પિતા, દાદા; વાવણી; સંધિવા.

જો કોઈ વ્યક્તિ મને એક વાર દગો દે તો 'એણે' શરમાવા જેવું છે; પણ જો કોઇ મને બે વાર દગો દે તો એ 'મારે' શરમાવા જેવું છે.

આપણે!


દુનિયાભરમાં રૂ પેદા કરનાર દેશોમાં ભારત યુ. સ્ટે. અમેરિકા પછી કદમાં બીજે નંબરે છે. વધુમાં વધુ એકર જમીનમાં તે રૂનો પાક ઉગાડે છે, છતાં તેનું ઉત્પાદન ઓછામાં ઓછું છે. વળી પેદા થતા રૂનો માત્ર દસ જ ટકા ભાગ લાંબા તારની જાતનો થાય છે, આથી દેશને પોતાની જરૂરત માટે તો બહારની આયાત ઉપર જ આધાર રાખવો પડે છે.

નળના સાંધા પૂરવા માટે બેલતેલ અને સીમેન્ટનું મિશ્રણ કરી જોજો.


લશ્કરમાં ખાખી પોશાક હિંદમાં ૧૮૬૪ માં વિલિયમ હૉડસન નામના ઈસ્ટ ઇન્ડિયા કંપનીના એક અધિકારીએ દાખલ કર્યો.

'તમારા પતિને પૂરેપૂરા આરામની જરૂર છે. હું આ ઊંઘવાની ગોળીઓ આપું છું...' ડૉકટરે વાક્ય પૂરું કર્યું નહોતું ત્યાં તો 'ક્યા વખતે આપવાની એમને?' પત્નીએ પૂછ્યું.

'એમને આપવાની જરૂર નથી. તમે પોતે જ ખાજો ને.' ડૉકટરે કહ્યું.



આજના 'સ્વતંત્ર' રાજકીય પક્ષના મંત્રી શ્રી મીનુ (મીનોચહેર) મસાણીએ લખેલા 'અવર ઇંડિયા' નામના પુસ્તકમાં આજથી પચ્ચીસ વર્ષ પર ભારતના નાગરિકોના વ્યવસાય દર્શાવતું આ ઉપરનું ચિત્ર આવેલું. તે અનુસાર હિંદના દર દસ માણસે સાત જણ ખેતી પર નભે છે, આઠમો (એક જણ) કારખાનામાં કે હલકી નોકરીમાં છે, નવમો કારકુન કે માસ્તર છે, જ્યારે દસમો એક વકીલ, ડૉકટર કે જમીનદાર જેવા ઊંચા સ્થાને છે. સેંકડે નેવું જણ ગામડાંમાં વસે છે. આ સ્થિતિમાં આજે બહુ ફેર પડયો હશે?



કલાકણિકા: સ્ટૉકહોમનો ઈ. ૧૫૦૦ ની સાલનો 'બ્રોચ' તથા (ડાબી બાજુ) ત્યારનું કુહાડીનું સુશોભિત ફળું.

















ભારતના રાજ્ય-બંધારણની કલાત્મક પ્રતનાં થોડાં વધુ સુશોભનો : મથાળેથી (૧) એક સમૃદ્ધ શોભન કિનારના ચાર ખૂણાના ચાર મુદ્રા—નંદી, અશ્વ, સિંહ અને હાથી—અજંટા તથા અન્ય શૈલીની પરંપરાએ; (૨) ભારત અને બૃહદભારતમાં અશોક દ્વારા બૌદ્ધ ધર્મનો પ્રચાર; (૩) કોમી આગથી ભસ્મીભૂત થએલા નોઆખલીમાં ગાંધીજીની શાંતિયાત્રા; (૪) મહાવીરની તપસ્યા : પ્રાચીન ગુજરાતી ચિત્રશૈલીએ; છેલ્લે : નાલંદાની બૌદ્ધ વિદ્યાપીઠની મુદ્રા.